Tuesday, 28 April 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ટોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૧૧૪ ● સંવત-૨૦૮૨ વૈશાખ સુદ બારસ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD



સમગ્ર ભારતમાં ગૌહત્યા પર પ્રતિબંધ મૂકવા અને ગૌ માતાને રાષ્ટ્રીય સન્માન આપવા દમણમાં યોજાયેલી વિશાળ રેલી

દમણ જિલ્લામાં સમગ્ર હિન્દુ સમુદાયની હસ્તાક્ષરવાળી ૨૨,૫૦૦ અરજીઓ મહામહિમ રાષ્ટ્રપતિ, વડા પ્રધાનશ્રી અને સંઘપ્રદેશના પ્રશાસકશ્રીને કરી સુપ્રત

આશરે ૧,૦૦૦ મહિલાઓ, સંતો અને ગૌભક્તોએ મોટી દમણ ફૂટબોલ ગ્રાઉન્ડ ખાતે હનુમાન ચાલીસાનું પઠન કરી ૨૨,૫૦૦ સહીવાળી અરજીઓ પવિત્ર લાલ કપડાં પર લઈને, માથા પર રાખીને મોટી દમણ ફૂટબોલ ગ્રાઉન્ડથી મામલતદારની કચેરી સુધી કૂચ કરી, ભજન ગાતા દમણના બીડીઓ મિહિર જોષીને સુપ્રત કરેલી અરજી

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૨૭

સમગ્ર ભારતમાં ગાય માતાને રાષ્ટ્રીય સન્માન આપવા, સમગ્ર ભારતમાં ગૌહત્યા પર પ્રતિબંધ મૂકવા, ગૌસેવા માટે કેન્દ્રીય કાયદો ઘડવા અને ગૌચર બોર્ડની સ્થાપના કરવા માટે સરકારને વિનંતી કરવા માટે સંતો અને ગૌરક્ષકો દ્વારા સહી ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે, જેથી સમગ્ર ભારતમાં ગાય માતાનું રક્ષણ અને સંવર્ધન સુનિશ્ચિત થાય.

આ ઝુંબેશના ભાગ રૂપે, કેન્દ્ર શાસિત દાદરા નગર હવેલી અને દમણ-દીવના દમણ જિલ્લામાં પણ સમગ્ર હિન્દુ સમુદાયે ૨૨,૫૦૦ અરજીઓ પર હસ્તાક્ષર એકત્રિત કર્યા છે અને તેમને વડા પ્રધાનશ્રી, મહામહિમ રાષ્ટ્રપતિ અને દમણના પ્રશાસકશ્રીને મોકલી આપ્યા છે.

આજે સવારે ૧૦:૦૦ વાગ્યે, આશરે ૧,૦૦૦ મહિલાઓ, સંતો અને ગૌભક્તોએ મોટી દમણ ફૂટબોલ ગ્રાઉન્ડ ખાતે હનુમાન ચાલીસાના પાઠનું આયોજન કર્યું હતું. ત્યારબાદ, તેઓએ ૨૨,૫૦૦ અરજી સહીઓ પવિત્ર લાલ કપડા પર લઈને, તેમના માથા પર રાખીને, મોટી દમણ ફૂટબોલ ગ્રાઉન્ડથી મામલતદારની કચેરી સુધી કૂચ કરી, ભજન ગાતા અને દમણના બીડીઓ શ્રી મિહિર જોષીને અરજી રજૂ કરી,

- (વધુ પાના નં.૨ પર)

પ્રદેશ ભાજપ મહિલા મોરચા દ્વારા આજે મંગળવારે સાંજે ૦૬:૩૦ કલાકે દમણમાં 'જન આક્રોશ મહિલા મશાલ પદયાત્રા' યોજાશે

પ્રદેશ ભાજપના દરેક કાર્યકર્તા ભાઈ-બહેનોને પદયાત્રામાં ઉપસ્થિત રહેવા કરાયેલી વિનંતી

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૨૭

દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ ભાજપ દ્વારા દમણ જિલ્લામાં આવતી કાલે સાંજે ૦૬:૩૦ કલાકે પાર્ટી કાર્યાલય, નાની દમણથી 'જન આક્રોશ મહિલા મશાલ પદયાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ૧૭મી એપ્રિલના રોજ કેન્દ્રની મોદી સરકાર દ્વારા બોલાવાયેલા સંસદના વિશેષ સત્રમાં 'નારીશક્તિ વંદન અધિનિયમ બિલ' રજૂ કરવામાં આવ્યું હતું. આ બિલને કોંગ્રેસ સહિતના વિપક્ષોએ ટેકો નહિ આપતાં બિલ પાસ નહિ થતાં દાનહ અને દમણ-દીવ ભાજપ દ્વારા તેનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. જેની કડીમાં દાનહ અને દમણ-દીવ પ્રદેશ ભાજપ અધ્યક્ષ શ્રી મહેશભાઈ આગરિયાના વિશેષ માર્ગદર્શન હેઠળ પ્રદેશ ભાજપ મહિલા મોરચા દ્વારા ૨૮મી એપ્રિલના મંગળવારની સાંજે ૦૬:૩૦ કલાકે પ્રદેશ ભાજપ કાર્યાલય, નાની દમણથી એક 'જન આક્રોશ મહિલા મશાલ પદયાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે. આ પદયાત્રા વિવિધ વિસ્તારોમાં ફરીને નાની દમણ બસ સ્ટેન્ડ પાસે સમાપ્ત થશે.

પ્રદેશ ભાજપ દ્વારા આ પદયાત્રામાં ભાગ લેવા દમણ જિલ્લામાં વસતા ભાજપના તમામ કાર્યકર્તાઓ ભાઈ-બહેનોને ઉપસ્થિત રહેવા અને 'જન આક્રોશ મહિલા મશાલ પદયાત્રા'ને સફળ બનાવવા વિનંતી કરવામાં આવી છે.

દાનહના દૂધની ખાતેની સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં 'મોડલ યુવા ગ્રામસભા' યોજાઈ

'મોડલ યુવા ગ્રામસભા'ની કાર્યપ્રણાલીનું મંચન કરતા સડક, પીવાનું શુદ્ધ પાણી, રોજગાર, શિક્ષણ અને સ્વચ્છતા જેવી મહત્ત્વપૂર્ણ સમસ્યા પર કરવામાં આવેલી ચર્ચા

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૨૭

નાના-મોટા પર્વતોની હારમાળાઓ, નદી અને જળાશય એવા કુદરતના આ ત્રિવેણી સંગમ સ્થળ પર આવેલા અને મીની કાશ્મીર તરીકે લોકપ્રિય એવા કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલીના દૂધની ગામની મુખ્ય સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં 'પંચાયતી રાજ દિવસ'ના અવસરે 'મેરા યુવા ભારત' સેલવાસ દ્વારા 'મોડલ યુવા ગ્રામસભા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ 'મોડલ યુવા ગ્રામસભા'નો ઉદ્દેશ્ય યુવાઓમાં નેતૃત્વ ક્ષમતા લોકતાંત્રિક મૂલ્યો અને પંચાયત પ્રણાલીની સમજ વિકસિત કરવાની છે.

'મોડલ યુવા ગ્રામસભા'ની કાર્યપ્રણાલીનું મંચન કરતા સડક, પીવાનું શુદ્ધ પાણી, રોજગાર, શિક્ષણ અને સ્વચ્છતા જેવી મહત્ત્વપૂર્ણ સમસ્યા પર ચર્ચા કરવામાં આવી હતી અને તેના સમાધાન માટેના વિચારો પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. આ અવસરે યુવાઓએ સરાહનીય પ્રદર્શન કરી તેમના વિચારો અને નેતૃત્વ કૌશલ્યનો પરિચય આપ્યો હતો. આ અવસરે હાજર રહેલા 'મેરા યુવા ભારત' સેલવાસના જિલ્લા અધિકારી શ્રી વિઠ્ઠલ ચોરમલેએ જણાવ્યું હતું કે, આવા આયોજન યુવાઓને પ્રશાસનિક પ્રક્રિયાઓ સાથે જોડે છે અને તેમનામાં નેતૃત્વ અને નિર્ણય લેવાની ક્ષમતાનો વિકાસ કરે છે.

ગ્રામસભામાં ભાગ લેનાર દરેકને સ્ટેશનરી કીટ ભેટ આપવામાં આવી હતી. આયોજકોએ આ પહેલને યુવાઓને જાગૃત અને સશક્ત બનાવવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું ગણાવ્યું હતું. આ અવસરે સરપંચ શ્રી સુનિલભાઈ ખરપડિયા, શાળાના આચાર્યશ્રી, પોલીસ વિભાગના અધિકારી, પંચાયતના સભ્યો સહિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, 'મોડલ યુવા ગ્રામસભા' (Model Youth Gram Sabha - MYGS)એ ભારત સરકારના પંચાયતી રાજ મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવેલી એક અનોખી અને પ્રાયોગિક પહેલ છે, જેનો ઉદ્દેશ્ય શાળાના વિદ્યાર્થીઓને સ્થાનિક સ્વશાસન અને લોકશાહી પ્રક્રિયાનો પ્રત્યક્ષ અનુભવ કરાવવાનો છે.

ગરમીનો પ્રચંડ કહેર: કેન્દ્ર સરકારની દેશવ્યાપી એડવાઈઝરી જાહેર

હોસ્પિટલોમાં હીટ સ્ટ્રોક વોર્ડ પણ સક્રિય કરી દેવાયા : UP-રાજસ્થાન મોડલ અપનાવવા નિર્દેશ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૭

ઉત્તર ભારત સહિત દેશના મોટાભાગના રાજ્યોમાં અત્યારે સૂર્યદેવ આકરા પાણીએ છે. સરેરાશ તાપમાન ૪૦ થી ૪૨ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે નોંધાઈ રહ્યું છે. વધતી ગરમીને કારણે બીમારીઓનો ખતરો વધતા કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે જનતા માટે ખાસ એડવાઈઝરી જાહેર કરી છે. આ સાથે જ હોસ્પિટલોમાં હીટ સ્ટ્રોક વોર્ડ પણ સક્રિય કરી દેવામાં આવ્યા છે.

હીટવેવમાં કઈ બીમારીઓનું જોખમ?

નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, જ્યારે તાપમાન સતત ઊંચું રહે છે ત્યારે શરીરમાં અનેક સમસ્યાઓ ઉદભવે છે.

હીટ સ્ટ્રોક (લૂ લાગવી): શરીરનું તાપમાન અનિયંત્રિત થઈ જવું.

ડિહાઈડ્રેશન: શરીરમાં પાણીની ભારે અછત સર્જાવી.

હીટ ક્રેમ્પ્સ: માંસપેશીઓમાં અસહ્ય ખેંચાણ અને દુખાવો.

અન્ય બીમારીઓ: ફૂડ પોઈઝનિંગ, ટાઈફોઈડ, ચિકનપોક્સ અને પેટને લગતી સમસ્યાઓ પણ આ ઋતુમાં વકરે છે.

- (વધુ પાના નં. ૨ પર)

સુવિચાર - સદ્‌વિચાર

વિશ્વાસ છે ત્યાં મુશ્કેલી પડકાર બની જાય છે.

કવિતા-ભજન-પદ-ગરબા

ઊંચ-નીચનો ભેદ કાઢો

ઊંચ-નીચનો ભેદ કાઢો
તો નૂરીજન નજરે આવે રે,
અઢાર વરણ એક જ પ્યાલે
અમીરસ મોજું માણો રે.
અંતર વિના અવિનાશી રીઝે નહીં, પ્રગટ પ્યાલે ભાળો રે,
ચૌદ બ્રહ્માંડથી ન્યારો ખેલે, પ્રેમે વ્હાલો બિરાજે રે.
ઊંચ-નીચનો ભેદ કાઢો...
મીઠા અમીરસ દૂર કરી, આઠ પહોર આનંદમાં મ્હાલે રે,
પ્રેમ તણી લગની લાગી, અણુ-અણુમાં જ્યોત જાગે રે.
ઊંચ-નીચનો ભેદ કાઢો...
ઉત્તમ-મધ્યમ એક છે, શીદને કરો છો તાણાવાણી રે,
રજો સતો તમોને જાણો, માયલા કાળિંગાને મારો રે.
ઊંચ-નીચનો ભેદ કાઢો...
દુઃખ સુખ આવે ને જાવે, ગુરુ ગોવિંદના ગુણ ગાવે રે,
ગુરુના ચરણે ''પંખી'' ગાવે, દુઃખમાં કોઈ હરિ અજમાવે રે.
ઊંચ-નીચના ભેદ કાઢો...

- પંખીબાઈ

આજની જોક

ટીન્કી : ચાલ ને શોપીંગ કરવા.
પીન્કી : ના યાર. હમણાં હમણાં કડકી ચાલે છે...
ટીન્કી : તારે પાંચ બોયફ્રેન્ડ છે.. તોય કડકી...!
પીન્કી : ના હવે તો ત્રણ જ છે. બે ને તો ભાઈ બનાવી દીધા.
ટીન્કી : ઓહ...! કેમ ભાઈ...?
પીન્કી : ભવિષ્યનું વિચારવાનું કે નહીં..
મામેરાનું સેટિંગ પણ કરવું પડે ને...

કબીર વાણી

જબ તક આશ શરીરકી, નિર્ભય ભયા ન જાય,
કાયા માયા મન તજે, ચૌપટ રહા બજાય.

- અર્થાત-

જ્યાં સુધી શરીરનું મમત્વ છે યાને શરીર તે ''હું છું'' એવો ખ્યાલ રહે છે, ત્યાં સુધી કોઈ પણ માણસ નિર્ભય થઈ શકતો નથી, યાને કાળના ભયમાંથી છુટો થતો નથી; જ્યારે મનમાંથી શરીર વિષેની ઈન્તેજારી અને જગતની માયાનો વિચાર છુટી જાય, ત્યારે તે માણસને માટે સઘળાં બજારો યાને રસ્તાઓ ખુલ્લા થાય છે, અને પછી તેને કોઈપણ જાતનો ભય રહેતો નથી.

આજનો દિન વિશેષ

કૃષ્ણસ્વામી સુંદરજી

જનરલ કૃષ્ણસ્વામી ''સુંદરજી'' સુંદરરાજન, પીવીએસએમ (૨૮ એપ્રિલ ૧૯૨૮ - ૮ ફેબ્રુઆરી ૧૯૯૯) ૧૯૮૬ થી ૧૯૮૮ સુધી ભારતીય સેનાના ચીફ ઓફ ધ આર્મી સ્ટાફ હતા. તેઓ ભારતીય સેનાને કમાન્ડ કરનારા છેલ્લા ભૂતપૂર્વ બ્રિટિશ ભારતીય સેના અધિકારી હતા.

તેમના લશ્કરી કારકિર્દી દરમિયાન, તેમણે સુવર્ણ મંદિરને સાફ કરવા માટે ઈન્દિરા ગાંધીના આદેશ હેઠળ ઓપરેશન બ્લુ સ્ટારનું નેતૃત્વ કર્યું હતું. એક વિદ્વાન યોદ્ધા તરીકે વ્યાપકપણે આદરણીય, તેમને સ્વતંત્ર ભારતના સૌથી આશાસ્પદ સેનાપતિઓમાંના એક માનવામાં આવતા હતા. તેમણે ભારતીય સેનાને અનેક ટેકનોલોજી પહેલો રજૂ કરી. બોફોર્સ કૌભાંડમાં બોફોર્સ હોવિત્ઝરની ભલામણ કરવામાં તેમની ભૂમિકા માટે પણ તેમની પૂછપરછ કરવામાં આવી હતી. આર્મી સ્ટાફના વડા તરીકે, તેમણે રાજસ્થાન સરહદ પર ઓપરેશન બ્રાસટેક્સ, એક મુખ્ય લશ્કરી કવાયતનું આયોજન અને અમલીકરણ કર્યું હતું.

સામાન્ય કૃષ્ણ ''સુંદરજી'' સુંદર રાજન, પીવીએસ (૨૮ એપ્રિલ ૧૯૨૮ - ૮ ફેબ્રુઆરી ૧૯૯૯) ૧૯૮૬ થી ૧૯૮૮ સુધી ભારતીય સેના ચીફ ઓફ ધ આર્મી બેઠક હતા. તેઓ ભારતીય સેના કમાન્ડ સત્તાના માલિકને બ્રિટિશ ભારતીય સેના અધિકારી હતા.

તેમની લશ્કરી લડાઈ દરમિયાન, તેમણે સુર્ણ મંદિરને સાફ કરવા માટે ઈન્દિરા ગાંધીના આદેશો હેઠળ બ્લુ સ્ટારનું પાલન કર્યું હતું. એક વિદ્વાન આદરણીય તરીકે સ્વતંત્ર સૌથી વધુ આશાસ્પદ સેનાપતિ એક પક્ષના વકીલ હતા. તેમણે ભારતીય સેનાને વિવિધ તકનીકો રજૂ કરી. બોફોર્સમાં પણ બોફોર્સિત્ઝ ભલામણ કરવામાં તેમની પૂછપરછ કરવામાં આવી હતી. આર્મીક્સ ઉમેદવારના તરીકે, તેમના રાજકીય વિરોધી પર નિયંત્રણ બ્રાસટ હતું, એક મુખ્ય લશ્કરી કાયતનું નિયમન અને અમલીકરણ કર્યું.

આજની ઔષધિ

મોટાપો/વજન ઘટાડવા માટે અસરકારક ઘરેલું ઉપાયો

ખાલી પેટે લીંબુ-મધ, લીલી ચા અને જીરું પાણી હૂંફાળા પાણીમાં ભેળવીને પીવું વજન ઘટાડવા માટે ખૂબ જ અસરકારક છે. ખાંડ અને પ્રોસેસ્ડ ખોરાક ટાળો અને ફાઈબરયુક્ત ખોરાક ખાઓ. દરરોજ ૩૦-૪૫ મિનિટ માટે કસરત (કાર્ડિયો/યોગ) કરો, પૂરતી ઊંઘ લો અને તમારા ખોરાકને સારી રીતે ચાવો.

લીંબુ-મધ પાણી સવારે ખાલી પેટે અડધા લીંબુના રસ અને બે ચમચી મધ સાથે એક ગ્લાસ નવશેકું પાણી પીવો. આ ચયાપચયને વેગ આપે છે.લીલી ચા દિવસમાં ૨-૩ વખત લીલી ચા પીવાથી શરીરની વધારાની ચરબી ઓછી થાય છે.જીરૂ અને સેલરીનું પાણી એક ચમચી જીરું અને સેલરીના બીજને રાત્રે પાણીમાં પલાળી રાખો, ઉકાળો,ગાળી લો અને સવારે પીવો.એલોવેરાનો રસ તાજા એલોવેરાનો રસ પાણી સાથે પીવાથી પાચન સુધરે છે અને વજન ઘટાડવામાં મદદ મળે છે.

જીવનશૈલીમાં આવશ્યક ફેરફારો : ઓછી કેલરી અને ઉચ્ચ ફાઈબર તમારા આહારમાં ફળો, શાકભાજી, કઠોળ અને ફાઈબરયુક્ત ખોરાકનો સમાવેશ કરો.મીઠાઈઓ અને તળેલા ખોરાક બંધ કરો ખાંડ, જંક ફૂડ અને પ્રોસેસ્ડ ખોરાક સ્થૂળતામાં ફાળો આપે છે, તેથી આ ટાળો.નિયમિત કસરત દરરોજ ૩૦-૪૫ મિનિટ ઝડપી ચાલવા, યોગ કરવા અથવા જીમમાં કસરત કરવા વિતાવો.પર્યાપ્ત ઊંઘ દરરોજ ૭-૮ કલાકની ગુણવત્તાયુક્ત ઊંઘ લો, કારણ કે ઊંઘનો અભાવ વજનમાં વધારો કરે છે. ધીમે ધીમે ખાઓ અને ચાવો ખોરાકને સારી રીતે ચાવવાથી પાચન સુધરે છે અને તમને ઝડપથી પેટ ભરેલું લાગે છે.સૂર્યાસ્ત પછી હળવું ભોજન લેવું.નિયમિત બોડી ચેકઅપ કરાવવું, જરૂર જણાય ત્યાં ડોક્ટરની સલાહ લેવી..

મહિલાએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી

૧૫ વર્ષ સાથે રહ્યા બાદ મહિલાનો પુરુષ પર યૌન શોષણનો આક્ષેપ

૧૫ વર્ષ સાથે રહ્યા, સંતાન પણ છે; તો હવે દુષ્કર્મનો આરોપ કેમ?, લિવ-ઈન રિલેશન પર સુપ્રીમ કોર્ટની વેધક ટિપ્પણી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૭

સુપ્રીમ કોર્ટે લિવ-ઈન રિલેશનશિપ અને લગ્ન કરવાનું ખોટું વચન આપી યૌન શોષણ કર્યું હોવાનો આક્ષેપ કરતી અરજી પર આજે સુનાવણી કરતી વખતે મહિલાને વેધક ટિપ્પણી કરી છે. મધ્યપ્રદેશમાં એક મહિલા લિવ-ઈન રિલેશનશીપમાં એક પુરુષ સાથે ૧૫ વર્ષ રહી હતી, ત્યારબાદ મહિલાએ પુરુષ વિરુદ્ધ યૌન શોષણ સહિતનો આક્ષેપ કરીને પોલીસમાં એફઆઈઆર નોંધાવી હતી, જેને મધ્યપ્રદેશ હાઈકોર્ટે રદ કરી દેતા મહિલાએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી.

આ કેસમાં સુપ્રીમ કોર્ટના જજ બી.વી.નાગરત્ના અને જજ ઉજ્જ્વલ ભુઈયાની બેંચે મહિલાને સવાલ કર્યો છે કે, જ્યારે પરસ્પર સંમતીથી સંબંધો બંધાયા હોય, ત્યારે તેમાં ગુનો ક્યાં બને? મહિલા-પુરુષ લગ્ન કર્યા વગર ૧૫ વર્ષ સુધી સાથે રહ્યા, તેઓને સાત વર્ષનું બાળક પણ છે અને હવે મહિલા યૌન શોષણનો આક્ષેપ કરી રહી છે.

મહિલાના વકીલે કોર્ટમાં દલીલ કરી કે, 'મહિલાના પહેલા પતિનું નિધન થયા બાદ તેણીના જીજાએ આરોપી સાથે તેની મુલાકાત કરાવી હતી. ત્યારપછી આરોપીએ મહિલાને લગ્ન કરવાનું વચન આપી યૌન શોષણ કર્યું હતું.' તો કોર્ટે કહ્યું કે, 'મહિલા લગ્ન પહેલા તે પુરુષ સાથે જઈને કેમ રહેવા લાગી? મહિલા પુરુષની સાથે રહી હતી, જેમાં તેમને એક બાળક પણ છે. હવે તે પુરુષ સંબંધો તોડીને જતો રહ્યો છે, કારણ કે તેઓએ લગ્ન કર્યા નથી અને બંને વચ્ચે કોઈ કાયદાકીય બંધન પણ નથી. લિવ-ઈન રિલેશનશિપમાં આવું જોખમ તો રહે જ છે, તેથી પુરુષ સંબંધો તોડીને જતો રહ્યો હતો, તો તે કોઈ ગુનો ન કહેવાય.'

મહિલાના વકીલે એવું પણ કહ્યું કે, આરોપીએ પોતાના પ્રથમ લગ્ન છુપાવીને મહિલાને લગ્ન કરવાનું ખોટું વચન આપ્યું હતું. તો બેંચે કહ્યું કે, 'જો પુરુષે લગ્ન કર્યા હોત તો મહિલાને મળતા અધિકારોનો કેસ વધુ મજબૂત થાય. મહિલા પુરુષના બીજા લગ્ન વિરુદ્ધ કેસ કરી શકતી હતી, તે ભરણપોષણ માટે પણ કેસ કરી શકતી હતી, જોકે તેમના લગ્ન થયા નથી અને તેઓ માત્ર સાથે રહેતા હતા, તો તેમાં આવું જોખમ તો રહે છે. તે કોઈપણ દિવસે સંબંધો તોડીને અલગ થઈ શકે છે. હવે અમે આમાં શું કરી શકીએ?'

સુપ્રીમ કોર્ટે સલાહ આપી છે કે, મહિલા અન્ય કાયદાકીય રસ્તો અપનાવીને બાળક માટે ભરણપોષણની માંગ કરી શકે છે. આ ઉપરાંત કોર્ટે બંનેને પરસ્પર સમાધાન કરવાની પણ સલાહ આપી છે. જજ નાગરત્નાએ કહ્યું કે, 'આ કેસમાં ભલે પુરુષ જેલ જતો રહે, પરંતુ તેનાથી મહિલાને શું લાભ થશે? બાળકને ભરણપોષણ મળે તે માટે અમે વિચારી શકીએ છીએ.

બાળક હવે સાત વર્ષનો થઈ ગયો છે. અમે ઓછામાં ઓછું બાળક માટે ભરણપોષણ માટે કંઈક કરી શકીએ છીએ.' સુપ્રીમ કોર્ટે બંને પક્ષો વચ્ચે સમજૂતીની સંભાવનાઓ શોધવા માટે નોટિસ પાઠવી છે.

મુન્દ્રાની અદાણી પબ્લિક સ્કૂલની ૨૫ વર્ષની સફરની ડૉ.પ્રીતિ અદાણીએ રંગદર્શી ઉજવણી કરી

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
મુન્દ્રા (કચ્છ), તા.૨૭

મુન્દ્રા સ્થિત અદાણી પબ્લિક સ્કૂલ (એપીએસ) એ યુવા માનસના ઘડતરના ૨૫ વર્ષ પૂર્ણ કર્યાના રજત જયંતિ ઉત્સવની તેહદીલથી કરેલી ભાવનાત્મક ઉજવણીમાં વર્તમાન તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકગણને ગૌરવ અને ચિંતનની આ સહિયારી ક્ષણમાં શામેલ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે શાળાના સર્વાંગી વિકાસ પરના ધ્યાનની મજબૂત ગવાહી રુપે કચ્છમાં બેડમિન્ટન, પિકબોલ અને ટેબલ ટેનિસ માટે સુવિધાઓ ધરાવતા એક ઈન્ડોર રમત ગમત સંકૂલ અને ૫૫૮ બેઠકોની ક્ષમતા ધરાવતા અત્યાધુનિક ઓડિટોરિયમ પણ ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. કચ્છમાં આ પ્રકારનું સંકૂલ સૌથી મોટું છે.

ગ્રામ્ય વિસ્તારોમાં વસતા બાળકોના શૈક્ષિણક અને શારીરિક ગણતર અને ઘડતર માટે એક ગુણવત્તાસભર આધુનિક સાધન સગવડથી સજ્જ શાળાના નિર્માણની ૨૦૦૧માં પરિકલ્પના કરનાર અદાણી સમૂહના અદાણી ફાઉન્ડેશનની સામાજિક કલ્યાણ અને વિકાસ પાંખના અધ્યક્ષા ડો.પ્રીતિ અદાણીના વડપણ હેઠળ આ ઉજવણી કરવામાં આવી હતી. અલબત્ત, આ પ્રકલ્પ અગાઉથી કાર્યરત હતો, પરંતુ ગુજરાત અને ખાસ કરીને કચ્છના ભૂકંપ બાદ તેને ટોચની પ્રાથમિકતા માનીને તેના અમલીકરણને વેગ આપ્યો હતો. આજે આ પ્રકલ્પશિક્ષણ સમુદાય માટે સ્થિરતા અને આશાના સ્ત્રોત તરીકે ઉભરી આવ્યો છે.

અદાણી ગ્રુપના ચેરમેન શ્રી ગૌતમ અદાણીએ આ સીમાચિહ્નરૂપ પ્રસંગને ચિહ્નિત કરી જણાવ્યું હતું કે, અદાણી પબ્લિક સ્કૂલ ૨૫ વર્ષ પૂર્ણ કરે છે, આ ક્ષણ ફક્ત એક સંસ્થાથી વિશેષ અનેક સંવેદનાસભર ક્ષણોની ઉજવણી કરે છે. તેમણે કહ્યું હતું કે આસપાસના બાળકોના સુષુપ્ત સપના અને ઘડાયેલા ભવિષ્યનું અહીં સન્માન થઈ રહ્યું છે. તેમણે શાળાની રજત જયંતિના સીમાચિહ્નસમા અવસરે આશા વ્યક્ત કરી હતી કે પ્રત્યેક વિદ્યાર્થી અમર્યાદ સ્વપ્ન જોવાના આત્મવિશ્વાસ તેમજ દરેક પછડાટ પછી બેઠા થવાની સ્થિતિસ્થાપકતા અને પ્રાપ્ત કરેલું સમાજને પરત આપવાની નમ્રતા સાથે અહીંથી વિદાય લે. ગૌતમ અદાણીએ ઉમેર્યું કે અહીં દરેક બાળક ભારતના ઉજળા ભવિષ્યના વચનનો ભાર વહન કરે છે ત્યારે આ વચન જ હેતુપૂર્ણ કાર્યને પ્રેરણા આપે છે.

આ ૨૫ વર્ષની આ સફર પર નજર કરતાં ડૉ.પ્રીતિ અદાણીએ કહ્યું હતું કે પચીસ વર્ષ અગાઉ કચ્છના તોફાની દરિયાકાંઠે એક સરળ વિચાર આવેલો કે દુનિયા માટે બારી ખોલવાની ક્ષમતા ધરાવતો પ્રત્યેક બાળક એવું શિક્ષણ મેળવવાને પાત્ર છે. તેમણે જણાવ્યું હતું કે, આશાના નાના કિરણ તરીકે જે પ્રકટ્યું તે આજે એક દેદીપ્યમાન દીવો બની પ્રજ્વલિત થયો છે જેણે સમાજ જીવન અને સમુદાયોને તેજોમય કર્યો છે. ડો.અદાણીએ આ સફર દરેક શિક્ષકની છે તેમનો ભારપૂર્વક ઉલ્લેખ કરતા કહ્યું કે, આ શિક્ષકો જેમણે વિશ્વાસ કર્યો, દરેક માતાપિતા જેણે ભરોસો કર્યો, અને દરેક બાળક જેણે સ્વપ્ન જોવાની હિંમત કરી તે આ સફરના યશાધિકારી છે.

બેગપાઇપર બેન્ડ અને એન.સી.સી.ના કેડેટ્સ દ્વારા પરંપરાગત સ્વાગત સાથે રજત જયંતિ વર્ષની ઉજવણીનો આરંભ થયો હતો. જાણવાની જિજ્ઞાસા અને અભિવ્યક્તિની સંસ્કૃતિને પ્રતિબિંબિત કરતા આ પ્રસંગે યોજાયેલા પ્રદર્શનમાં વિજ્ઞાન, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત (STEM) અને રોબોટિક્સ પ્રદર્શનો, ક્યુરેટેડ આર્ટ વર્કસ્ટેશન દ્વારા નવીનતા અને સર્જનાત્મકતા જીવંત થઈ હતી.

આ પ્રસંગે મુન્દ્રામાં આ શાળાના પ્રારંભિક વર્ષોથી લઈને પ્રદેશમાં એક અગ્રણી સંસ્થા તરીકે ઉભરી આવવા સુધીની સફરને ખાસ ક્યુરેટ કરાયેલ દસ્તાવેજી ફિલ્મમાં દર્શાવવા સાથે સંસ્થાની સફર અને હાંસલ કરેલા સીમાચિહ્નો દર્શાવતી એક સ્મરણિકા કોફી ટેબલ બુકનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું.

૨૩૩ વિદ્યાર્થીઓ અને ૨૭ શિક્ષકોના પ્રારંભિક સમૂહથી લઈને ૨,૩૦૦ થી વધુ વિદ્યાર્થીઓ અને ૧૦૦ થી વધુ શિક્ષક સમુદાય સાથે સમૃદ્ધ સંસ્થા બની ચૂકેલી અદાણી પબ્લિક સ્કૂલ સર્વાંગી શિક્ષણ અને સમાનતામાં ગૌરવની તેની માન્યતાને સમર્પિત છે.

આ પ્રસંગે ડૉ.પ્રીતિ અદાણી અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલીઓ અને વિદ્યાર્થીઓ વચ્ચે વાર્તાલાપ ઉજવણીની એક નિર્ણાયક ક્ષણ બની રહી હતી. આ વાર્તાલાપના હાર્દમાં સંસ્થા અને તે જે સમુદાયની સેવા કરે છે તે બન્ને વચ્ચે ચિરંજીવી બંધન બનાવી રાખવાનો હેતુ સમાયેલો હતો.

આ ઉજવણીનું સમાપન શાળાના ગીત સાથે રંગદર્શી વાતાવરણમાં થયું ત્યારે ૨૫થી વધુ વર્ષ સુધી આકાર પામેલા સહિયારા હેતુની પુષ્ટિ થયાની અનુભૂતિ થઈ.

(પહેલાં પાનાનું ચાલુ)

સમગ્ર ભારતમાં ગૌહત્યા...

તેમને માતા ગાય સંબંધિત તેમની વિનંતી વડા પ્રધાન, રાષ્ટ્રપતિ અને દમણના પ્રશાસક સુધી પહોંચાડવા વિનંતી કરી હતી.

આ શાંતિપૂર્ણ કૂચ દરમિયાન, લોકોએ ગૌ માતાના રક્ષણ માટે સમર્પિત બેનરો અને કાર્ડબોર્ડ લઈને ભક્તિમય વાતાવરણ બનાવ્યું હતું.

એક મહિના કરતા વધુ સમયથી ચાલી રહેલા આ રાષ્ટ્રીય અભિયાનનું નેતૃત્વ શ્રીમતી સિમ્પલબેન કાટેલા, દમણ જિલ્લા પંચાયતના પૂર્વ અધ્યક્ષ શ્રી નવિનભાઈ પટેલ, જિલ્લા પંચાયતના પૂર્વ અધ્યક્ષ શ્રી બાબુભાઈ પટેલ સહિત અનેક ગૌ ભક્તો કરી રહ્યા છે, અને ૨૨,૫૦૦ અરજી સહીઓ એકત્રિત કરી છે. ભવિષ્યમાં હિન્દુ સમુદાયની માતા ગાય માટેની અરજીઓ સ્વીકારવામાં નહીં આવે ત્યાં સુધી આ અભિયાન વધુ તીવ્ર બનાવવામાં આવનાર હોવાનું આયોજકો દ્વારા માહિતી આપવામાં આવી હતી.

(પહેલાં પાનાનું ચાલુ)

ગરમીનો પ્રચંડ કહેરઃ... શું રાખવી સાવધાની?

રાષ્ટ્રીય રોગ નિયંત્રણ કેન્દ્ર (NCDC) એ લોકોને નીચે મુજબની સૂચનાઓનું પાલન કરવા અપીલ કરી છેઃ

શું કરવું?

પર્યાપ્ત માત્રામાં પાણી અને પ્રવાહી પદાર્થો (લીંબુ પાણી, છાશ, જ્યુસ) પીતા રહો.

હળવા રંગના અને ઢીલા સુતરાઉ કપડાં પહેરો.

બહાર નીકળતી વખતે માથું ઢાંકેલું રાખો અને ચશ્માનો ઉપયોગ કરો.

ઘરની બારીઓ અને પડદા બંધ રાખી ઘરને ઠંડું રાખો.

શું ન કરવું?

બપોરે ૧૨ થી ૪ વાગ્યાની વચ્ચે બિનજરૂરી બહાર નીકળવાનું ટાળો. ખુલ્લા પગે તડકામાં ચાલશો નહીં. દારૂ, ચા, કોફી અને વધુ પડતા ખાંડવાળા પીણાં પીવાનું ટાળો, કારણ કે તે શરીરને વધુ ડિહાઈડ્રેટ કરે છે. બાળકો કે પાલતુ પ્રાણીઓને બંધ ગાડીમાં ક્યારેય એકલા ન છોડો.

સરકારે જણાવ્યું છે કે ગરમીની સૌથી વધુ અસર મજૂરો, બાળકો અને વૃદ્ધો પર થાય છે. જેથી શ્રમજીવીઓએ ફેક્ટરીઓ અને બાંધકામ સાઇટ પર પીવાના ઠંડા પાણી અને આરામ માટે છાંયડાની વ્યવસ્થા હોવી જોઈએ. જો મશીનો ગરમ હોય તો તેને ઢાંકીને રાખવા અને કામની ગતિ ધીમી રાખવા સૂચના અપાઈ છે. ઉપરાંત બાળકો માટે શાળાઓમાં બાળકોને સતત પાણી પીવા માટે પ્રોત્સાહિત કરવા અને પૂરતી વેન્ટિલેશન સુવિધા રાખવા જણાવાયું છે.

સરકારે હીટવેવનો સામનો કરવા માટે રાજસ્થાન અને ઉત્તર પ્રદેશના સફળ મોડેલને દેશભરમાં લાગુ કરવા પર ભાર મૂક્યો છે. બીજી તરફ, દિલ્હીની સર ગંગારામ હોસ્પિટલના ડોક્ટરોએ હીટ ડોમ વિશે ચેતવણી આપી છે.

ગીચ ઈમારતો ધરાવતા વિસ્તારોમાં ગરમી કેદ થઈ જાય છે, જેના કારણે તાપમાન અચાનક વધી જાય છે અને લોકો બીમાર પડે છે.

દિલ્હીની રામ મનોહર લોહિયા (RML) હોસ્પિટલમાં હીટ સ્ટ્રોક માટે ખાસ વોર્ડ શરૂ કરાયો છે. અહીં દર્દીઓને ઠંડક આપવા માટે પાણીના મોટા ટબ અને સ્પેશિયલ બેડની વ્યવસ્થા છે. અત્યાર સુધી ગંભીર કેસો આવ્યા નથી, પરંતુ આગામી દિવસોમાં પારો વધવાની શક્યતા હોવાથી તંત્ર હાઈ એલર્ટ પર છે.

વર્તમાન પ્રવાહ
વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો
સંજય તાડા - 99244 66899 /
સુરેશ ઉમતિયા - 98259 89444

મગદલા–હજીરા બ્રિજ પર કાળમુખો અકસ્માત થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)
સુરત,તા.૨૭

સુરતના વ્યસ્ત ગણાતા મગદલા–હજીરા બ્રિજ પર આજે એક ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. પુરપાટ ઝડપે આવી રહેલા એક અજાણ્યા વાહને એક ચાલકને જોરદાર ટક્કર મારી હતી.

અકસ્માત એટલો ભયાનક હતો કે, ટક્કર લાગતા જ વ્યક્તિ રોડ પર ફંગોળાયો હતો અને તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જીને અજાણ્યો વાહન ચાલક અંધારાનો લાભ લઈને ફરાર થઈ ગયો હતો.આ અકસ્માતમાં ભોગ બનનાર વ્યક્તિની ઓળખ બચુભાઈ વસૈયા તરીકે થઈ છે. ટક્કર એટલી જોરદાર હતી કે, બચુભાઈને માથાના તેમજ શરીરના ભાગે જીવલેણ ઈજાઓ પહોંચતા તેમનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. સ્થાનિક લોકોએ અકસ્માત જોતા જ પોલીસ અને એમ્બ્યુલન્સને જાણ કરી હતી, પરંતુ સારવાર મળે તે પહેલા જ બચુભાઈએ દમ તોડી દીધો હતો. આ ઘટનાને પગલે મૃતકના પરિવારમાં માતમ છવાઈ ગયો છે.ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસનો કાફલો મગદલા–હજીરા બ્રિજ પર પહોંચી ગયો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે હોસ્પિટલ ખસેડીને અજાણ્યા વાહન ચાલક સામે ગુનો દાખલ કરવાની તજવીજ હાથ ધરી છે. બ્રિજ પર લાગેલા CCTV ફૂટેજ તપાસવામાં આવી રહ્યા છે, જેથી ફરાર વાહન ચાલકની ઓળખ કરી તેને ઝડપી પાડી શકાય. બ્રિજ પર વારંવાર સર્જાતા અકસ્માતોને લઈ સ્થાનિકોમાં પણ રોષ જોવા મળી રહ્યો છે.

સુરત પાલિકાની બે ચૂંટણી વચ્ચે ૮.૨૨ લાખ મતદારો ઘટયા

મતદાન પહેલા કેટલાક સુત્રો વાયરલ થયા હતા જેમાં પહેલા કમળ પછી ખમણ કે પહેલા ઝાડું પછી લાડુ બેમાંથી કર્યું સાચું પડશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
સુરત,તા.૨૭

સુરત મહાનગરપાલિકાની ચૂંટણીમાં આ વખતે સૌથી મોટો મુદ્દો રસ્તા-પાણી, ભ્રષ્ટાચાર અને વિકાસ સાથે સાથે હવે મતદાર યાદીમાં કપાયેલા મતદારો અને આ ચૂંટણીમાં મતદાનની પેર્ટન પણ પણ મહત્વનો ભાગ ભજવશે. સુરત પાલિકાની બે ચૂંટણી વચ્ચે ૮.૨૨ લાખ મતદારો ઘટયા છે હવે SIR ની કામગીરી બાદ પહેલી ચુંટણી ભાજપ માટે ફાયદાકારક કે નુકસાનકારક? તે અંગે અનેક અટકળો થઈ રહી છે. મતદાન પહેલા કેટલાક સુત્રો વાયરલ થયા હતા. જેમાં પહેલા કમળ પછી ખમણ કે પહેલા ઝાડું પછી લાડુ બેમાંથી કર્યું સાચું પડશે તે આવતીકાલે મતગણતરી બાદ જ ખબર પડશે.

વર્ષ ૨૦૨૧ ની ચૂંટણીમાં ૩૨.૮૮ લાખ મતદારોની યાદી હતી, જે ૨૦૨૬ માં સીધી ૨૪.૭૬ લાખ પર આવી અટકી છે. એટલે કે ૮.૨૨ લાખ મતદારો ઓછા થઈ ગયા છે. SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રીવીઝન)ની કામગીરી બાદ થયેલો આ મોટો કાપ હવે સીધો રાજકીય સમીકરણો અનિશ્ચિત બનાવી રહ્યા છે. આ વખતના ૨૪.૭૬ લાખ મતદારોમાંથી માત્ર ૧૪.૬૮ લાખ મતદારો મતદાન માટે ઘરથી બહાર નીકળી મતદાન મથક સુધી પહોંચ્યા છે. તેની સાથે સાથે આ વખતની મતદાન પેર્ટન અને મતદાનોના મુડ પણ સ્વીંગ જોવા મળી રહ્યો છે તેના કારણે રાજકીય પક્ષો જીત માટે દાવો કરે છે પરંતુ કેટલી બેઠક મળશે તે માટે

નક્કર કહી શકતા નથી.

સુરત પાલિકાની ચુંટણી માટે આવતીકાલે મતગણતરી થશે પાલિકાના રાંદેર-અઠવા ઝોનમાં આપ કે કોંગ્રેસ કોઈ દાવો કરતું નથી. તેથી આ વિસ્તારમાં ભાજપને ક્લીન સ્વીપ મળશે જ્યારે પાટીદાર-પ્રજાપતિ વિસ્તાર એવા કતારગામ વિસ્તાર અને પાટીદાર બહુમતીવાળા વિસ્તારમાં આપ દ્વારા પોતાનો ગઢ હોવાનો દાવો કરી રહ્યો છે તો બીજી તરફ ભાજપ આ વખતે આ ગઢ પાછો મેળવશે તેવો દાવો કરી રહ્યું છે.

આ ઉપરાંત બીજી તરફ સેન્ટ્રલ ઝોન-કતારગામ અને લિંબાયતના કેટલાક વોર્ડમાં ભાજપ-આપના નારાજ નેતા-કાર્યકરોના કારણે ક્રોસ વોટીંગ થતો હોવાનો દાવો કરવામા આવી રહ્યો છે. આ નુકસાન ભાજપને વધુ થશે કે આપ ને તે મતગણતરી બાદ જ ખબર પડશે. આ ઉપરાંત ગત ચુંટણીમાં ઝીરો થઈ ગયેલી કોંગ્રેસ આ વખતે પાલિકામાં ખાતું ખોલે છે કે નહીં તે અંગે પણ અનેક અટકળો થઈ રહી છે. મતગણતરી પહેલા જે અટકળો થઈ રહી છે તે કેટલી સાચી અને કેટલી ખોટી તે મંગળવારે બપોર સુધીમાં ખબર પડી જશે.

ધરમપુર સ્થિત 'શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર'ના ડોક્ટરો દ્વારા

નવજાત બાળકોના મગજના વિકાસ અને સ્વાસ્થ્યને લઈ નવું સંશોધન

ફિઝિયો લોજીકલ કોર્ડ કેમ્પિંગ પદ્ધતિથી નવજાત બાળકોના મગજનો વિકાસ અને આઈક્યું લેવલ વધશેઃ અમેરિકન જર્નલ ઓફ પેરિનેટોલોજીમાં આ સંશોધનને મળી સ્વીકૃતિ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
પારડી, તા.૨૭

વલસાડ જિલ્લાના છેવાડે પ્રકૃતિના ખોળે બિરાજમાન ધરમપુર ખાતે આવેલ સંસ્થાપક પૂજ્ય ગુરૂદેવ શ્રી રાકેશની અપાર કરૂણા અને માર્ગદર્શનમાં કાર્યરત શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરના ડોક્ટરો દ્વારા નવજાત બાળકોના વિકાસ અને સ્વાસ્થ્યને લઈ એક નવું સંશોધન કરી તબીબી ક્ષેત્રે ક્રાંતિ લાવી દીધી છે.

ફિઝિયોલોજીકલ કોર્ડ કેમ્પિંગ પદ્ધતિ એટલે ડીલેવરી દરમિયાન બાળક જાતે બહાર નીકળી અને પોતે શ્વાસ લે અને આ દરમિયાન બાળકની નાળ ન કાપી તેને માની છાતી પર લગાવવું. બાળક જન્મતાની સાથે ફક્ત માને જ ગંધ દ્વારા ઓળખે છે. જેથી તેને જન્મતાની સાથે જ માની છાતીએ લગાવવાથી બાળકનો વિકાસ અને માતા સાથેનો અતૂટ બંધન બંધાય છે. નવજાત બાળકોના મગજના વિકાસ અને સ્વાસ્થયને લઈ કરાયેલા એક વિશેષ સંશોધન ફિજિયોલોજિકલ કોર્ડ કેમ્પિંગને પ્રતિષ્ઠિત અમેરિકન જર્નલ ઓફ પેરીનેટોલોજીમાં સ્થાન મળ્યું છે. આ સંશોધન આગામી સમયમાં બાળ મરણના દરને ઘટાડવા અને બાળકોના બૌદ્ધિક વિકાસ (આઈ ક્યુ)ને સુધારવા માટે સીમાચિન્હરૂપ સાબિત થશે. આ ઉપરાંત સિઝેરિયન પ્રસૂતિ દરમિયાન અપનાવવામાં આવતી ફિઝિયોલોજીકલ કોર્ડ કલેમ્પિંગ પદ્ધતિ અંગેનું સંશોધન આંતરરાષ્ટ્રીય જર્નલ ક્યુરેસ પબ્લિકેશનમાં પણ પ્રકાશિત કરવામાં આવ્યું છે.

હોસ્પિટલના પ્રસૂતિ અને નવજાત બાળકોના વિભાગમાં એક નવી દિશા તરફ આગળ વધતા મહત્વ પૂર્ણ પગલાં લેવામાં આવ્યા છે. હોસ્પિટલ દ્વારા માતા અને બાળકની સંભાળને એક સમગ્ર દૃષ્ટિકોણથી જોવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. જેમાં ગર્ભાવસ્થાથી લઈ જન્મ બાદના વિકાસ સુધી સતત અને સંકલિત સારવાર ઉપલબ્ધ ઉપલબ્ધ કરવામાં આવે છે સામાન્ય રીતે પ્રસૂતિના એકથી ત્રણ મિનિટમાં બાળકની નાભિની દોરી (ગર્ભ નાળ) કાપી નાંખવામાં આવે છે, પરંતુ શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલના સંશોધન મુજબ આ પદ્ધતિમાં ગર્ભાવસ્થા દરમિયાન માતાના ગર્ભાશયમાં વિકસિત એક મહત્વપૂર્ણ અંગ પેલેસેન્ટાના કુદરતી બહાર નીકળ્યા પછી નાભીની દોરી કાપવાનો સમાવેશ થાય છે. જન્મ પછી તરત જ બાળકને ઓછામાં ઓછો એક કલાક માતાની છાતી પર રાખવામાં આવે છે જેથી ત્વચાથી ત્વચાના પ્રારંભિક સંપર્ક અને બંધનને પ્રોત્સાહન મળે છે. આનાથી માતા અને બાળકના મગજ વચ્ચે અટૂત બંધન બંધાય છે પુનઃજીવનની જરૂર હોય તેવા કિસ્સાઓમાં પણ નાભિની દોરી કાપ્યા વિનાજ સારવાર અપાય છે જેથી માતા દ્વારા મળતો કુદરતી ઓક્જિજન ચાલુ રહે છે અને મગજ સહિત મહત્વપૂર્ણ અવયવોને ઈજાનું જોખમ ઘટે છે. શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલમાં છેલ્લા સાત આઠ વર્ષથી વર્ષના અવલોકન મુજબ આ પદ્ધતિથી જન્મેલા બાળકોનો આઈક્યુ લેવલ ઘણું ઊંચુ જોવા મળ્યું છે અને બીમારનું અને બીમારીઆનું પ્રમાણ નહીવત થયું છે.

ભારત સરકારના રાષ્ટ્રીય બાળ સ્વાસ્થય કાર્યક્રમના પૂર્વ સલાહકાર ડોક્ટર શ્રી અરૂણસિંગે જણાવ્યું હતું કે, બાળકના મગજનો ૯૦ટકા વિકાસ છ વર્ષની ઉંમર સુધીમાં થઈ જતો હોય છે સગર્ભા માતાએ દાંતના ઈન્ફેક્શન જેવી બાબતોની કાળજી લેવી જોઈએ અને પરિવારના સભ્યોએ પણ માતા પર ગુસ્સે થવું ન જોઈએ કારણ કે તેની સીધી અસર ગર્ભસ્થ બાળક પર થાય છે.

હોસ્પિટલમાં સગર્ભા મહિલાઓ માટે સંગીત ટીવી અને કસરત જેવી સુવિધાઓ અપનાવવાથી નોર્મલ ડિલિવરીની શક્યતાઓ પણ વધી જાય છે. પ્રકૃતિ વિજ્ઞાન સમજાવતા સંશોધકોએ જણાવ્યું હતું કે, નવ મહિના સુધી બાળક માતાના લોહીમાંથી ઓક્સિજન મેળવે છે જન્મ પછી તરત જ ગર્ભનાળ કાપી નાંખવાથી આ કુદરતી પ્રક્રિયા વિક્ષેપમાં પડે છે તેના બદલે ફિઝિયોલોજીકલ કોર્ડ કેમ્પિંગ પદ્ધતિથી નવજાત શિશુના ગર્ભમાંથી સ્વતંત્ર શ્વસન અને પરિભ્રમણમાં સરળ પ્રવાહ થાય છે.

શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલની આ પહેલ સામાજિક અને આર્થિક ભેદભાવ વગર દરેક બાળકને શ્રેષ્ઠ સ્વાસ્થય અને વિકસિત મગજ આપવા માટે કટિબદ્ધ છે આ સંશોધન માતૃત્વ અને બાળ આરોગ્ય ક્ષેત્રે નવા માપદંડ સ્થાપિત કરી રહ્યું છે ભારત સરકારે પણ ફિઝિયોલોજીકલ કોર્ડ કેમ્પિંગ માટે બધા રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોને ભલામણ કરી છે.

નવજાત બાળક અને માતા માટે પરિક્રમા અભિગમ હોસ્પિટલ દ્વારા બાળક અને માતાની વિશેષ સંભાળ માટે એક વૈજ્ઞાનિક અને માનવીય અભિગમ અપનાવવામાં આવ્યો છે બાળકને કેન્દ્રમાં રાખી તેની આસપાસ તમામ તબીબી સેવાઓનું સંકલન જેથી દરેક બાળકનો મગજનો સંપૂર્ણ વિકાસ થાય અને સશક્ત રાષ્ટ્રનું નિર્માણ થાય માતાને માનસિક શાંતિ મળે તેવા ખાસ ડિઝાઈન કરેલા લેબરરૂમ અને પ્રસૂતિ દરમિયાન વૈજ્ઞાનિક વ્યાયામ જેથી નોર્મલ ડિલિવરીની શક્યતાઓ વધે અને ડીલેવરી બાદ નવજાત શિશુના સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપવા માટે ગર્ભનાળ કાપવાની આધુનિક અને કુદરતી પદ્ધતિનો અમલ પણ કરવામાં આવી રહ્યો છે.

ગર્ભમાં અને પ્રસૂતિ પછી બાળકની કાળજી હોસ્પિટલના નિષ્ણાંતોના જણાવ્યા અનુસાર બાળક એક જ હોય છે. તે ગર્ભમાં હોય ત્યારે તેની સંભાળ પ્રસૂતિ તજજ્ઞ કરે છે જન્મ પછીના પહેલા ૨૮ દિવસ દરમિયાન તેની સંભાળ નવજાત બાળક વિભાગમાં થાય છે અને ત્યારબાદ બાળ રોગ વિભાગ તેની દેખરેખ રાખે છે. જો બાળકના વિકાસમાં કોઈ સમસ્યા હોય તો વિકાસાત્મક બાળ રોગ નિષ્ણાંતો તેની વિશેષ કાળજી લે છે.

આ સમગ્ર કાર્યક્રમમાં ડો.અરૂણસિંગ, ડો.સુનિલ, ડો.ટીનાબેન, ડો.પ્રતિમાબેન, ડો.જીગ્નેશ, ડો.દેવાંગ વગેરેનાઓએ પોતાના અનુભવો પ્રસ્તુત કર્યા હતા. જ્યારે આ નવા સંશોધનો લાભ લઈ બાળકને સ્વસ્થ રીતે જન્મ આપનારી માતાઓએ પણ પોતાના અનુભવો પ્રસ્તુત કર્યા હતા.

રાષ્ટ્રીય એસસી-એસટી હબ અંતર્ગત

સેલવાસ ખાતે એન્ટરપ્રેન્યુર અવરનેશ અને સ્પેશિયલ વેન્ડર ડેવલોપમેન્ટ પ્રોગ્રામ યોજાયો

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૨૭

સેલવાસ કલાકેન્દ્ર ખાતે રાષ્ટ્રીય એસસી-એસટી હબ અંતર્ગત એન્ટ્રેપ્રેન્યુર એવરનેશ અને સ્પેશિયલ વેન્ડર ડેવલોપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ભારત સરકારના સુક્ષ્મ લઘુ અને મધ્યમ ઉદ્યમ મંત્રાલય દ્વારા આયોજીત કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય કરી કરવામા આવ્યો હતો.ત્યારબાદ ટેક્નીકલ સત્રમાં વિવિધ યોજનાઓ અને અવસરો વિષે વિસ્તૃત જાણકારી આપી હતી. આ અવસરે રાષ્ટ્રીય એસસી-એસટી હબ સાથે જોડાયેલ અધિકારીઓ અને વિષેશજ્ઞએ એમએસએમઈ યોજનાઓ, રાજ્ય સરકારની યોજનાઓ, બેંક લોન, વિત્તીય સાક્ષરતા અને જીઈએમ પોર્ટલના માધ્યમથી વેપારનો અવસર અંગે જાણકારી આપી.

કાર્યક્રમમાં મુખ્ય રૂપે શ્રી કુલદીપ સિંહ રાજપૂત, શ્રી પ્રવિણ ડોઈફોડે, શ્રી રસિક પટેલ, શ્રી રોશન આંનંદ, શ્રી મલેક મોહમ્મદાતીક ટ્રેઈનર, જીઈએમ, શ્રી રાજેશ કિરણ જૈન ચાર્ટર એકાઉન્ટન્ટ, શ્રી રાજેશભાઈ સોલંકી ડાયરેક્ટર નવી દિશા અવર્નેશ ફોરમ ઉપસ્થિત રહી પોતાના વિચાર વ્યક્ત કર્યા હતા.

સેલવાસના શ્રી ગણેશભાઈ રોહિત નવી દિશા અવરનેશ ફોરમના સ્ટેટ પ્રેસિડન્ટ કાર્યક્રમનું કોઓર્ડિનેટર તરીકે ભૂમિકા નિભાવી આ કાર્યક્રમ એસસી-એસટી ઉદ્યમીઓને સશક્ત બનાવવા અને તેઓને સરકારી યોજનાઓ સાથે જોડવાની દિશામાં એક મહત્વપૂર્ણ કદમ સાબિત થયું છે.

ડીએનએચ સ્પોર્ટ્સ ક્લબ દ્વારા ફતેહ ટ્રોફી-૨૦૨૬ ટીમ ઓક્સનનું આયોજન કરાયું

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૨૭

ડીએનએચ સ્પોર્ટસ ક્લબ દ્વારા ફતેહ ટ્રોફી ૨૦૨૬ના માટે ટીમ ઓક્સન સેલવાસ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જે આગામી ટુર્નામેન્ટ પહેલા એક મહત્વપૂર્ણ પડાવ સાબિત થયેલ.કાર્યક્રમમાં ટીમ ઓનર્સ, સમર્થકો અને પ્રમુખ હિતધારકો ઉપસ્થિત રહ્યા જેઓએ ફતેહ ટ્રોફીના ત્રીજા સત્ર માટે સકારાત્મક માહોલ તૈયાર કર્યો હતો.

આ અવસરે અગાઉથી પસંદગી પામેલ ટીમોનું અધિકારીક અનાવરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બાકી રહેલ ટીમાનું ઓક્સન શરૂ કરાયું પારદર્શિતા અને નિષ્પક્ષતા સુનિશ્ચિત કરવા માટે ટીમની ઓક્સન ચિટ ડ્રો પ્રણાલીના માધ્યમથી કરવામા આવ્યું હતું. જેમા ટીમ ઓનર્સે ડ્રો કાઢી પોતપોતાની ટીમોની પસંદગી કરી હતી.

ફતેહ ટ્રોફીનો શુભારંભ ૦૪ મેથી થશે. જેમા ઉભરતા યુવા ખેલાડીઓ વચ્ચે ઉચ્ચ સ્તરીય પ્રતિસ્પર્ધી ક્રિકેટ જોવા મળશે. ડીએનએચ સ્પોર્ટસ ક્લબ યુવા પ્રતિભાઓને પ્રોત્સાહિત કરવા અને તેઓને સશક્ત મંચ પ્રદાન કરવાના પોતાના સંકલ્પ પ્રત્યે પ્રતિબદ્ધ છે.

લવાછાથી ૧૮ વર્ષીય નંદની પ્રસાદ ગુમ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૨૭

ગુમ નંદની

વલસાડ જિલ્લાના નાનાપોંઢા તાલુકાના લવાછા ગામે અંબિકા પાર્કમાં એવાયમ બિલ્ડિંગના સી-૩ માં રૂમ નં.૬ માં રહેતા રાજેશ પ્રસાદ (મૂળ રહે.ગામ ચંદન બરવા, પોસ્ટ મરાર વિન્દવલિયા પોલીસ સ્ટેશન, પીપરા બજાર, જિ.ખુશીનગર, ઉત્તરપ્રદેશ) ની ૧૮ વર્ષીય દીકરી નંદની તા.૧૫ એપ્રિલ ૨૦૨૬ ના રોજ સવારે ૯ કલાકે પોતાના ઘરેથી કોઈને કંઈપણ કહ્યા વિના ક્યાંક ચાલી જઈ ગુમ થઈ ગઈ હતી. જેની શોધખોળ કરવા છતાં કોઈ પત્તો લાગ્યો ન હતો જેથી પિતા રાજેશ શ્રીકાંત પ્રસાદે નાનાપોંઢા પોલીસ મથકે દીકરી નંદની ગુમ થયાની જાણ કરી હતી. ગુમ થનાર નંદની શરીરે મધ્યમ બાંધો, શ્યામ વર્ણ અને ચાર ફૂટ પાંચ ઈંચ ઉંચાઈ ધરાવે છે. તેણીએ શરીરે ઝાંખો પર્પલ કલરનો ડ્રેસ પહેરેલો છે. જે હિન્દી અને અંગ્રેજી ભાષા બોલે છે. જે કોઈને પણ તેણીની ભાળ મળે તો નાનાપોંઢા પોલીસ મથકે જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.

ડુંગરાની હાજી.એ. ગફુર સિરોહા નેશનલ ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે સિનીયર કે.જી. ગ્રેજ્યુએશન ડેની ઉજવણી કરાઈ

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૭

ડુંગરાની પ્રતિષ્ઠિત લેટ હાજી એ. ગફુર સિરોહા નેશનલ ગર્લ્સ હાઈ સ્કૂલમાં Sr. KG વિદ્યાર્થિનીઓના ગ્રેજ્યુએશન દિવસની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. ટ્રસ્ટીઓની હાજરીમાં આખો કાર્યક્રમ ખૂબ જ આનંદ અને ઉત્સાહથી ભરેલો રહ્યો હતો.

નાની-નાની ગ્રેજ્યુએટ વિદ્યાર્થિનીઓ કેપ અને ગાઉન પહેરીને અત્યંત સુંદર અને મીઠી લાગતી હતી. તેઓએ પોતાના સર્ટિફિકેટ્સ પ્રાપ્ત કર્યા, જે તેમની શિક્ષણ યાત્રાનું એક યાદગાર અને મહત્વપૂર્ણ પગથિયું બની રહ્યું.

કાર્યક્રમમાં વાલીઓ, ટ્રસ્ટીઓ અને શિક્ષકોના ચહેરા પર ગર્વ અને આનંદ છવાઈ ગયા હતા. સુંદર ગીતો અને આકર્ષક નૃત્યોની પ્રસ્તુતિઓએ સમગ્ર વાતાવરણને માત્ર મનોરંજક જ નહીં, પરંતુ ભાવુક પણ બનાવી દીધું.

કાર્યક્રમનું સૌથી મુખ્ય આકર્ષણ હતું – સર્ટિફિકેટ વિતરણ સમારોહ, જેણે આ નાની વિદ્યાર્થિનીઓની અકાદમિક યાત્રામાં એક સુંદર માઈલસ્ટોન ચિહ્નિત કર્યો હતો.

વલસાડમાં NEET(UG) – 2026ની પરીક્ષાના કેન્દ્રોથી ૨૦૦ મીટર વિસ્તારમાં ઝેરોક્ષ મશીનો ચલાવવા ઉપર પ્રતિબંધ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૨૭

વલસાડ જિલ્લામાં તા.૦૩-૦૫-૨૦૨૬ના રવિવારના રોજ નેશનલ ટેસ્ટિંગ એજન્સી, નવી દિલ્લી દ્વારા NEET(UG) – 2026 ની કુલ ૧૦ પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષા યોજાશે. આ પરીક્ષાના સરળ સંચાલન માટે તેમજ પરીક્ષાર્થીઓ અસામાજિક તત્વોના ત્રાસ અને ભય વિના પરીક્ષા આપી શકે અને બિલ્ડિંગ કંડક્ટરો અસામાજિક તત્વોના ત્રાસ અને ભય વિના શાંતિ અને સલામતી પૂર્વક પરીક્ષાનું સંચાલન કરી શકે તે દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે વલસાડના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ મહિપાલસિંહ ચુડાસમાએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ ૧૬૩ મુજબ મળેલી સત્તાની રૂએ જાહેરનામુ બહાર પાડ્યુ છે. જે મુજબ, પરીક્ષા દરમિયાન સભા સરઘસના આયોજન કરવા ઉપર તથા તમામ પરીક્ષા કેન્દ્રની હદથી ૨૦૦ મીટર ત્રિજ્યાના વિસ્તારમાં ઝેરોક્ષ મશીનો અને લાઉડ સ્પીકરો બંધ રાખવા અને બિન અધિકૃત વ્યક્તિઓ, ખાનગી વાહનોને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ કરતા અટકાવવા ઉપર પ્રતિબંધ મુક્યો છે.

પરીક્ષાના દિવસે સવારના ૮-૦૦થી સાંજે ૭-૦૦ વાગ્યા સુધી પરીક્ષા કેન્દ્રોની હદથી ૨૦૦ મીટર ત્રિજ્યાના વિસ્તારમાં ગેરકાયદેસર રીતે ૪ (ચાર) કરતા વધુ માણસોની કોઈ સભા ભરવી નહીં કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહી. પરીક્ષાના દિવસે સવારના ૮-૦૦થી સાંજે ૭-૦૦ વાગ્યા સુધી પરીક્ષા કેન્દ્રોની હદથી ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં લાઉડસ્પીકર તથા કોઈપણ પ્રકારના સાઉન્ડ સીસ્ટમનો ઉપયોગ કરવો નહીં. ઉપરોક્ત પરીક્ષા સ્થળોના ૨૦૦ મીટર ત્રિજ્યાના વિસ્તારમાં પ્રવેશતા ખાનગી વાહનો તેમજ પરીક્ષાર્થીઓને ગેરરીતિમાં મદદ કરવાના બદ-ઈરાદાથી જતી બહારની અનધિકૃત વ્યક્તિઓએ પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશ કરવો નહી તેમજ પ્રવેશ કરવાની કોશિશ કરવી નહી. પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ-વિક્ષેપ- ધ્યાનભંગ થાય તેવું કોઈ કૃત્ય કરવું કે કરાવવું નહી. પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઈ પણ ચીજવસ્તુઓ ઈલેક્ટ્રોનિક આઈટમ, પુસ્તક, કાપલીઓ કે ઝેરોક્ષ નકલોનું વહન કરવું નહીં તેમજ કરવવામાં મદદગીરી કરવી નહીં. પરીક્ષાખંડમાં વિદ્યાર્થીઓએ મોબાઈલ કે પરીક્ષામાં ચોરી ગણી શકાય તેવા કોઈપણ પ્રકારના ઈલેક્ટ્રોનિક ઉપકરણો લઈ જવા નહીં. તમામ પરીક્ષા કેન્દ્રોની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં પરીક્ષાની તારીખે સવારે ૮-૦૦ થી સાંજે ૭-૦૦ કલાક સુધી પરીક્ષાના દિવસો દરમિયાન ઝેરોક્ષ મશીન, પ્રીન્ટિંગની દુકાનો તથા સાઈબર કાફે ચાલુ રાખી શકાશે નહી.

લગ્નના વરઘોડા (સાઉન્ડ સીસ્ટમ વગર)ને કે સ્મશાન યાત્રાને કે રેલ્વે/એસ.ટી.માં મુસાફરીમાં જનાર બોનાફાઈડ વ્યક્તિઓને તેમજ પરીક્ષાની કામગીરી સાથે સંકળાયેલ અધિકૃત સરકારી કર્મચારીઓ, અધિકારીઓ, કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે મુકાયેલ કર્મચારીઓ તથા અધિકારીઓ, કેન્દ્રના સંવાહકો, સંચાલકો, સ્થળ સંચાલકો, ઝોન પ્રતિનિધિ, ખંડ નિરીક્ષકો, વોટરમેન, બેલમેન તથા ઓળખપત્ર આપવામાં આવેલ હોય તેવી નિરીક્ષણ ટુકડીઓ સહિતના તમામ અધિકૃત કર્મચારીઓને લાગુ પડશે નહી. આ હુકમથી ઓળખપત્ર વિનાની બિન અધિકૃત વ્યક્તિઓને પરીક્ષા સ્થળની અંદર પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કર્યે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર સામે પગલાં લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે તેથી ઉપરના હોદ્દા ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

NEET(UG) – 2026 ની પરીક્ષાના કેન્દ્રો

1. B K M SCIENCE COLLEGE, VALSAD
2. BAI AVABAI HIGH SCHOOL, VALSAD
3. D.C.O.S. HIGH SCHOOL, PARDI
4. GOVERNMENT SEC.& HIG.SEC.SCHOOL, MAGODDUNGRI, VALSAD
5. GOVT. POLYTECHNIC, VALSAD
6. KALYANI SCHOOL, ATUL
7. SHAH NAROTTAM HARJIVANDAS COMMERCE COLLEGE, VALSAD
8. SHRI JAMNABAI SARVAJANIK KANYA VIDYALAYA
9. SMT. J P SHROFF ART COLLEGE, VALSAD
10. ST. JOSEPH E. T. HIGH SCHOOL

નર્મદા જિલ્લાના ભૂછાડ ગામે કાળી વિદ્યાના વહેમમાં ભાઈએ કરી ભાઈની હત્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)
નર્મદા, તા.૨૭

નર્મદા જિલ્લાના ભૂછાડ ગામે મતદાનના દિવસે બે સગા ભાઈઓ અને ભત્રીજીઓ વચ્ચે ઝગડો થતા ગુસ્સામાં આવી એક ભાઈએ બીજા ભાઈને ધારિયું મારી ઘટના સ્થળે મોત નિપજાવ્યું હતું. જ્યારે તેની ભત્રીજીઓને પણ હાથ અને માથા ભાગે ધારિયું મારતા ગંભીર ઈજાઓ પહોંચી હતી. પોલીસે આરોપીને ઝડપી હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

નાંદોદ તાલુકાના ભૂછાડ ગામે ભવાની ફળિયામાં રહેતા રમેશ બારભાઈ વસાવા અને તેના નાના ભાઈ ગુર્જી બારભાઈ અને મોટાભાઈ વિઠ્ઠલની બે દીકરીઓ સાવિત્રી અને શિલ્પા સાથે ઝગડો થયો હતો.

કાળી વિદ્યા કરતા હોવાનો વહેમ રમેશ બારભાઈ વસાવા રાખતો હોવાને લઈને ઝગડો થયો હતો. જેમાં ઘરમાંથી ધારિયું લઈને રમેશ બારભાઈ વસાવાએ દુકાને ચા ખંડ લઈને આવતા ગુર્જી વસાવાને ગરદનના ભાગે ધારિયું માર્યું હતું. જેના પગલે ઘટના સ્થળે જ ગુર્જી વસાવાનું મોત નીપજ્યું હતું.

જ્યારે સાવિત્રીબેનને માથાના ભાગે અને શિલ્પાબેન ને હાથના ભાગે ધારિયું મારતા બંને બહેનો ને ગંભીર ઈજાઓ પહોંચી તેને તાત્કાલિક રાજપીપળા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે.લઈ જવામાં આવ્યા હતા. પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. જોકે આ આરોપીએ અગાઉ ૨૦૦૫માં પણ પોતાના મોટા ભાઈને મારી નાખી જેલમાં ગયો હતો.પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. જોકે આ આરોપીએ અગાઉ ૨૦૦૫માં પણ પોતાના મોટા ભાઈને મારી નાખી જેલમાં ગયો હતો. પરંતુ પોતાની માતાએ દીકરા સાથે આઠ મહિનામાં સમાધાન કરી જેલમાંથી મુક્ત કરાવ્યો હતો.

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

વર્તમાન પ્રવાહ

તંત્રી લેખ

કુદરતી પરિબળો માણસના હાથમાં નથી, પણ પૂર્વ તૈયારીથી તેની અસર ઓછી થઈ શકે છે

નબળાં ચોમાસાંની અસર નાના ખેડૂતો અને ગ્રામીણ અર્થતંત્ર પર વધારે પડવાની શક્યતા હોવાથી સરકારે સજ્જ રહેવું પડશે

લાગલગાટ સાત વર્ષના સારા વરસાદ અને છેલ્લી બે મૌસમમાં શ્રીકાર વર્ષા પછી આ વખતે ચોમાસું સરેરાશ કરતાં નબળું રહેવાની આગાહી પહેલાં સ્કાયમેટ અને હવે ઇન્ડિયન મીટિયોલોજી ડિપાર્ટમેન્ટે (આઇએમડી) કરી છે. પ્રશાંત મહાસાગરમાં ઉષ્ણતા વધવાને કારણે સર્જાતી અલ નિનોની અસરને કારણે આ વખતે સામાન્ય કરતાં ઓછો એટલે ૯૨ ટકા જેટલો વરસાદ પડવાનો અંદાજ વ્યક્ત કરાયો છે. ગયાં વર્ષે અતિવૃષ્ટિને કારણે પડેલા ફટકામાંથી મોટાભાગના ખેડૂતોને કળ વળી નથી, ત્યાં આ વર્ષે સરેરાશથી ઓછો નહીં, વધારનારી બાબત છે. અલ રાજ્યો, લદાખ, તેલંગાણા અને સરાસરી કરતાં ઓછો વરસાદ ભારતના મહત્તમ ભાગમાં ખાસ તથા મહારાષ્ટ્રમાં વિદર્ભ અને બાદ કરતા અન્ય ભાગોમાં વધારનારી આ આગાહી સાથે અનિશ્ચિતતાઓ પણ ઉમેરાઈ છે થઈ શકે છે. નબળાં ચોમાસાંની ગ્રામીણ અર્થતંત્ર પર વધારે કૃષિ ક્ષેત્ર હજી પણ મોટા આધારિત છે અને વિવિધ અલગ છે. મધ્યપ્રદેશમાં ઘઉંની નિર્ભર છે, તો મહારાષ્ટ્રમાં ૮૦ દેશમાં સરેરાશ ૬૦ ટકા કૃષિનું વળી, અલ નિનોના વર્ષમાં કઠોળ દાળના ઉત્પાદનમાં ઘટાડો થાય છે અને આ ઘટ ૨૫ ટકા જેટલી હોય છે. વળી, આ વખતે તો માર્ચ એપ્રિલમાં કમોસમી વરસાદે ઊભા પાકને નુકસાન પહોંચાડ્યું છે અને ઈરાન યુદ્ધને કારણે ખાતરના પુરવઠા પર અસર થઈ છે. લટકતી તલવાર સમી વાત એ છે કે, યુદ્ધ લાંબું ચાલ્યું તો ડીઝલ પણ મોંઘું થઈ શકે છે. વળી, આ વખતે હીટવેવના દિવસોની સંખ્યા પણ વધુ છે, આવામાં જમીનમાંનો ભેજ પણ શોષાઈ જવાથી વધુ મુશ્કેલીઓ સર્જાઈ શકે છે. શક્યતા એવી છે કે, ઈન્ડિયન ઓશન ડિપોલ નામનું હવામાન પરિબળ સર્જાવાની શક્યતા છે, જેના કારણે અલ નિનોની અસરમાં ઘટાડો થઈ શકે છે. જો કે, આ બાબત પણ અનિશ્ચિત છે. ગયાં વર્ષે કૃષિ ક્ષેત્રે અર્થતંત્રને સ્થિરતા આપવાનું કામ કર્યું હતું, પણ આ વર્ષે ખેડૂતોને મદદની જરૂર પડવાની છે, ત્યારે સરકારે સજ્જ રહેવું પડશે. ચોમાસું દેશના કયા ભાગમાં કેવું રહેશે એનો વર્તારો આગામી દિવસોમાં આવશે, આથી સરકાર પાસે તૈયારી માટે પૂરતો સમય છે, એટલે 'પાણી પહેલાં પાળ બાંધવી' ખુબ જરૂરી છે.' કુદરતી પરિબળો માણસના હાથમાં નથી, પણ પૂર્વ તૈયારીથી તેની અસર ઓછી થઈ શકે છે.

> **ચોમાસું દેશના કયા ભાગમાં કેવું રહેશે એનો વર્તારો આગામી દિવસોમાં આવશે, આથી સરકાર પાસે તૈયારી માટે પૂરતો સમય છે, એટલે 'પાણી પહેલાં પાળ બાંધવી' ખુબ જરૂરી છે'**

પણ ડેફિશિયન્ટ મોન્સૂન ચિંતા નિનોને કારણે ઈશાનનાં કેટલાંક આંધ્રપ્રદેશને બાદ કરતાં અન્યત્ર પડવાની શક્યતા છે, તો ઉત્તર કરીને ગંગાના મેદાન પ્રદેશ મરાઠવાડાના કેટલાક જિલ્લા અપૂરતો વરસાદ પડશે. ચિંતા યુદ્ધને કારણે સર્જાયેલી અને આની અસર ફુગાવા પર અસર નાના ખેડૂતો અને પડવાની શક્યતા છે. ભારતીય પ્રમાણમાં વરસાદ પર રાજ્યોમાં આનું પ્રમાણ અલગ અડધોઅડધ ખેતી ચોમાસાં પર ટકા ખેતી વરસાદ આધારિત છે, અવલંબન મોન્સૂન પર છે.

મણિપુર હિંસાના અસરગ્રસ્તો માટે કેન્દ્ર સરકારે રૂ.૯૪૭ કરોડનું ભંડોળ મંજૂર કર્યું: હિંસામાં ૨,૬૪૬ મકાનને નુકસાન થયું

(સંપૂર્ણ સમાચાર સેવા)

ઈમ્ફાલ, તા.૨૭

મણિપુર સરકારે વંશીય હિંસામાં ઘર વિહોણા થયેલા લોકોને આશરો આપવા માટે શરૂ કરેલા રાહત કેમ્પ્સની કામગીરીમાં કેન્દ્ર સરકારે રૂ.૪૨૪.૩૬ કરોડનું ભંડોળ મંજૂર કર્યું છે. કેન્દ્રિય ગૃહ વિભાગે અસરગ્રસ્તો અને વિસ્થાપિતોને પુનઃસ્થાપિત કરવા રૂ.૫૨૩ કરોડની રકમ ફાળવી છે. રાજ્યમાં સ્થિતિ સુધરી રહી હોવાથી ઘર છોડીને જવા મજબૂર બનેલા લોકો ધીમે-ધીમે પરત ફરી રહ્યા છે. મણિપુરના મુખ્યમંત્રી યુમનામ ખેમચંદ સિંઘના જણાવ્યા મુજબ, હિંસામાં ઘર છોડનારા વિસ્થાપિતોનું પુનઃવસન અને પુનઃસ્થાપન રાજ્ય સરકારની ટોચની પ્રાથમિકતા છે. અસરગ્રસ્તો માટે કાયમી આવાસના નિર્માણમાં કેન્દ્ર સરકાર સહાય કરી રહી છે અને હિંસામાં સંપત્તિ ગુમાવનારા લોકોને વળતર ચૂકવવામાં આવી રહ્યું છે.

> **વંશીય હિંસામાં ઘર વિહોણા બનેલા લોકોના પુનઃસ્થાપન અને સહાય માટે ભંડોળનો ઉપયોગ થશે**

ક્ષતિગ્રસ્ત બનેલા મકાનોના રીપેરિંગ માટે પણ સરકાર સહાય આપી રહી છે. અગાઉ વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં આ કામગીરી માટે રૂ.૭૩૪ કરોડની ફાળવણી કરાઈ હતી. મણિપુર કોંગ્રેસના નેતા હરેશ્વર ગોસ્વામીને આરટીઆઈ હેઠળ મળેલી વિગતોમાં ગૃહ વિભાગે જણાવ્યુ હતું કે ૩ મે, ૨૦૨૩થી ૩૦ માર્ચ, ૨૦૨૬ દરમિયાન વંશીય હિંસાના કારણે વિવિધ ગામમાં ૫૮,૮૮૧ લોકોને ઘર છોડવા ફરજ પડી હતી. ૧૦ માર્ચ ૨૦૨૬ની સ્થિતિએ રાજ્યમાં ૧૪૭ રાહત કેમ્પ સક્રિય હતા. મણિપુર પોલીસ હાઉસ કોર્પોરેશને ૩,૦૦૦ પ્રી-ફેબ્રિકેટેડ મકાનો બનાવી વિસ્થાપિતોના કામચલાઉ આવાસ બનાવેલા છે. મૃતકોને ચૂકવાયેલા વળતર મુજબ રાજ્યમાં ૨૧૭ મોત થયાં છે. રાજ્યમાં ૭,૮૯૪ કાયમી આવાસ સંપૂર્ણપણે નાશ પામ્યા છે અને ૨,૬૪૬ મકાનને આંશિક નુકસાન થયેલું છે.

ભારતના સોલાર સેક્ટરને અમેરિકાનો મોટો ઝટકો: ૧૨૩ ટકા એન્ટી-ડમ્પિંગ ડ્યુટી ફટકારી

(સંપૂર્ણ સમાચાર સેવા) **નવી દિલ્હી, તા.૨૭**

વૈશ્વિક ગ્રીન એનર્જી માર્કેટમાં મહાસત્તા બનવા તરફ આગળ વધી રહેલા ભારતીય સોલર મેન્યુફેક્ચરિંગ સેક્ટર માટે અમેરિકા તરફથી અત્યાર સુધીનો સૌથી મોટો આંચકો આવ્યો છે. અમેરિકાએ ભારતીય સોલર સેલ અને મોડ્યુલ્સની આયાત પર ૧૨૩.૦૪ ટકા જેટલી પ્રાથમિક એન્ટી-ડમ્પિંગ ડ્યુટી લાદવાની સત્તાવાર જાહેરાત કરી છે. આ નિર્ણય માત્ર એક ટેક્સ નથી, પરંતુ ભારતીય નિકાસકારો માટે અમેરિકન બજારના દરવાજા લગભગ બંધ કરી દેનારો એક આર્થિક પ્રહાર છે. ફેબ્રુઆરીમાં લાદવામાં આવેલી કાઉન્ટરવેલિંગ ડ્યુટી અને હવેની એન્ટી-ડમ્પિંગ ડ્યુટી મળીને ભારતીય ઉત્પાદનો પર કુલ ટેક્સનો બોજ ૨૩૪ ટકાથી પણ વધી ગયો છે. આ કઠોર નિર્ણયથી ભારતની ટોચની સોલર કંપનીઓ અને સરકારની રિન્યુએબલ એનર્જી નિકાસ રણનીતિ સામે ગંભીર પ્રશ્નાર્થચિહ્ન ઊભું થયું છે.

અમેરિકાના વાણિજ્ય વિભાગ દ્વારા ૨૩ એપ્રિલ, ૨૦૨૬ના રોજ એક વિસ્તૃત તપાસ અહેવાલના આધારે આ નિર્ણય લેવાયો હતો. તપાસમાં પ્રાથમિક રીતે સાબિત થયું છે કે ભારત, ઈન્ડોનેશિયા અને લાઓસ જેવા દેશો તેમના સોલર ઉત્પાદનો અમેરિકન માર્કેટમાં તેની વાસ્તવિક ઉત્પાદન કિંમત કરતા ઘણી ઓછી કિંમતે વેચી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય વેપારમાં આ પ્રક્રિયાને ડમ્પિંગ કહેવામાં આવે છે. જ્યારે કોઈ દેશ પોતાના ઘરઆંગણે વેચાતી કિંમત કરતા પણ ઓછી કિંમતે બીજા દેશમાં માલ ઠાલવે, ત્યારે તેને અટકાવવા માટે એન્ટી-ડમ્પિંગ ડ્યુટી લાદવામાં આવે છે. અમેરિકાનો દાવો છે કે, આ પ્રકારના અન્યાયી પ્રાઈસિંગને કારણે તેની સ્થાનિક કંપનીઓ સ્પર્ધામાં ટકી શકતી નથી અને તેમનું ઉત્પાદન ઠપ થઈ રહ્યું છે.

> **આ નિર્ણય માત્ર એક ટેક્સ નથી, પરંતુ ભારતીય નિકાસકારો માટે અમેરિકન બજારના દરવાજા લગભગ બંધ કરી દેનારો એક આર્થિક પ્રહાર છે**

ભારતીય સોલર નિકાસકારો અત્યારે બેવડો માર સહન કરી રહ્યા છે. એન્ટી-ડમ્પિંગ ડ્યુટી (૧૨૩.૦૪%): જે અત્યારે તાજેતરમાં લાદવામાં આવી છે. કાઉન્ટરવેલિંગ ડ્યુટી ઝફ્ઢ (૧૨૫.૮૭%) જે આ વર્ષે ફેબ્રુઆરીમાં લાદવામાં આવી હતી. અમેરિકાનો આક્ષેપ છે કે, ભારત સરકાર તેની સોલર કંપનીઓને વિવિધ પ્રોત્સાહનો અને સબસિડી આપે છે, જે આંતરરાષ્ટ્રીય વેપારના નિયમો વિરુદ્ધ છે. આ સબસિડીની અસરને બેઅસર કરવા માટે ઝફ્ઢ લાદવામાં આવે છે. જ્યારે આ બંને ટેક્સ ભેગા થાય છે, ત્યારે ભારતીય સોલર મોડ્યુલ્સની કિંમત અમેરિકામાં ત્રણ ગણી થઈ જાય છે, જે તેને ગ્રાહકો માટે બિલકુલ બિન-સ્પર્ધાત્મક બનાવી દે છે. અમેરિકાની આ તપાસમાં ભારતની કેટલીક વિશાળ કંપનીઓને સીધું નિશાન બનાવવામાં આવી છે. તપાસ અહેવાલમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે અમુક કંપનીઓ માટે ડમ્પિંગ માર્જિન વધુ છે. અદાણી ગ્રુપની મુંદ્રા સોલર પીવી અને મુંદ્રા સોલર એનર્જી આ તપાસના મુખ્ય કેન્દ્રમાં છે. અમેરિકા અદાણી સોલર માટે સૌથી મોટું બજાર હતું, જ્યાં હવે નિકાસ કરવી અત્યંત મુશ્કેલ બની ગઈ છે.

પ્રીમિયર એનર્જીસ આ કંપની માટે પણ વેઈટેડ એવરેજ ડમ્પિંગ માર્જિન ૧૨૩.૦૭ ટકા નક્કી કરવામાં આવ્યું છે. વારી એનર્જીસ અને વિક્રમ સોલર જેવી કંપનીઓ, જેમને વ્યક્તિગત રીતે તપાસવામાં આવી નથી, તેમના પર પણ 'ઓલ-અધર્સ' કેટેગરી હેઠળ સમાન દરે ટેક્સ લાગુ થશે.

હિમાલયના બરફમાં ઘટાડાથી સ્થિતિ ગંભીર

અલ નીનો એ એક કુદરતી આબોહવાની પેટર્ન છે, જેમાં મધ્ય અને પૂર્વી પ્રશાંત મહાસાગરની સપાટીનું તાપમાન સામાન્ય કરતા વધુ ગરમ થઈ જાય છે

WMO અનુસાર, ૨૦૨૬માં અલ નીનોની વાપસીથી ભારતમાં ઓછો વરસાદ અને વધુ ગરમીનો ખતરો છે,ભારતમાં મચાવશે કહેર, ચોમાસા પર મોટું સંકટ

વિશ્વભરમાં હવામાનના બદલાતા મિજાજ વચ્ચે ભારત માટે ૨૦૨૬ પડકારજનક સાબિત થઈ શકે છે. વિશ્વ હવામાન વિજ્ઞાન સંગઠને (WMO) સંકેત આપ્યો છે કે પ્રશાંત મહાસાગરમાં તાપમાન વધવાને કારણે અલ નીનોની સ્થિતિ ફરી સર્જાઈ શકે છે. શરૂઆતી પૂર્વાનુમાન મુજબ મે થી જુલાઈ વચ્ચે તેની અસર દેખાવાનું શરૂ થઈ શકે છે અને વર્ષના અંત સુધીમાં તે વધુ તીવ્ર બની શકે છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે હાલમાં સ્થિતિ તટસ્થ છે, પરંતુ ક્લાયમેટ મોડલ ઝડપથી અલ નીનો તરફ ઝુકાવ દર્શાવી રહ્યા છે. તેનાથી વૈશ્વિક હવામાન પ્રણાલીમાં મોટા ફેરફારોની શક્યતા બની રહી છે, જેની સીધી અસર ભારત પર પણ



પડશે. અલ નીનો એ એક કુદરતી આબોહવાની પેટર્ન છે, જેમાં મધ્ય અને પૂર્વી પ્રશાંત મહાસાગરની સપાટીનું તાપમાન સામાન્ય કરતા વધુ ગરમ થઈ જાય છે. તે 'અલ નીનો-સધર્ન ઓસિલેશન' (ENSO) ચક્રનો એક ભાગ છે, જેમાં ત્રણ તબક્કા હોય છે. જેમાં અલ નીનો (ગરમ), લા નીના (ઠંડો) અને તટસ્થ અવસ્થા. જ્યારે અલ નીનો સક્રિય થાય છે, ત્યારે તે વિશ્વભરમાં પવન અને વરસાદની પેટર્ન બદલી નાખે છે. આ જ કારણ છે કે કેટલાક વિસ્તારોમાં દુષ્કાળ વધે છે, જ્યારે કેટલીક જગ્યાએ અતિશય વરસાદ થાય છે. આ અસંતુલન વૈશ્વિક સ્તરે હવામાનને અતિશય (extreme) બનાવી દે છે.

અલ નીનોની અસર માત્ર એક પ્રદેશ પૂરતી મર્યાદિત નથી રહેતી, પરંતુ સમગ્ર વિશ્વમાં હવામાનનું ચિત્ર બદલાઈ જાય છે. ઓસ્ટ્રેલિયા અને ઈન્ડોનેશિયા જેવા દેશોમાં દુષ્કાળની સ્થિતિ સર્જાઈ શકે છે, જ્યારે દક્ષિણ અમેરિકા અને આફ્રિકાના કેટલાક ભાગોમાં ભારે વરસાદ જોવા મળે છે. આ સાથે વૈશ્વિક તાપમાનમાં વધારો, ચક્રવાતોની તીવ્રતામાં ફેરફાર અને હવામાનની અનિશ્ચિતતા વધી જાય છે. WMO અનુસાર, ૨૦૨૬ના મધ્ય મહિનાઓમાં ઉત્તર અમેરિકા, યુરોપ અને આફ્રિકાના કેટલાક ભાગોમાં સામાન્ય કરતા વધુ તાપમાન નોંધાઈ શકે છે. નિષ્ણાતોનું માનવું છે કે જળવાયુ પરિવર્તનને કારણે અલ નીનોની અસરો વધુ ગંભીર બની રહી છે. સમુદ્ર અને વાતાવરણમાં વધતી ગરમીને કારણે આવી ઘટનાઓ વધુ તીવ્ર સ્વરૂપ ધારણ કરી શકે છે.

ભારત અલ નીનો પ્રત્યે અત્યંત સંવેદનશીલ માનવામાં આવે છે, કારણ કે દેશની અર્થવ્યવસ્થા અને કૃષિ ઘણી હદ સુધી ચોમાસા પર નિર્ભર છે. ભારતીય હવામાન વિભાગ (IMD) અગાઉથી જ સંકેત આપી ચૂક્યું છે કે ૨૦૨૬નું દક્ષિણ-પશ્ચિમ ચોમાસું સામાન્ય કરતાં નબળું રહી શકે છે અને તે લાંબા ગાળાની સરેરાશના લગભગ ૯૨% જ રહી શકે છે. અલ નીનો વાળા વર્ષોમાં સામાન્ય રીતે ભારતમાં ચોમાસાનો વરસાદ ઓછો થાય છે, વરસાદનું વિતરણ અસમાન રહે છે અને લાંબા દુષ્કાળના ગાળા જોવા મળે છે. તેની સીધી અસર ખેડૂતોની આવક, પાક ઉત્પાદન અને ગ્રામીણ અર્થતંત્ર પર પડે છે. આ સિવાય હીટવેવ વધુ તીવ્ર બની શકે છે, જેનાથી સ્વાસ્થ્ય અને જળ સંસાધનો પર દબાણ વધે છે.

બીજી એક ગંભીર ચિંતા હિમાલય ક્ષેત્ર સાથે જોડાયેલી છે. અહેવાલો અનુસાર, હિંદુ કુશ હિમાલય ક્ષેત્રમાં હિમવર્ષા સામાન્ય કરતા લગભગ ૨૭.૮% ઓછી નોંધાઈ છે, જે છેલ્લા ઘણા વર્ષોમાં સૌથી નીચું સ્તર છે. આ વિસ્તાર ગંગા, સિંધુ અને બ્રહ્મપુત્રા જેવી મોટી નદીઓ માટે જળ સ્રોત તરીકે કામ કરે છે. બરફનું ઓછું થવું એ સંકેત આપે છે કે ઉનાળામાં નદીઓના જળ સ્તર ઘટી શકે છે, જેનાથી સિંચાઈ, પીવાના પાણી અને વીજ ઉત્પાદન પર અસર પડી શકે છે. જો અલ નીનોના કારણે વરસાદ પણ ઓછો થાય, તો આ સ્થિતિ વધુ ગંભીર બની શકે છે અને ઘણા ભાગોમાં જળ સંકટ વધી શકે છે. નિષ્ણાતોનું માનવું છે કે જો અલ નીનોનું પૂર્વાનુમાન સાચું સાબિત થાય છે, તો ભારતને અનેક પડકારોનો સામનો કરવો પડી શકે છે. જેમાં નબળું ચોમાસું, વધુ તાપમાન, લૂની તીવ્રતા, પાણીની અછત અને કૃષિ ઉત્પાદનમાં ઘટાડો સામેલ છે. આ ઉપરાંત ખાદ્ય ચીજોના ભાવમાં વધારો અને ગ્રામીણ આવક પર દબાણ પણ જોવા મળી શકે છે. આ સ્થિતિ માત્ર આર્થિક જ નહીં પરંતુ સામાજિક સ્તરે પણ અસર કરી શકે છે. જણાવી દઈએ કે અલ નીનો એક કુદરતી ચક્ર છે, પરંતુ બદલાતી આબોહવાના યુગમાં તેની અસરો વધુ જોખમી બની ગઈ છે.

આંધ્રપ્રદેશમાં છેલ્લા કેટલાક દિવસોથી પેટ્રોલ અને ડીઝલની ભારે અછત સર્જાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા) **અમરાવતી, તા.૨૭**

આંધ્રપ્રદેશમાં છેલ્લા કેટલાક દિવસોથી પેટ્રોલ અને ડીઝલની ભારે અછત સર્જાઈ છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવ અને ક્રૂડ ઓઈલના વધતા ભાવની અસર હવે ગ્રાઉન્ડ લેવલ પર દેખાવા લાગી છે. રાજ્યના ૪૫૧૦ પેટ્રોલ પંપોમાંથી અંદાજે ૪૨૧ પંપો સ્ટોકના અભાવે કામચલાઉ ધોરણે બંધ કરી દેવામાં આવ્યા છે, જેના કારણે વાહનચાલકોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

રાજ્યમાં ઈંધણની કટોકટી વચ્ચે મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ રવિવારે ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજી હતી.

મુંબઈથી અમરાવતી પરત ફરતા પહેલા જ તેમણે મુખ્ય સચિવ સાઈ પ્રસાદ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ સાથે ટેલિફોનિક કોન્ફરન્સ કરી પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. ઝસ્એ જિલ્લા કલેક્ટરો અને મત્સ્યોદ્યોગ વિભાગના અધિકારીઓને ખાસ કરીને એક્વાકલ્ચર સેક્ટરમાં ઈંધણની સપ્લાય ખોરવાય નહીં તે માટે તાત્કાલિક એક્શન પ્લાન અમલમાં મૂકવા સૂચના આપી છે.

અધિકારીઓએ મુખ્યમંત્રીને જણાવ્યું હતું કે, સપ્લાયમાં અડચણોની અફવાને કારણે લોકો જરૂરિયાત કરતા વધુ ઈંધણ ભરાવી રહ્યા છે. રોજના આશરે ૬૩૩૦ કિલોલીટર પેટ્રોલ અને ૯૦૪૮ કિલોલીટર ડીઝલનું વેચાણ થાય છે. શનિવારે જ ૧૦,૩૪૫ કિલોલીટર પેટ્રોલ અને ૧૪,૧૫૬ કિલોલીટર ડીઝલનું વેચાણ થયું હતું. આમ, માંગમાં ૫૦% થી વધુનો અચાનક ઉછાળો આવતા પેટ્રોલ પંપ પરનો સ્ટોક ઝડપથી ખાલી થઈ રહ્યો છે. સપ્લાયમાં ૧૦%નો વધારો કરવામાં આવ્યો હોવા છતાં, પેનિક બાયિંગને કારણે લાંબી કતારો જોવા મળી રહી છે.

> **૪૦૦ પેટ્રોલ પંપ બંધ, CMએ ઈમરજન્સી બેઠક બોલાવી, અફવાના કારણે આ રાજ્યમાં પેટ્રોલ-ડીઝલ માટે પડાપડી: માંગમાં ૫૦%થી વધુનો ઉછાળો પેનિક બાયિંગ મુખ્ય કારણ**

આંધ્રપ્રદેશ પેટ્રોલિયમ એસોસિએશનના પ્રમુખ ગોપાલ કૃષ્ણાએ જણાવ્યું હતું કે, ઓઈલ કંપનીઓ હાલમાં દર બે દિવસે એકવાર સ્ટોક રિફિલ કરી રહી છે, જે પૂરતો નથી. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ વધવાને કારણે ઓઈલ માર્કેટિંગ કંપનીઓને પ્રતિ લીટર ૩૦ થી ૪૦ રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે, જે સપ્લાય ચેઈનને અસર કરી રહ્યું છે. જો પુરવઠો સામાન્ય નહીં થાય તો સોમવાર સુધીમાં સ્થિતિ વધુ ગંભીર બની શકે છે.

બીજી તરફ, કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે, દેશમાં પેટ્રોલ, ડીઝલ અને એલપીજી (LPG)નો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે.

પશ્ચિમ એશિયાની સ્થિતિ અને હોર્મુઝની સ્ટ્રેટના વિવાદ વચ્ચે પણ ભારત સરકાર ૧૦૦% સપ્લાય સુનિશ્ચિત કરી રહી છે. સરકારે નાગરિકોને અપીલ કરી છે કે, પેટ્રોલ-ડીઝલના ભાવમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી અને લોકોએ બિનજરૂરી સંગ્રહખોરી કે પેનિક બાયિંગ ટાળવું જોઈએ. હાલમાં આંધ્રપ્રદેશ સરકાર ઓઈલ કંપનીઓ સાથે સતત સંપર્કમાં છે અને આશા વ્યક્ત કરવામાં આવી રહી છે કે સોમવાર સુધીમાં સપ્લાય ચેઈન ફરી પાટા પર આવી જશે.

કેદારનાથ ધામમાં 3 દિવસમાં ૧ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ કર્યા બાબાના દર્શન

રાજ્ય સરકારે આ વખતે મુસાફરોની સુવિધા અને સુરક્ષા માટે પહેલા કરતા વધુ વ્યાપક વ્યવસ્થાઓ કરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

દેહરાદુન, તા.૨૭

હિમાલયની ગોદમાં વસેલા કેદારનાથ ધામમાં અત્યારે ભક્તિનું એવું પૂર ઉમટી રહ્યું છે જેવું કદાચ પહેલા ક્યારેય જોવા મળ્યું નથી. કપાટ ખુલ્યાના માત્ર ૩ દિવસની અંદર આશરે ૧ લાખ ૧૦ હજાર શ્રદ્ધાળુઓ બાબા કેદારના દર્શન કરી ચૂક્યા છે. 'ૐ નમઃ શિવાય' ના જયઘોષથી ગુંજતું આ ધામ ફરી એકવાર આસ્થા અને આધ્યાત્મનું કેન્દ્ર બની ગયું છે. ચારધામ યાત્રાની શરૂઆત સાથે જ કેદારનાથમાં શ્રદ્ધાળુઓનો પ્રવાહ શરૂ થઈ ગયો છે. દેશના ખૂણે-ખૂણેથી અને વિદેશથી પણ ભક્તો અહીં પહોંચી રહ્યા છે. રાજ્ય સરકારે આ વખતે મુસાફરોની સુવિધા અને સુરક્ષા માટે પહેલા કરતા વધુ વ્યાપક વ્યવસ્થાઓ કરી છે. કેદાર સભાના અધ્યક્ષ રાજકુમાર તિવારીએ જણાવ્યું કે કેદારનાથજીના કપાટ ખુલ્યા બાદ હવે ભગવાન ભૈરવનાથના કપાટ પણ શ્રદ્ધાળુઓ માટે ખોલી દેવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે ધામમાં આ સમયે વ્યવસ્થાઓ સંપૂર્ણપણે સુદ્રઢ છે અને કોઈ પણ શ્રદ્ધાળુ દર્શનથી વંચિત રહી રહ્યો નથી. મંદિરમાં ભીડને નિયંત્રિત રાખવા માટે ટોકન વ્યવસ્થા લાગુ કરવામાં આવી છે, જેનાથી શ્રદ્ધાળુઓને લાંબી કતારોમાં ઉભા રહેવાની જરૂર નથી પડી રહી અને દર્શન પણ ઝડપથી થઈ રહ્યા છે. રહેવા, ખાવા-પીવા અને દર્શન ત્રણેય મોરચે પ્રશાસનની તૈયારી

પહેલા કરતા સારી હોવાનું જણાવવામાં આવી રહ્યું છે.

જોકે આ ઉત્સાહ વચ્ચે એક ચિંતા પણ છે. કેદાર સભાના વરિષ્ઠ સભ્ય ઉમેશ ચંદ્ર પોસ્તીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે કેટલાક લોકો સોશિયલ મીડિયા પર કેદારનાથ ધામ વિશે જૂઠી અને ભ્રામક ખબરો ફેલાવી રહ્યા છે. આવી ખબરોથી શ્રદ્ધાળુઓમાં બિનજરૂરી ડર અને ભ્રમ પેદા થઈ રહ્યો છે. તેમણે દેશ-વિદેશના તમામ શ્રદ્ધાળુઓને અપીલ કરી કે તેઓ કોઈ પણ આશંકા વગર કેદારનાથ આવે. મંદિર પ્રશાસન, જિલ્લા પ્રશાસન અને સ્થાનિક લોકો મળીને દિવસ-રાત વ્યવસ્થાઓમાં લાગેલા છે. કેદાર સભાના સભ્ય સંજય તિવારીએ પણ આ ભ્રામક ખબરોનું ખંડન કરતા કહ્યું કે ભૌગોલિક પરિસ્થિતિઓને જોતા અહીં જે વ્યવસ્થાઓ કરવામાં આવી છે, તે દરેક રીતે બહેતર છે. તેમણે કહ્યું કે કેટલાક અસામાજિક તત્વો દ્વારા ધામની છબી ખરાબ કરવાનો પ્રયાસ કરવો અત્યંત નિંદનીય છે અને આવી હરકતો પર ધ્યાન આપવું જોઈએ નહીં.

કેદારનાથ ધામની યાત્રા હંમેશા સરળ રહી નથી. ઊંચાઈ, ઠંડી અને કઠિન રસ્તો હોય છે, પરંતુ જે એકવાર બાબા કેદારના દર્શન કરી લે છે, તે આ બધી મુશ્કેલીઓ ભૂલી જાય છે. આ વખતે પ્રશાસનનો પ્રયાસ છે કે યાત્રા સુગમ અને સુરક્ષિત હોય તથા દરેક શ્રદ્ધાળુને દર્શનનો લાભ મળે.

સ્પોર્ટ્સ ન્યૂઝ

આઉટ થયા બાદ મેદાન પર કરી હતી હરકત

KKRના સ્ટાર બેટર અંગકૃષ રઘુવંશી પર IPLએ કરી કાર્યવાહી

અંગકૃષ રઘુવંશીએ લખનઉ સુપર જાયન્ટ્સ સામેની મેચ દરમિયાન અમ્પાયરના નિર્ણય પર નારાજગી વ્યક્ત કરી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૭: લખનઉના મેદાન પર રમાયેલી રોમાંચક મેચ બાદ હવે એક નવો વિવાદ સામે આવ્યો છે. કોલકાતા નાઈટ રાઈડર્સના યુવા બેટર અંગકૃષ રઘુવંશી સામે IPL દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. લખનઉ સુપર જાયન્ટ્સ(LSG) સામેની મેચ દરમિયાન અમ્પાયરના નિર્ણય પર નારાજગી વ્યક્ત કરવી આ ખેલાડીને ભારે પડી છે. મેચમાં જ્યારે થર્ડ અમ્પાયરે રઘુવંશીને 'ઓબ્સ્ટ્રક્ટિંગ ધ ફિલ્ડ' હેઠળ આઉટ જાહેર કર્યો, ત્યારે તે આ નિર્ણયથી ઘણો હતાશ દેખાયો હતો અને મેદાન પર જ પોતાનો ગુસ્સો ઠાલવ્યો હતો.

આઈપીએલના સત્તાવાર નિવેદન મુજબ, આચાર સંહિતાના ભંગ બદલ અંગકૃષ રઘુવંશી પર મેચ ફીના ૨૦ ટકા દંડ ફટકારવામાં આવ્યો છે, સાથે જ તેના ખાતામાં એક ડિમેરિટ પોઈન્ટ પણ ઉમેરવામાં આવ્યો છે. રઘુવંશીને આઈપીએલ આચાર સંહિતાની કલમ ૨.૨ હેઠળ લેવલ ૧નો દોષી માનવામાં આવ્યો છે. આ કલમ મેચ દરમિયાન ક્રિકેટના સાધનો અથવા મેદાનની સામગ્રીના દુરુપયોગ સાથે સંબંધિત છે. રઘુવંશીએ પોતાની ભૂલ સ્વીકારી લીધી છે અને મેચ રેફરી દ્વારા આપવામાં આવેલી સજાનો સ્વીકાર કર્યો છે.

KKRની ઈનિંગની પાંચમી ઓવરમાં જ્યારે રઘુવંશીને વિવાદિત રીતે આઉટ આપવામાં આવ્યો, ત્યારે તે પોતાનો સંયમ ગુમાવી બેઠો હતો. આઉટ થઈને પરત ફરતી વખતે તેણે ગુસ્સામાં પોતાના બેટથી બાઉન્ડ્રી કુશન પર જોરદાર પ્રહાર કર્યો હતો અને ત્યારબાદ હેલ્મેટને પણ ડગઆઉટ તરફ જોરથી ફેંક્યું હતું.

ખેલાડીનું આવું આક્રમક વર્તન શિસ્તભંગ માનવામાં આવે છે, જેના કારણે આ એક્શન લેવામાં આવ્યું છે.

વિવાદો વચ્ચે પણ આ મેચ અત્યંત રોમાંચક રહી હતી. લખનઉ અને કોલકાતા વચ્ચેની આ મેચ છેલ્લી ઘડી સુધી હાઈ-વોલ્ટેજ રહી અને અંતે સુપર ઓવરમાં પહોંચી હતી. મેચના છેલ્લા બોલ પર લખનઉને જીતવા માટે ૭ રન જોઈતા હતા ત્યારે મોહમ્મદ શમીએ લોન્ગ-ઓફ પર સિક્સર ફટકારીને સ્કોર બરાબર કરી દીધો હતો. જોકે, સુપર ઓવરમાં કોલકાતા નાઈટ રાઈડર્સે શાનદાર પ્રદર્શન કરીને લખનઉ સુપર જાયન્ટ્સને હરાવી મેચ પોતાના નામે કરી લીધી હતી.

ભારે ગરમીને કારણે અનેક રાજ્યોમાં શાળાઓ બંધ રહેશે

મોટા ભાગના રાજ્યોમાં શિક્ષણ સંસ્થાઓ બંધ કરવામાં આવી છે, તો કેટલીક જગ્યાએ શાળાના સમયમાં ફેરફાર કરાયા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૭

દેશના અનેક શહેરોમાં તાપમાનનો પાસો ૪૪-૪૫ ડિગ્રી આસપાસ પહોંચી ગયો છે. ભીષણ ગરમીની અસર શાળાઓ પર પણ પડી છે. અનેક રાજ્યોમાં ગરમીને કારણે ઉનાળું વેકેશન જાહેર કરી દેવામાં આવ્યું છે તો કેટલીક જગ્યાએ શાળાનો સમય નક્કી કરવામાં આવ્યો છે. સવારથી જ સૂર્ય દેવતાનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. બપોરના સમયે તો લૂ લાગવાની શરૂ થાય છે. તાપમાનના વધારાને કારણે ઘણા રાજ્યોમાં શૈક્ષણિક કેલેન્ડર પણ ખોરવાઈ ગયું છે. વિદ્યાર્થીઓને ગરમીથી બચાવવા માટે તત્કાલ પગલાં ભરવામાં આવ્યા છે.

જુઓ ગરમીને લીધે ક્યા રાજ્યોમાં કયા નિર્ણયો લેવાયા

છત્તીસગઢઃ છત્તીસગઢમાં ગરમીને કારણે ઉનાળુ વેકેશન પડી ગયું છે. રાજ્યમાં ૨૦ એપ્રિલથી ૧૫ જૂન સુધી રજાઓ આપી દેવામાં આવી છે. ગરમીને કારણે ઉનાળુ વેકેશન નિર્ધારિત સમય કરતા બે સપ્તાહ વહેલું શરૂ થઈ ગયું છે. ઓડિશાઃ ઓડિશામાં ગરમીને કારણે શાળાઓ ૨૭ એપ્રિલથી બંધ રહેશે. પશ્ચિમ બંગાળઃ પશ્ચિમ બંગાળમાં ૨૨ એપ્રિલથી રજાઓ શરૂ થઈ ગઈ છે. જોકે પહાડી જિલ્લા દાર્જલિંગમાં શૈક્ષણિક સંસ્થાઓ ચાલુ છે. ત્રિપુરાઃ ત્રિપુરામાં ૨૪ એપ્રિલથી ૧ મે સુધી ફરજીયાત શાળાઓ બંધ રાખવામાં આવી છે. ઝારખંડઃ રાજ્યમાં ગરમીથી પ્રભાવિત જિલ્લાઓમાં શાળાઓને અસ્થાયી બંધ રાખવાની સલાહ અધિકારીઓએ આપી છે. દેહરાદૂનઃ ઉત્તરાખંડમાં પણ ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. રાજ્યમાં ૨૭ એપ્રિલ, સોમવારથી શાળાઓ બંધ રાખવાનો નિર્દેશ આપ્યો છે. આ નિર્દેશ આંગણવાડી કેન્દ્રો અને ધોરણ ૧થી ૧૨ની સરકારી અને ખાનગી શાળાઓને લાગૂ પડે છે. દેશના ઘણા રાજ્યોમાં ભારે ગરમીને કારણે શાળાના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. મોટા ભાગની શાળાઓ સવારના સમયે ચાલી રહી છે. ઉત્તર પ્રદેશઃ સવારે ૭.૩૦થી બપોરે ૧૨.૩૦ સુધી. ઝારખંડઃ સવારે ૭ કલાકથી ૧૧.૩૦ કલાક સુધી. બિહારઃ સવારે ૧૧.૩૦ કલાક સુધી. મધ્યપ્રદેશઃ સવારે ૧૧.૩૦ કલાકથી બપોરે ૧૨.૩૦ કલાક સુધી. ઓડિશાઃ સવારે ૬.૩૦ કલાકથી ૧૦.૩૦ કલાક સુધી. મહારાષ્ટ્રઃ સવારે ૭ કલાકથી ૧૧.૧૫ કલાક સુધી. તો જે શૈક્ષણિક સંસ્થાઓ બંધ થઈ નથી તેના માટે આરોગ્ય જોખમને ઘટાડવા માટે ગરમી સુરક્ષા પ્રોટોકોલ લાગૂ કરવામાં આવ્યા છે. તેમાં મુખ્ય પગલું 'વોટર બેલ' પહેલ છે, જે દિલ્હી અને ઉત્તરાખંડમાં અપનાવવામાં આવે છે. જે વિદ્યાર્થીઓને હાઈડ્રેટેડ રહેવાની યાદ અપાવે છે. આ સિવાય દિલ્હી અને તેલંગણામાં સવારે ૧૧ કલાકથી સાંજે ૪ કલાક સુધી આઉટડોર એક્ટિવિટી અને ગેમ્સ બંધ કરવામાં આવી છે.

AAPને ઝટકો, ૭ બળવાખોર સાંસદોના વિલયને મંજૂરી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૭

આમ આદમી પાર્ટી છોડનાર રાજ્યસભાના ૭ સાંસદોને ભાજપમાં વિલય કરવાને મંજૂરી મળી ગઈ છે. આ સાથે ભાજપની રાજ્યસભા સાંસદોની સંખ્યા ૧૧૩ થઈ ગઈ છે. ઈતિહાસમાં પ્રથમવાર ભાજપ આ આંકડા પર પહોંચ્યું છે. તો આમ આદમી પાર્ટી માટે આ મોટો ઝટકો છે અને તેના ઉપલા ગૃહમાં હવે માત્ર ત્રણ સાંસદો વધ્યા છે.

રાજ્યસભા સચિવાલયે આમ આદમી પાર્ટીમાંથી ભાજપમાં સામેલ થયેલા બધા સાંસદોને લઈને નોટિફિકેશન જારી કર્યું છે. તેમને ભાજપના સભ્યો ગણાવવામાં આવ્યા છે. હવે સંસદના ઉપલા ગૃહમાં ભાજપના સાંસદોની સંખ્યા ૧૧૩ થઈ ગઈ છે. નોંધનીય છે કે, રાઘવ ચઢ્ઢાના નેતૃત્વમાં સાત સાંસદોએ બળવો કરી આમ આદમી પાર્ટીનો સાથ છોડી દીધો હતો. આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહે રવિવારે રાજ્યસભાના સભાપતિ સીપી રાધાકૃષ્ણનને પત્ર લખ્યો હતો, જેમાં તેમણે આપ છોડનાર સાત સાંસદોને અયોગ્ય જાહેર કરવાની માંગ કરી હતી. પત્રમાં લખવામાં આવ્યું હતું કે, આ સાંસદ આમ આદમી પાર્ટીની ટિકિટ પર ઉપલા ગૃહ માટે ચૂંટાયા છે, પરંતુ બાદમાં તેમણે પાર્ટી છોડી ભાજપમાં સામેલ થવાનો નિર્ણય કર્યો.

સંજય સિંહે કહ્યુ હતું કે, આપના સાતેય સાંસદો તરફથી ઉઠાવવામાં આવેલું આ પગલું પક્ષપલટા સમાન છે. આ પંજાબની જનતા અને ભારતના બંધારણ સાથે વિશ્વાસઘાત છે. તેમણે કહ્યું કે, જરૂર પડવા પર આમ આદમી પાર્ટી આ મામલામાં કાયદાકીય પગલાં ભરશે.

મહારાષ્ટ્રનું અકોલા ૪૬.૯ ડિગ્રી સાથે દેશનું સૌથી હોટ શહેર

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૭

દેશમાં રવિવારે પણ આકાશમાંથી લૂ વરસતા કાળઝાળ ગરમીનો પ્રકોપ યથાવત્ રહ્યો હતો. રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને પંજાબમાં સરેરાશ તાપમાન ૪૫ ડિગ્રીથી ઉપર રહ્યું હતું જ્યારે મહારાષ્ટ્રનું અકોલા ૪૬.૯ ડિગ્રી સાથે દેશનું સૌથી હોટ શહેર બન્યું હતું જ્યારે ઉત્તર પ્રદેશના બાંદામાં ૪૬.૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ઉત્તર ભારત સોમવારે પણ ગરમીમાં શેકાય તેવી શક્યતા છે.

હવામાન વિભાગે ચેતવણી આપી હતી કે હજુ આગામી કેટલાક દિવસો સુધી આકરી ગરમીનો સામનો કરવો પડી શકે છે. મહારાષ્ટ્રમાં આકાશમાંથી લૂ વરસી રહી છે. વિદર્ભમાં તમામ જિલ્લામાં રવિવારે ૪૩ થી ૪૬ ડિગ્રી વચ્ચે તાપમાન રહેતાં લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા.

મહારાષ્ટ્રના અકોલામાં દેશનું સૌથી વધારે ૪૬.૯ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. અકોલામાં સતત છેલ્લા ત્રણ દિવસથી ૪૫ ડિગ્રીથી વધારે તાપમાન નોંધાઈ રહ્યું છે. અકોલામાં આ વર્ષનું આ સૌથી વધારે તાપમાન નોંધાયું છે. બીજી તરફ અમરાવતીમાં પણ ૪૬.૮ તથા વર્ધામાં ૪૬ ડિગ્રી તાપમાન નોંધાતાં જનજીવન પર ઘેરી અસર વર્તાઈ હતી. ઉત્તર ભારતમાં પણ ગરમીએ રવિવારે ભારે કેર વર્તાવ્યો હતો. ઉત્તર પ્રદેશના બાંદામાં ૪૬.૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું જ્યારે રાજ્યના અનેક શહેરોમાં સરેરાશ તાપમાન ૪૦થી ૪૫ ડિગ્રીની આસપાસ રહ્યું હતું. કાળઝાળ ગરમીના કારણે ભગવાન રામની નગરી અયોધ્યામાં પણ ભક્તોની ભીડ ઓછી થઈ ગઈ છે. અધિકારીઓએ કહ્યું કે, સામાન્ય દિવસોમાં અયોધ્યામાં દૈનિક ૧,૦૦,૦૦૦ શ્રદ્ધાળુઓ રામ લલાના દર્શને આવે છે ત્યારે હીટવેવના કારણે રવિવારે માત્ર ૪૦,૦૦૦ શ્રદ્ધાળુ આવ્યા હતા.

પંજાબ અને હરિયાણામાં રવિવારે નારનૌલ અને ભટિન્ડા સૌથી ગરમ સ્થળ રહ્યા હતા. નારનૌલમાં વિક્રમી ૪૪.૨ ડિગ્રી સે. તેમજ ભટિંડામાં ૪૩.૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. રાજસ્થાનના અનેક ભાગોમાં હીટવેવની સ્થિતિ રહી હતી.

બાડમેરમાં સૌથી વધુ ૪૬ ડિગ્રી સે. તાપમાન નોંધાયું હતું. હિમાલયન રાજ્ય જમ્મુ-કાશ્મીર પણ હીટવેવથી અછૂતું રહ્યું નથી. જમ્મુ-કાશ્મીરમાં પણ અંગ દઝાડતી ગરમી અનુભવાઈ રહી છે. જમ્મુના કેટલાક વિસ્તારો સિવાયના ભાગોમાં પારો લઘુત્તમ તાપમાનથી ઉપર રહ્યો છે. જમ્મુ સહિત કઠુઆ, રિયાસી, ઉધમપુર જેવા મેદાની વિસ્તારો હીટવેવની અસર હેઠળ આવ્યા છે. જમ્મુ-કાશ્મીરના સાંબામાં ૪૨ ડિગ્રી જ્યારે જમ્મુ અને કઠુઆમાં ૪૦ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

ડ્રોન એટેકના જવાબમાં લેબેનોનમાં ઈઝરાયલે વરસાવ્યો કહેર, ૧૪ લોકોના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૭

ઈઝરાયલ અને લેબનોન વચ્ચે 16 એપ્રિલથી અમલી બનેલા નાજુક સીઝફાયરનો ભંગ થયો છે. હિઝબુલ્લાહ દ્વારા કરવામાં આવેલા ડ્રોન હુમલામાં એક 19 વર્ષીય ઈઝરાયલી સૈનિકનું મોત થયું હતું, જેના જવાબમાં ઈઝરાયલી વાયુસેનાએ દક્ષિણ લેબનાનમાં હિઝબુલ્લાહના ઠેકાણાઓ પર ભીષણ હવાઈ હુમલા શરૂ કર્યા હતા. જેમાં 14 લોકોના મોતની માહિતી સામે આવી છે.

ઈઝરાયલી વાયુસેનાએ લેબેનોન તરફથી છોડવામાં આવેલા હિઝબુલ્લાહના ત્રણ ડ્રોનને સરહદ ઓળંગે તે પહેલા જ હવામાં તોડી પાડ્યા હતા. આ ડ્રોન વેસ્ટર્ન ગલીલી વિસ્તારમાં ટ્રેક કરવામાં આવ્યા હતા. દક્ષિણ લેબનાનમાં તૈનાત ઈઝરાયલી સૈનિકો પર હિઝબુલ્લાહના ડ્રોન હુમલામાં એક સૈનિક શહીદ થયો છે અને અન્ય છ સૈનિકો ઘાયલ થયા હોવાની આર્મીએ પુષ્ટિ કરી છે. ઈઝરાયલ ડિફેન્સ ફોર્સિસ (IDF) એ દક્ષિણ લેબનાનના અનેક ગામોના રહેવાસીઓને તાત્કાલિક સ્થળ ખાલી કરવાની ચેતવણી આપી છે. IDF એ હિઝબુલ્લાહના એવા ઠેકાણાઓને નિશાન બનાવ્યા છે જ્યાંથી ઈઝરાયલી સૈનિકો પર હુમલા કરવામાં આવતા હતા.

ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ સરકારી બેઠકમાં જણાવ્યું હતું કે, "હિઝબુલ્લાહની હરકતો સીઝફાયરનું ઉલ્લંઘન કરી રહી છે. IDF લેબનાનમાં સંપૂર્ણ તાકાત સાથે કાર્યરત છે અને કોઈપણ હુમલાનો જડબાતોડ જવાબ આપવા માટે તૈયાર છે."

ઉલ્લેખનીય છે કે, ગત ગુરુવારે જ સીઝફાયરને ત્રણ અઠવાડિયા માટે વધારવામાં આવ્યું હતું, જેમાં ઈઝરાયલ પાસે આત્મરક્ષણ માટે હુમલો કરવાનો અધિકાર સુરક્ષિત રાખવામાં આવ્યો છે. ઈરાન અને અમેરિકા વચ્ચેના વધતા તણાવ વચ્ચે લેબનાન સરહદે શરૂ થયેલી આ હિંસા મધ્ય પૂર્વમાં શાંતિના પ્રયાસોને મોટો ફટકો મારી શકે છે. ડોનાલ્ડ ટ્રમ્પના કડક આદેશો અને ઈરાનની નાકાબંધી બાદ આ વિસ્તારમાં યુદ્ધની જ્વાળાઓ ફરી ભડકે તેવી આશંકા સેવાઈ રહી છે.

વિશ્વના ધનિકોમાં ગૌતમ અદાણીની ગગનચુંબી છલાંગ

$૧૦૦ અબજની કલબમાં ધમાકેદાર વાપસી, બિલ ગેટ્સને પછાડી ૧૭મા સ્થાને

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

સુરત, તા.૨૭

ભારતીય ઉદ્યોગ જગતના માંધાતા અને અદાણી ગ્રુપના ચેરમેન શ્રી ગૌતમ અદાણીએ ફરી એકવાર વૈશ્વિક સ્તરે ડંકો વગાડ્યો છે. શેરબજારના ઘટાડા વચ્ચે પણ અદાણીની સંપત્તિમાં તોફાની તેજી જોવા મળી છે. માત્ર ૨૪ કલાકમાં $૭.૧૬ અબજ (આશરે રૂા.૬૦,૦૦૦ કરોડ) ની કમાણી કરીને અદાણીએ વિશ્વના અમીરોની યાદીમાં મોટું ઉલટફેર કરી નાંખ્યું છે.



આ સાથે જ ધનિકોની વૈશ્વિક યાદીમાં નવો ઈતિહાસ રચાયો છે. બ્લૂમબર્ગ બિલિયોનેર ઈન્ડેક્સના લેટેસ્ટ રિપોર્ટ અનુસાર, અદાણીની નેટવર્થ હવ $૧૦૬ અબજ પર પહોંચી ગઈ છે. આ સાથે જ તેઓ વિશ્વના સૌથી ધનિકોની યાદીમાં ૧૭માં સ્થાને પહોંચ્યા છે. તેમણે માઈક્રોસોફ્ટના દિગ્ગજ બિલ ગેટ્સ ($૧૦૪ અબજ)ને પાછળ છોડી દીધા છે. આ વર્ષે અત્યાર સુધીમાં તેમની સંપત્તિમાં $૨૧.૪ અબજનો જંગી વધારો થયો છે.

આ તરફ અદાણી અને અંબાણી જૂથની સંપત્તિની રેસમાં પણ અંતર વધ્યું છે. એક તરફ શ્રી ગૌતમ અદાણીની સંપત્તિમાં જંગી ઉછાળો આવ્યો છે, તો બીજી તરફ રિલાયન્સના શ્રી મુકેશ અંબાણીની નેટવર્થમાં ઘટાડો નોંધાયો છે. શ્રી મુકેશ અંબાણીની સંપત્તિ $૧.૧૧ અબજ ઘટીને હવે $૯૦.૨ અબજ થઈ છે, જેના કારણે તેઓ વિશ્વના અમીરોની યાદીમાં ૨૦માં સ્થાને ખસી ગયા છે. અદાણી હવે અંબાણી કરતા આશરે ૧૬ અબજ વધુ સંપત્તિ ધરાવે છે.

બજારના નિષ્ણાતોના મતે, અદાણીના શેરોમાં આવેલી તેજી પાછળના મુખ્ય કારણોમાં અદાણી ગ્રુપની કંપનીઓના મજબૂત ત્રિમાસિક પરિણામો અને રોકાણકારોનો વધતો ભરોસો છે. ખાસ કરીને પાવર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં ગ્રુપના આક્રમક વિસ્તારે તેમની નેટવર્થને નવી ઊંચાઈ આપી છે.

વિશ્વના ટોપ-૫ અમીરોની યાદી જોઈએ તો,

એલોન મસ્ક $૬૪૫ અબજ (ટેસ્લા/સ્પેસએક્સ)

લેરી પેજ $૨૮૯ અબજ (ગૂગલ)

જેફ બેઝોસ $૨૭૪ અબજ (એમેઝોન)

સર્ગેઈ બ્રિન $૨૬૯ અબજ (ગૂગલ)

માર્ક ઝકરબર્ગ $૨૩૩ અબજ (મેટા)

શ્રી ગૌતમ અદાણીની આ સફળતા માત્ર એક વ્યક્તિગત સિદ્ધિ નથી, પરંતુ ભારતીય અર્થતંત્રના વધતા પ્રભાવનું પ્રતિક છે. જે રીતે તેમણે બિલગેટ્સ જેવા વૈશ્વિક દિગ્ગજોને પાછળ છોડ્યા છે. તે જોતા આગામી સમયમાં તેઓ ટોપ-૧૦માં ફરી સ્થાન મેળવે તેવી પૂરી શક્યતા છે.

સદ્‌ભાવના વૃદ્ધાશ્રમને 'માવતર જોઈએ છે'

વિશ્વનાં સૌથી મોટા 'વિનુભાઈ બચુભાઈ નાગ્રેચા પરીસર' સદ્‌ભાવના વૃદ્ધાશ્રમ(રાજકોટ)ને નિઃસંતાન, નિરાધાર, પથારીવશ માવતર જોઈએ છે, નિઃશુલ્ક પ્રવેશ અપાશે

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

સુરત, તા.૨૭

વૃદ્ધાશ્રમ એ ભારતીય સંસ્કૃતિ નથી જ પરંતુ આજનાં કળીયુગની જરૂરીયાત તો છે જ. કમનસીબે સંયુક્ત કુટુંબ વ્યવસ્થા તુટતા જતા ઘણા વ્યક્તિઓ નિરાધાર બનતા જાય છે. રાજકોટમાં છેલ્લા દસ વર્ષથી 'વિનુભાઈ બચુભાઈ નાગ્રેચા પરીસર' સદ્‌ભાવના વૃદ્ધાશ્રમ ચલાવવામાં આવે છે. આ વૃદ્ધાશ્રમમાં નાત-જાત કે ધર્મના ભેદભાવ વિના જરૂરીયાતવાળા વૃદ્ધોને, નિયમાનુસાર અને સંસ્થાની પ્રવેશ મર્યાદામાં, આદરભર દાખલ કરી તમામ સુવિધાઓ વિનામુલ્યે આપવામાં આવે છે. વૃદ્ધાશ્રમમાં દાખલ થતા જરૂરીયાતમંદ વૃદ્ધ વ્યતિઓ પાસેથી કોઈપણ ફી, ચાર્જ કે લવાજમ લેવામાં આવતુ નથી. તમામ સુવિધાઓ વડીલોને વિનામુલ્યે આપવામાં આવે છે.

૫૦૦ કરોડનાં માતબર ખર્ચે ૧૪૦૦ રૂમમાં, ૫૦૦૦ નીરાધાર-બીમાર-પથારીવશ વડીલોનો સમાવેશ કરશે. વિશ્વનાં સૌથી મોટો નિઃશુલ્ક સદ્‌ભાવના વૃદ્ધાશ્રમનું નવું વિનુભાઈ બચુભાઈ નાગ્રેચા પરિસરમાં નીરાધાર-બીમાર-પથારીવશ વડીલો જીવનભર માટે સંપૂર્ણ રીતે નિઃશુલ્ક રહેશે. જેમાં ૭ ટાવર્સમાં દરેક ટાવરમાં ૧૧ માળ હશે, જેથી દરેક વ્યક્તિને પૂરતી જગ્યા અને સંભાળ મળી રહેશે. તેમજ જૈન સમાજના વડીલો માટે આખો ટાવર જ અલગ બનાવ્યો છે જ્યાં દેરાસર પણ બનાવાયું છે. ૨૦ લાખ સ્કેવેર ફૂટના બાંધકામ સાથે 'વિનુભાઈ બચુભાઈ નાગ્રેચા પરીસર' સદ્‌ભાવના વૃદ્ધાશ્રમ.

સદ્‌ભાવના વૃદ્ધાશ્રમ વિશે વાત કરીએ તો સદ્‌ભાવના વૃદ્ધાશ્રમ એક ખાસ વૃદ્ધાશ્રમ છે જે નિઃસંતાન, નિરાધાર, પથારીવશ અને કેન્સર તથા કોમા ગ્રસ્ત વૃદ્ધ વ્યક્તિઓને ગૌરવ અને નિષ્ઠા સાથે મફત જીવનભર સંભાળ પૂરી પાડવા માટે સમર્પિત છે. ૩૦ એકર શાંતિપૂર્ણ અને પર્યાવરણને અનુકૂળ જમીનમાં ફેલાયેલા, એક શાંત સ્વર્ગ સમાન જ્યાં વૃદ્ધો કુદરતના સૌમ્ય આલિંગનમાં આરામ મેળવી શકે છે. અહીં, એકલતા પોતાનામાં પરિવર્તિત થાય છે, અને એકાંતને પરિવારની હૂંફથી બદલવામાં આવે છે.

રહેવાસીઓનું તબીબી ધ્યાન ૨૪/૭, વ્યક્તિગત દેખરેખ અને તાલીમ પ્રાપ્ત નિષ્ણાંતો દ્વારા પરિવાર જેવી સંવેદનશીલ સંભાળ પૂરી પાડવામાં આવશે. સેવાઓમાં આરામદાયક રહેઠાણ, ઉપચારાત્મક સેવાઓ, વારંવાર આરોગ્ય તપાસ અને રસપ્રદ સાંસ્કૃતિક કાર્યક્રમોનો સમાવેશ થાય છે જે મનને સજાગ અને હૃદયને સંતુષ્ટ રાખે છે. હળવી કસરતથી લઈને આધ્યાત્મિક સભાઓ સુધી, દરેક દિવસનો અર્થ, આદર અને ખુશી હોય છે. આ કિસ્સામાં, વ્યાવસાયિક આરોગ્યસંભાળ મહાન માનવીય કરૂણા સાથે હાથ મિલાવીને કામ કરે છે. સ્વચ્છતા, સલામતીના પગલાં અને વ્યક્તિગત સંભાળનું સંપૂર્ણ સ્તર આપણા વડીલોને ખરેખર મૂલ્યવાન અનુભવ કરાવે છે. તે સહાયિત જીવન નથી, પરંતુ એક એવી જગ્યા છે જ્યાં આ વિશ્વ બનાવનારાઓ તેના હાથમાં સૂઈ શકે છે, જ્યાં તેમનું સન્માન અને પ્રેમ કરવામાં આવે છે, અને જ્યાં તેઓ અનુભવે છે કે તેમનું મૂલ્ય તેમના છેલ્લા શ્વાસ સુધી છે.

સદ્‌ભાવના વૃદ્ધાશ્રમ રહેતા વડીલોને ફક્ત કાળજી આપતા નથી, પ્રેમ, આદર અને સંભાળ આપે છે એકવાર તેઓએ આપણને આપી દીધા પછી, પેઢીઓને ઉછેરતી માયા પાછી આપીએ છીએ. ખાતરી કરવી કે જ્યારે તેઓ દરરોજ રાત્રે આંખો બંધ કરે છે, ત્યારે તેઓ સંપૂર્ણ ખાતરી સાથે જાણે છે. 'મને પ્રેમ કરવામાં આવે છે, મારૂ મૂલ્ય છે, હું તેમનો છું.'

માવતરોને મનની શાંતિ અને ભક્તિ માટે પવિત્ર મંદિર નિર્માણ પામી રહ્યું છે. માવતરોને મનની શાંતિ અને ભક્તિ માટે પવિત્ર શાંતિ બાકી રહે છે. સદ્‌ભાવના વૃદ્ધાશ્રમ પરિસરમાં એક પવિત્ર મંદિર માત્ર પથ્થરનું જ નહીં, પણ તે એક એવી જગ્યા હશે જ્યાં એકલતા ઓછી થઈ જાય, ભક્તિ ખીલે છે, અને દરેક આત્મા ગૌરવથી ઘેરાયેલા પરમાત્માની નજીક અનુભવે છે,

સદ્‌ભાવના વૃદ્ધાશ્રમ પરિસરમનું ફિઝિયોથેરાપી સેન્ટર એક ઉપચાર સ્થળ અને અમારા વડીલોની નવી શક્તિનું સ્થાન છે. સંભાળ અને વ્યાવસાયિક સહાય દ્વારા, અમે પીડા દૂર કરવા, હલનચલન પુનઃપ્રાપ્ત કરવા અને આત્મવિશ્વાસ પુનઃસ્થાપિત કરવામાં સહાય કરીએ છીએ. થેરાપી સત્રોનું આયોજન તેમના રોજિંદા જીવનમાં આરામ, સ્વતંત્રતા અને ગૌરવ પુનઃસ્થાપિત કરવા માટે કરવામાં આવ્યું છે. આ કિસ્સામાં, આગળના બધા પગલાં આશા, સ્વાસ્થ્ય અને ખુશી તરફના પગલાં છે.

સદ્‌ભાવના વૃદ્ધાશ્રમમાં વડીલો માટે એક ભવ્ય સત્સંગ હોલનું નિર્માણ કરવામાં આવ્યું છે. વધુમાં આધુનિક સિનિયર રૂમ ખાનગી બેડ સાઈડ ટેબલ અને વ્યક્તિગત વોર્ડરોબ્સ સાથે ૫-સ્ટાર અનુભવ પ્રદાન કરે છે. આ વ્યક્તિગત સુવિધાઓ ખાતરી કરે છે કે રહેવાસીઓને પોતાની જગ્યા પર સાચી માલિકીની ભાવના અનુભવાય. સમર્પિત લોકર્સ અને સ્ટોરેજ પ્રદાન કરીને, વાતાવરણ સુવિધામાંથી ખાનગી ઘરમાં પરિવર્તિત થાય છે.

આધુનિક સુવિધાઓથી સજ્જ લાઈબ્રેરીમાં ધાર્મિક ગ્રંથો, પ્રેરણાત્મક પુસ્તકો, કોમિક્સ અને નવલકથાઓ સહિત વિવિધ પ્રકારના સાહિત્યનો સમૃદ્ધ પુસ્તકોનો સંગ્રહ ઉપલબ્ધ છે. જે વડીલોને જ્ઞાનવર્ધક વાંચન સાથે સક્રિય અને પ્રેરિત રાખે છે. અહીં તેઓ સમયનો સદુપયોગ કરી મનને તાજગી અને નવી ઊર્જા આપી શકશે. સાથે જ ગેમ રૂમ મનોરંજન અને મિત્રતાનું કેન્દ્ર છે, જ્યાં ચેસ, બોર્ડ ગેમ્સ અને મૈત્રીપૂર્ણ સ્પર્ધાઓ દ્વારા વડીલાનું મન તંદુરસ્ત રહેશે અને પડોશીઓને પરિવાર જેવી લાગણી સાથે જોડે છે. આ પ્રવૃત્તિઓ માત્ર રમત સુધી મર્યાદિત નથી, પરંતુ આનંદ, હાસ્ય અને સમૂહ ભાવનાને મજબૂત બનાવે છે. ઉપરાંત ભવ્ય ઓડિટોરિયમ જ્યાં આધ્યાત્મિક પ્રવચનો, ભજન, સેમિનાર અને ફિલ્મ પ્રદર્શન જેવા કાર્યક્રમો યોજાઈ છે.

વ્યાપક સંભાળ પ્રદાન જે શરીર, મન અને આત્માનું પોષણ કરે છે. કરૂણાપૂર્ણ ધ્યાન, ગુણવત્તાયુક્ત તબીબી સહાય અને આદરણીય માનવ ક્રિયાપ્રતિક્રિયા દ્વારા દરેક નિવાસીના સુવર્ણ વર્ષો હૂંફ, આદર, અને મૂલ્યવાન હોવાની ઊંડી ભાવનાથી ભરેલા હોય અને ક્યારેય અવગણવામાં ન આવે. સદ્‌ભાવના વૃદ્ધાશ્રમની ટીમ એકલતાના દુઃખને પ્રેમાળ સમુદાયની હૂંફથી બદલવા માટે કટિબદ્ધ છે. ફક્ત છત આપતા નથી, ૭૦૦+ વૃદ્ધ સૈનિકોને એક પરિવાર આપે છે. સદ્‌ભાવના વૃદ્ધાશ્રમની ટીમનું લક્ષ્ય એ છે કે, સદ્‌ભાવના વૃદ્ધાશ્રમના વડીલો તેમના સુવર્ણ વર્ષોમાં હસતા રહે, આદર અનુભવે અને શાંતિથી ખુશ રહે, તેમની ભાવનાત્મક અને આધ્યાત્મિક જરૂરિયાતો પૂરી કરીને. આ કિસ્સામાં, કોઈ એકલું ચાલતું નથી અને આખું જીવન અંત સુધી ઉજવવામાં આવે છે.

ગુજરાતનાં સૌથી મોટા આ વૃદ્ધાશ્રમમાં હાલ ૭૦૦+ જેટલા માવતરો પોતાની પાછોતરી જીંદગીની ટાઢક લઈ રહયાં છે. તેમાંથી ૨૬૦ વડીલો પથારીવશ (ડાઈપર વાળા) છે. સાવ પથારીવશ વ્યક્તિઓ (કોઈપણ ઉંમરના) કે જેની સેવા ચાકરી કરવાવાળું પણ કોઈ ન હોય, એકલવાયી-નિરાધાર હાલતમાં પોતાનું જીવન વ્યતિત કરતા હોય કે પોતાની પીડાને લઈને દરરોજ મૃત્યુ વહેલું આવે તેવી કમનસીબ પ્રાર્થના કરતા હોય તેવા વ્યક્તિઓ (કોઈપણ ઉંમરનાં), કેન્સર તથા કોમા ગ્રસ્ત નિઃસંતાન વડીલો માટે સદ્‌ભાવના વૃદ્ધાશ્રમમાં વિશેષ વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. આવા નિઃસંતાન, પથારીવશ વ્યક્તિઓ (કોઈપણ ઉંમરનાં)ને પણ સદ્‌ભાવના વૃદ્ધાશ્રમ પોતાની ફરજનાં ભાગરૂપે નિઃશુલ્ક આશ્રય અપાઈ રહયો છે. યથાશક્તિ સેવા કરાઈ રહી છે. પોતાની આસપાસમાં કોઈ નિરાધાર કે નિઃસહાય, પથારીવશ, કેન્સર તથા કોમા ગ્રસ્ત હોય એવા વડીલો કોઈ પણ ઉંમરનાં વ્યક્તિઓને જોવા મળે તો તેમને વિનુભાઇ બચુભાઈ નાગ્રેચા પરિસર સદ્‌ભાવના વૃદ્ધાશ્રમ, રાજકોટ-જામનગર હાઈવે, પડધરી પાસે, મોટા રામપર, રાજકોટ સુધી પહોંચાડવા જાહેર વિનંતી કરાઈ છે.

આ અંગે વધુ માહિતી માટે સદ્‌ભાવના વૃદ્ધાશ્રમ (મો.૮૦૦૦૨ ૮૮૮૮૮)નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

ભારત અને ન્યૂઝીલૅન્ડ વચ્ચે ઐતિહાસિક ટ્રેડ ડીલ પર હસ્તાક્ષર

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૭

ભારત-ન્યૂઝીલૅન્ડે આજે નવી દિલ્હીમાં ઐતિહાસિક ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA) પર હસ્તાક્ષર કરીને દ્વિપક્ષીય વેપાર સંબંધોમાં નવા યુગની શરૂઆત કરી છે. આ ડીલથી બંને દેશોમાં વેપાર, રોકાણ અને રોજગારમાં વધારો થશે. વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલ અને ન્યૂઝીલૅન્ડના તેમના સમકક્ષ ટૉડ મૈક્લેની ઉપસ્થિતિમાં આ સમજૂતીને સત્તાવાર મંજૂરી આપવામાં આવી છે. હવે ભારતીય કંપનીઓ ટેક્સ વગર ન્યૂઝીલૅન્ડમાં સામાન મોકલી શકશે. આ ઉપરાંત આગામી ૧૫ વર્ષમાં ભારતમાં ૨૦ અબજ ડૉલરનું રોકાણ આવશે.

FTAની સૌથી મહત્ત્વની વાત એ છે કે, બંને દેશોએ મુક્ત વેપાર કરારને અંતિમરૂપ આપવા માટે ૧૬ માર્ચ-૨૦૨૫થી વાતચીત શરૂ કરી દીધી હતી, જેમાં માત્ર ૯ મહિનાના અંતે આ ડીલને ફાઈનલ કરી દેવાઈ છે. આ સમજૂતી લાગુ થયા બાદ ભારત અને ન્યૂઝીલૅન્ડના નિકાસકારો ટેક્સ વગર એકબીજાના દેશમાં નિકાસ કરી શકશે. સમજૂતી પહેલા ન્યૂઝીલૅન્ડે ભારતમાંથી નિકાસ થતાં ૪૫૦ ઉત્પાદનો પર ૧૦ ટકા ટેક્સ લગાવ્યો હતો. હવે નવી સમજૂતી થયા બાદ આ ટેક્સ સંપૂર્ણ બંધ કરી દેવાયો છે. આનાથી ભારતીય કાપડ અને તૈયાર વસ્ત્રો, ચામડા ઉદ્યોગ, ટોપીઓ, ચીની માટીના વાસણો (સિરેમિક્સ), ગાદલા, વાહનો તથા તેના સ્પેરપાર્ટ્સની નિકાસમાં વધારો થશે. આ ઉપરાંત ભારતે પણ ન્યૂઝલૅન્ડથી આવતા ૯૫ ટકા ઉત્પાદનો પર ટેક્સમાં રાહત અથવા ઘટાડી દીધો છે.

મુક્ત વેપાર સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરતી વખતે ન્યૂઝીલૅન્ડે આગામી ૧૫ વર્ષમાં ભારતમાં ૨૦ અબજ ડૉલરનું રોકાણ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. આ રોકાણ યુરોપિયન ફ્રી ટ્રેડ ઍસોસિએશન (EFTA) દ્વારા ભારત સાથે કરવામાં આવેલા કરારમાં પ્રસ્તાવિત ૧૦૦ અબજ ડૉલરના રોકાણ માળખા જેવું જ છે. ભારતે મુક્ત વેપાર કરાર કરતી વખતે ખેડૂતો અને એગ્રીકલ્ચર ઉદ્યોગના હિતને પણ ધ્યાને રાખ્યું છે. FTAમાંથી દૂધ, ક્રીમ, મક્ષ્રો, દહીં અને પનીર જેવા ઉત્પાદનોને બહાર રખાયા છે. આ ઉપરાંત કૃષિ ઉત્પાદનોની નિકાસ પર પણ રાહત આપી નથી. સમજૂતીથી સર્વિસ સેક્ટરથી લઈને એગ્રીકલ્ચર સહિત અનેક ક્ષેત્રોમાં સહયોગ વધવાની પણ આશા વ્યક્ત કરાઈ છે.

FTAની કેટલીક મહત્ત્વની વાતો

વિદ્યાર્થીઓ માટે રાહતના સમાચાર: ન્યૂઝીલૅન્ડે વૈશ્વિક સ્તરે પ્રથમ વખત કોઈ દેશ સાથે વિદ્યાર્થીઓની અવરજવર અને અભ્યાસ પછીના વર્ક વિઝા (પોસ્ટ-સ્ટડી વર્ક વિઝા) અંગેના કરાર પર હસ્તાક્ષર કર્યા છે. હવે ભારતીય વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે અઠવાડિયામાં ૨૦ કલાક સુધી કામ કરી શકશે અને તેમને લંબાવવામાં આવેલા પોસ્ટ-સ્ટડી વર્ક વિઝાનો લાભ પણ મળશે.

કુશળ વ્યાવસાયિકો માટે તક: ઊંચા પગારવાળી નોકરી ઇચ્છતા કૌશલ્ય ધરાવતા ભારતીય વ્યાવસાયિકો માટે ૫૦૦૦ કામચલાઉ રોજગાર વિઝાનો વિશેષ કોટા નક્કી કરવામાં આવ્યો છે. આ વિઝા દ્વારા વ્યાવસાયિકો ત્રણ વર્ષ સુધી ન્યૂઝીલૅન્ડમાં રહીને નોકરી કરી શકશે.

વર્કિંગ હોલિડે પ્રોગ્રામ : આ સમજૂતી હેઠળ એક વિશેષ 'વર્કિંગ હોલિડે વિઝા' કાર્યક્રમ પણ શરૂ કરવામાં આવ્યો છે, જેમાં દર વર્ષે ૧૦૦૦ ભારતીય યુવાનો ૧૨ મહિના માટે ન્યૂઝીલૅન્ડમાં મલ્ટિપલ એન્ટ્રી કરી શકશે.

૧૫૦૦ મહિલાઓનો આધારસ્થંભ બનવા ડો.પ્રીતિ અદાણીનું સ્વાભિમાન વિઝન મધ્ય પ્રદેશના આંગણે પહોંચ્યું

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

અમદાવાદ, તા.૨૭

મધ્યપ્રદેશના બદરવાસમાં, સ્થિર આવક મેળવવા માંગતી મહિલાઓને જાતકમાઈ અને આત્મનિર્ભર બનાવવા માટેના પ્રયાસના ભાગરુપે, અદાણી સમૂહના અદાણી ફાઉન્ડેશન હસ્તકની સામાજિક કલ્યાણ અને વિકાસ પાંખે મધ્યપ્રદેશના શિવપુરી જિલ્લામાં એક નવા માર્ગના સ્વરુપમાં અદાણી વિકાસ કેન્દ્ર શરુ કર્યું છે, આ કેન્દ્ર માળખાગત કામકાજમાં રહેલી તકોને ઘરઆંગણાની નજીક લાવે છે.

ભારતભરની દસ લાખ મહિલાઓને ટકાઉ આજીવિકા સાથે જોડવાનો અદાણી ફાઉન્ડેશન પ્રેરીત સ્વાભિમાન કાર્યક્રમનો ઉદ્દેશ્ય છે. આ હેતુ અંતર્ગત મહિલાઓને અનૌપચારિક તેમજ અનિયમિત કાર્યમાંથી બહાર લાવી બજારો સાથે જોડાયેલ સ્થિરઆવક પેદા કરતી તકો તરફ આગળ વધવા માટે તેમનામાં આત્મવિશ્વાસ જગાવી મહિલાઓના સશક્તિકરણ ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે.

તાલીમ અને ઉત્પાદનની સુવિધાને સાંકળીને ડિઝાઇન કરવામાં આવેલા અને ૪૮,૦૦૦ ચોરસ ફૂટમાં ફેલાયેલા આ વિશાળ સંકૂલમાં ૬૦૦ આધુનિક સીલાઇ મશીનો તેની સંપૂર્ણ ક્ષમતાએ કાર્ય કરશે. આ સંકુલમાં મહિલાઓ વ્યવહાર કુશળતા અને નિયમિત આજીવિકાની તકો પ્રાપ્ત કરશે. કેન્દ્રનો વિકાસ થતો જશે તેમ તેમ લગભગ ૧,૫૦૦ મહિલાઓ સ્થાયી આવક મેળવવાના વધુ આત્મવિશ્વાસ સાથે તેમના પરિવારોનો મહત્વનો આધાર બનશે તેવી અપેક્ષા છે.

પૂર્વોત્તર ક્ષેત્રના અને કેન્દ્રીય સંદેશાવ્યવહાર અને વિકાસ મંત્રી અને ગુના મતવિસ્તારના સંસદ સભ્ય જ્યોતિરાદિત્ય સિંધિયાએ આસપાસના ગામોમાંથી હાજર રહેલી ૫,૦૦૦ થી વધુ મહિલાઓની હાજરીમાં આ સુવિધા ખુલ્લી મૂકી હતી.

આ પ્રસંગે સંબોધન કરતા શ્રી સિંધિયાએ જણાવ્યું હતું કે, ''બદરવાસમાં આપણે મહત્વાકાંક્ષાની શક્તિ આકાર લઈ રહ્યાનું જોઈ રહ્યા છીએ તેના સ્વપ્નદ્રષ્ટા અદાણી સમૂહના ચેરમેન શ્રી ગૌતમ અદાણી અને અદાણી ફાઉન્ડેશનને કૌશલ્ય વૈશ્વિક બજારો સુધી પહોંચી શકે છે તેની પ્રતિતી કરાવતું આ પ્લેટફોર્મ બનાવવા માટે અભિનંદન આપું છું. તેમણે કહ્યું હતું કે મારી સ્નેહાળ દીદીઓની આંખોમાં પોતાનો સંકલ્પ છલકતો જોઈ શકાય છે. તેમની આશાઓ અને આકાંક્ષાઓ અર્થપૂર્ણ આજીવિકા દ્વારા અભિવ્યક્તિ શોધી રહી છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ કેન્દ્ર સશક્તિકરણનું સાચું એન્જિન બની રહેવા સાથે આવતા પાંચ વર્ષોમાં બદરવાસના ઉત્પાદનોની ગુણવત્તાની ગુંજ દેશ અને દરિયાપાર ગુંજશે.

અદાણી ફાઉન્ડેશનના સી.ઈ.ઓ ડૉ.અભિષેક લખતકિયાએ જણાવ્યું હતું કે મહિલાઓના સશક્તિકરણનું ગૌરવ ગાન કમાણી કરવાની ક્ષમતાથી શરૂ થાય છે તેવા ફાઉન્ડેશનના અધ્યક્ષ ડૉ.પ્રીતિ અદાણીના વિશ્વાસને અનુસરીને શરૂ થયેલું આ કેન્દ્ર સ્વાભિમાનના કૌશલ્યને સતત આવકમાં ફેરવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તેમણે કહ્યું હતું કે મહિલાઓને વાસ્તવિક કામકાજ અને બજારો સાથે જોડીને અમે તેમને નાણાકીય રીતે સ્વાવલંબી બનાવીને તેમના પરિવાર અને સમાજમાં મજબૂત ભૂમિકા અદા કરવા માટે સક્ષમ બનાવી રહ્યા છીએ.

બદરવાસમાં, આ અભિગમથી ઘરની આવકમાં સુધારો થશે, અનૌપચારિક કાર્ય પર નિર્ભરતા ઓછી થશે અને સ્થળાંતરની જરૂરિયાત મર્યાદિત થશે, જ્યારે સ્થાનિક આર્થિક પ્રવૃત્તિઓમાં મહિલાઓની ભાગીદારી મજબૂત થશે તેવી અપેક્ષા છે.

અદાણી ફાઉન્ડેશન માળખાગત સુવિધાઓ, કૌશલ્ય અને બજારની પહોંચ તરફ લક્ષ્ય રાખીને મહિલાઓ નિયમિત કમાણી કરી શકવા સાથે પોતાના તેમજ તેમના પરિવારનું વધુ સુરક્ષિત ભવિષ્ય બનાવી શકે તેની ખાતરી સાથે સક્રીય રીતે કાર્ય કરી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, અદાણી ફાઉન્ડેશન આ વર્ષે ૧૧મી ઓગસ્ટે તેની ૩૦મી વર્ષગાંઠ ઉજવશે તે વેળા ભારતના સમગ્ર વિસ્તારમાં સમાવેશી વિકાસ માટે ત્રણ દાયકાની સતત પ્રતિબદ્ધતા પ્રતિબિંબિત થશે.

રશિયા-યુક્રેનના એકબીજા પરના શ્રેણીબદ્ધ હુમલામાં ૧૬નાં મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)

કીવ, તા.૨૭

રશિયા અને યુક્રેનના એકબીજા પરના શ્રેણીબદ્ધ હુમલામાં બે દિવસમાં ઓછામાં ઓછા ૧૬ લોકોના મોત થયા હતાં અને અનેક ઘાયલ થયા હતાં. આ મોત યુક્રેન, રશિયાના કબજા હેઠળના પ્રદેશો અને રશિયામાં થયા હતાં. ૨૬ એપ્રિલે ચેર્નોબિલ પરમાણુ દુર્ઘટનાની ૪૦મી વરસીએ થયેલા આ હુમલાને પગલે યુક્રેનના અધિકારીઓએ પરમાણુ આતંકવાદના વધતા જોખમો અંગે વોર્નિંગ આપી હતી. યુક્રેનને ડિનિપ્રો શહેરમાં રશિયાના ડ્રોન અને મિસાઇલ હુમલામાં ઓછામાં ઓછા નવ લોકોના મોત થયા હતાં. બીજી તરફ રશિયાના કબજા હેઠળના ક્રિમીઆમાં સેવાસ્તોપોલ શહેર પર યુક્રેનના ડ્રોન હુમલામાં એક વ્યક્તિનું મોત થયું હતું.

રશિયાએ ૨૦૧૪માં ક્રિમિયા પર કબજો મેળવ્યો હતો. યુક્રેનના લુહાન્સ્ક પ્રદેશના રશિયાએ નીમેલા ગવર્નર લિયોનીદ પેસેચનિકે જણાવ્યું હતું કે, પ્રદેશમાં રાત્રે યુક્રેનના ડ્રોન હુમલામાં ત્રણ લોકોના મોત થયા હતાં. રશિયાએ યુક્રેનના આ પ્રદેશ પર સંપૂર્ણ કબજો મેળવેલો છે અને પોતાના ગવર્નર પણ બેસાડી દીધા છે. જોકે આ બંને હુમલા અંગે યુક્રેનને કોઇ પ્રતિક્રિયા આપી ન હતી. અગાઉ રશિયાના બેલ્ગોરોડ સરહદી પ્રદેશમાં યુક્રેનિયન ડ્રોન હુમલામાં એક મહિલાનું મોત થયું હતું.

યુક્રેનના જનરલ સ્ટાફે રવિવારે જણાવ્યું હતું કે, યુક્રેનિયન દળોએ રશિયના યારોસ્લાવલમાં એક ઓઇલ રિફાઇનરીને પણ ટાર્ગેટ કરી હતી. આનાથી વાર્ષિક ૧.૫ કરોડ ક્રૂડ ઓઇલનું રિફાઇનિંગ કરતી આ રિફાઇનરીમાં આગ લાગી હતી. આ રિફાઇનરીમાં રશિયન સૈન્ય માટે પેટ્રોલ, ડીઝલ અને જેટ ઇંધણનું ઉત્પાદન કરતી હોવાનો યુક્રેને દાવો કર્યો હતો. જોકે રશિયાએ તાત્કાલિક કોઈ ટિપ્પણી કરી નથી. ચેર્નોબિલ પરમાણુ દુર્ઘટનાની વરસીએ યુક્રેનના પ્રેસિડન્ટ વોલોડીમીર ઝેલેન્સ્કીએ વોર્નિંગ આપી હતી કે રશિયન હુમલાઓથી ઇતિહાસનું પુનરાવર્તન થવાનું જોખમ છે. યુદ્ધ મારફત રશિયા ફરી એકવાર વિશ્વને માનવસર્જિત આપત્તિની અણી પર લાવી રહ્યું છે. દુનિયાએ આ પરમાણુ આતંકવાદને ચાલુ રાખવા દેવો જોઈએ નહીં.

કાર્તિક આર્યનની 'કેપ્ટન ઈન્ડિયા' સ્વતંત્રતા દિવસે રિલીઝ થશે

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

કાર્તિકની લાંબા સમયથી રાહ જોવાતી એવિએશન ડ્રામા ફિલ્મ કેપ્ટન ઈન્ડિયાની આખરે રિલીઝ ડેટ જાહેર થઈ ગઈ છે. જેમાં કાર્તિક આર્યન અને શિમિત અમીનની પ્રથમ વખત સાથે કામ કરી રહ્યા છે. આ એવિએશન થીમ પર આધારિત ડ્રામા, ૧૩ ઑગસ્ટ ૨૦૨૭ના રોજ થિએટરમાં રિલીઝ થશે, જે સ્વતંત્રતા દિવસના વીકએન્ડને ધ્યાનમાં રાખીને નક્કી કરવામાં આવ્યું છે. ટી-સીરિઝ અને બાવેજા સ્ટુડિયોઝ દ્વારા મિડનાઇટ ચાઇ ફિલ્મ્સ લિ. સાથે મળીને બનાવવામાં આવેલી કેપ્ટન ઈન્ડિયા, કાર્તિક આર્યનની આવનારી ફિલ્મોની યાદીમાં સૌથી વધુ ચર્ચિત પ્રોજેક્ટ્સમાંથી એક રહી છે. આ ફિલ્મ મૂળ ૨૦૨૧માં જાહેર કરવામાં આવી હતી, પરંતુ તે દરમિયાન અનેક ઉતાર-ચઢાવ આવ્યા હતા.

આ પ્રોજેક્ટ ખાસ રસપ્રદ એટલા માટે છે કારણ કે આ ફિલ્મના ડિરેક્ટર શિમિત અમીન ૧૭ વર્ષ પછી ફરી ફીચર ફિલ્મમેકિંગમાં કમબેક કરી રહ્યા છે. તેમની ફિલ્મોગ્રાફી ભલે નાની હોય, પરંતુ વર્ષોથી તેમણે એક અલાયદો દર્શકવર્ગ મેળવ્યો છે. તેમણે 'અબ તક છપ્પન (૨૦૦૪)' જેવી ક્રાઈમ ડ્રામાથી ડિરેક્શનમાં ડેબ્યુ કર્યું હતું, પછી 'ચક દે! ઈન્ડિયા (૨૦૦૭)' જેવી લોકપ્રિય સ્પોર્ટ્સ ડ્રામા બનાવી અને પછી 'રોકેટ સિંહ: સેલ્સમેન ઑફ ધ યર (૨૦૦૯)' ડિરેક્ટ કરી હતી, જે સમય સાથે કલ્ટ ફોલોવિંગ મેળવતી થઈ છે.

ઈન્ડસ્ટ્રીના અહેવાલો મુજબ, કેપ્ટન ઈન્ડિયા માટે લોકેશન રેકી પૂર્ણ થઈ ગઈ છે અને ૨૦૨૬ના પાછળના ભાગમાં શૂટિંગ શરૂ થવાની શક્યતા છે. ફિલ્મનું શૂટિંગ ભારત અને મોરોક્કોમાં થવાનું છે, જે તેના એક્શન-થ્રિલર સ્વરૂપ માટે મોટા પાયે પ્રોડક્શન ડિઝાઈન દર્શાવે છે.

આ ફિલ્મ હર્મન બાવેજા દ્વારા લખવામાં અને પ્રોડ્યુસ કરવામાં આવી છે. જ્યારે પ્લોટની વિગતો હજી ગુપ્ત રાખવામાં આવી છે, અગાઉના અહેવાલો મુજબ વાર્તા સત્ય ઘટનાઓ પરથી પ્રેરિત છે અને એક મોટા રેસ્ક્યુ મિશન પર આધારિત છે, જેમાં કાર્તિક આર્યન પાઈલટની ભૂમિકા ભજવતા જોવા મળી શકે છે.

જ્યારે કેપ્ટન ઈન્ડિયા ૨૦૨૧માં પહેલી વાર જાહેર થઈ હતી, ત્યારે ફિલ્મમેકર હંસલ મહેતા તેના દિગ્દર્શક તરીકે જોડાયેલા હતા. હવે શિમિત અમીન દિગ્દર્શન કરી રહ્યા હોવાથી, પ્રોજેક્ટમાં મૂળ જાહેરાત પછી નોંધપાત્ર ફેરફાર થયો છે. કાર્તિક આર્યન માટે, કેપ્ટન ઈન્ડિયા તેના વ્યસ્ત ફિલ્મ લાઈનઅપમાં વધુ એક મોટી ફિલ્મ ઉમેરે છે. કાર્તિક આ ઉપરાંત અનુરાગ બાસુ દ્વારા દિગ્દર્શિત એક મ્યુઝિકલ સાગા સાથે પણ જોડાયેલો છે, જેનું નામ હજુ નક્કી નથી થયું.

આ ફિલ્મ ૨૦૨૬ના બીજા ભાગમાં આવવાની અપેક્ષા છે અને હાલમાં તે મૃગદીપ સિંહ લામ્બા દ્વારા દિગ્દર્શિત નાગઝિલ્લા પર કામ કરી રહ્યો છે. સ્વતંત્રતા દિવસના વીકએન્ડ પર રિલીઝ થતી ફિલ્મનો સમય હિન્દી સિનેમા માટે પરંપરાગત રીતે ખૂબ ફાયદાકારક રહ્યો છે અને હવે કેપ્ટન ઈન્ડિયા ૨૦૨૭માં એક મોટા દેશભક્તિ આધારિત ફિલ્મ તરીકે પોતાની જગ્યા બનાવી રહી છે.

ફિલ્મ રિલીઝ શુક્રવાર ૨૪ એપ્રિલે થઈ હતી

'માઈકલ'ના એન્ડમાં મળી માઇકલ જેક્સન બાયોપિક પાર્ટ ૨ની સરપ્રાઇઝ

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૭**

હોલિવૂડની મ્યુઝિકલ ફિલ્મ માઇકલ, જે માઇકલ જેક્સનના જીવન પર આધારિત છે, તેના પેઇડ પ્રિવ્યુઝ બુધવારે અને ગુરુવારે રાત્રે યોજાયાં હતાં. જ્યારે ફિલ્મ રિલીઝ શુક્રવાર ૨૪ એપ્રિલે થઈ હતી. આ ફિલ્મ ભારત સહિત બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે. રસપ્રદ વાત એ છે કે, જે દર્શકો આ બાયોપિક જોવા જશે, તેમને એક મોટી સરપ્રાઇઝ મળશે. કારણ કે ફિલ્મનો અંત સીક્વલના સંકેત સાથે થાય છે.

માઇકલ ફિલ્મ માઇકલ જેક્સનના જીવનના એક નિર્ણાયક તબક્કે સમાપ્ત થાય છે. સ્ક્રીન પર 'હિસ સ્ટોરી કન્ટિન્યુઝ' લખેલું દેખાય છે, ત્યારબાદ અંતનાં ક્રેડિટ્સ શરૂ થાય છે. આથી સ્પષ્ટ થાય છે કે સીક્વલની શક્યતા છે, જોકે શરૂઆતમાં ફિલ્મને બે ભાગમાં બનાવવાની યોજના નહોતી. ફિલ્મની રિલીઝથી બે અઠવાડિયા પહેલા, લાયન્સગેટ મોશન પિક્ચર ગ્રુપના ચેરમેન એડમ ફોગેલસને એક ઇન્ટરવ્યુમાં જણાવ્યું હતું, ''આ પહેલી ફિલ્મ માઇકલ જેક્સનની સંપૂર્ણ કહાની બતાવતી નથી. તેમનાં સંગીતનાં વિશાળ કેટલોગમાંથી ઘણું બધું હજુ બાકી છે. તેથી અમે માનીએ છીએ કે બીજી ફિલ્મ માટે સ્થાન છે. ફિલ્મમેકિંગ ટીમ બીજી ફિલ્મ માટે તૈયારીમાં લાગી ગઈ છે અને યોગ્ય સમયે તેની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. અમને લાગે છે કે હજુ ઘણી કહાની બાકી છે અને અમે તેને રજૂ કરવા સક્ષમ છીએ.''

સામાન્ય રીતે, સીક્વલની સત્તાવાર જાહેરાત ત્યારે થઈ શકે છે જ્યારે બોક્સ ઓફિસ પર ફિલ્મનું પ્રદર્શન મજબૂત હોય અને દર્શકોનો પ્રતિસાદ સકારાત્મક હોય. બોક્સ ઓફિસના આંકડા મજબૂત રહેવાની સંભાવના છે, કારણ કે ફિલ્મ રવિવાર સુધી વૈશ્વિક સ્તરે ૧૪૦ થી ૧૫૦ મિલિયન ડોલર કમાવાની ધારણા છે. હવે મુખ્ય પડકાર દર્શકોનો પ્રતિસાદ છે, કારણ કે કેટલાંક શરૂઆતનાં રીવ્યુઝ સકારાત્મક નહોતાં. આ અંગેના અહેવાલ મુજબ, માઇકલ ફિલ્મે વીકએન્ડ અને પેઇડ પ્રિવ્યૂઝ માટે આશરે ૭૮,૦૦૦ ટિકિટ વેચી હતી. તેથી, ૨૦૨૬માં પ્રોજેક્ટ હેલ મેરી પછી આ ફિલ્મ પણ બોક્સ ઓફિસ પર એક સરપ્રાઇઝ સફળતા બની શકે છે.

આખરી સવાલ ફિલ્મ ૮ મેના રોજ રિલીઝ થશે

'આખરી સવાલ' ઇન્ડિયન સાઇન લેંગ્વેજ સાથે રિલીઝ થનાર પ્રથમ હિન્દી ફિલ્મ બનશે



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

સંજય દત્ત અભિનિત આખરી સવાલ હવે એક ખાસ કારણસર ચર્ચામાં છે. ફિલ્મ પોતાની અનોખી વિષયવસ્તુથી પહેલેથી જ ધ્યાન ખેંચ્યું હતું અને હવે તે ઇન્ડિયન સાઇન લેંગ્વેજ (ISL) સાથે વધુ એક મહત્વપૂર્ણ પગલું લઈ રહી છે, ત્યારે આખરી સવાલ આવી પ્રથમ હિન્દી ફીચર ફિલ્મ બનશે.

નેશનલ એવોર્ડ વિજેતા દિગ્દર્શક અભિજીત મોહન વરાંગ દ્વારા નિર્દેશિત આ ફિલ્મનું ટીઝર હનુમાનજયંતિ નિમિત્તે રિલીઝ થયું હતું, જેમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ઇતિહાસની ઝલક જોવા મળે છે. ફિલ્મ માત્ર તેના વિષય માટે જ નહીં, પરંતુ તેની રજૂઆત માટે પણ અલગ ઓળખ ઉભી કરી રહી છે. ફિલ્મ મેકર્સે સિનેમાને વધુ લોકો સુધી પહોંચાડવાના ઉદ્દેશ સાથે તેને સાઇન લેંગ્વેજમાં પણ ઉપલબ્ધ કરવાનો નિર્ણય લીધો છે. ભારતમાં અંદાજે ૪ થી ૫ કરોડ પ્રજ્ઞાચક્ષુ અને બહેરાશ ધરાવતા લોકો છે અને આ પગલાથી તેઓ પણ ફિલ્મનો આનંદ લઈ શકશે. ખાસ વાત એ છે કે આખરી સવાલ રિલીઝના પહેલા જ દિવસથી જ સાઇન લેંગ્વેજમાં ઉપલબ્ધ રહેશે, જે તેને વધુ દર્શકો સુધી પહોંચાડશે. આ ફિલ્મ નિખિલ નંદા દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે અને નિખિલ નંદા તથા સંજય દત્ત દ્વારા નિર્મિત છે. સાથે જ પુનીત નંદા, ડૉ. દીપક સિંહ, ગૌરવ દુબે અને ઉજ્જવલ આનંદ સહ-નિર્માતા તરીકે જોડાયેલા છે. સ્ટોરી, સ્ક્રીનપ્લે અને સંવાદ ઉત્કર્ષ નૈથાની દ્વારા લખવામાં આવ્યા છે. આખરી સવાલ ૮ મે, ૨૦૨૬ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે અને તેની આ પહેલ ભારતીય સિનેમાને વધુ સમાવેશી બનાવવામાં એક મહત્વપૂર્ણ પગલું માનાય છે.

અક્ષય કુમારની 'ભૂત બંગલા'ની એક સપ્તાહમાં ૧૩૫ કરોડની કમાણી

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

અક્ષય કુમાર અને પ્રિયદર્શન ૧૭ વર્ષે જે ફિલ્મમાં એકસાથે આવ્યા છે એવી 'ભૂત બંગલા'એ થિયેટરોમાં તેના પ્રથમ અઠવાડિયાનો અંત આશાસ્પદ તબક્કા પર કર્યો છે. આ હોરર-કોમેડી ફિલ્મે ટિકિટ વિન્ડો પર સારી શરૂઆત કરી હતી અને વીકડેઝ દરમિયાન તેનું મોમેન્ટમ જાળવી રાખ્યું હતું અને પ્રથમ અઠવાડિયાના અંતે વૈશ્વિક સ્તરે ૧૫૦ કરોડના આંકથી થોડું ઓછું રહી હતી. તે બોલિવૂડની ટોપ ૬ સૌથી વધુ કમાણી કરનારી હોરર-કોમેડી ફિલ્મોમાં સ્થાન મેળવી ચૂકી છે.

ભૂત બંગલા ૧૭ એપ્રિલે રિલીઝ થઈ હતી, જેના એક દિવસ પહેલા પેઇડ પ્રિવ્યૂ રાખવામાં આવ્યાં હતાં. આ ફિલ્મે પ્રથમ વીકએન્ડમાં ભારતમાં ૫૮ કરોડ કમાયા હતા. ત્યારબાદ સોમવારે થોડી નિરાશાજનક કમાણી રહી, જ્યાં ફિલ્મે માત્ર ૬.૭૫ કરોડ જ કમાયા. પરંતુ મંગળવારે ફિલ્મે ફરીથી જોરદાર વાપસી કરી અને ૮ કરોડ કમાયા. ત્યારબાદ ફિલ્મના કલેક્શનમાં ઘટાડો જોવા મળ્યો, છતાં વીકડેઝ દરમિયાન તે સ્થિર ગતિએ આગળ વધી હતી. ગુરુવારે ફિલ્મે ભારતમાં ૫.૧૫ કરોડ ઉમેર્યા, જે બુધવારની તુલનામાં ૧૬% ઓછા હતા. આ સાથે, સાત દિવસ બાદ ફિલ્મનું દેશમાં કુલ કલેક્શન ૮૪.૦૫ કરોડ થયું છે.

ભૂત બંગલાએ વિદેશોમાં પણ સારું પ્રદર્શન કર્યું છે. પેઇડ પ્રિવ્યુ અને ઓપનિંગ ડે પર સામાન્ય શરૂઆત પછી, ફિલ્મે બીજા અને ત્રીજા દિવસ દરમિયાન આંતરરાષ્ટ્રીય બજારમાં ૧ મિલિયન ડૉલર કમાયા હતા. એક અઠવાડિયા બાદ તેનું ઓવરસીઝ કલેક્શન ૩.૮ મિલિયન ડૉલર હતું. ફિલ્મની કુલ વર્લ્ડવાઈડ કમાણી હવે ૧૩૫ કરોડ રહ્યું છે. જ્યારે ફિલ્મની દૈનિક કમાણી ૧૦ કરોડથી ઓછી થઈ ગઈ છે, ત્યારે બીજા વીકએન્ડમાં તેમાં ઉછાળો જોવા મળી શકે છે અને અઠવાડિયું પૂરું થાય ત્યાં સુધીમાં ૧૫૦ કરોડ પાર કરી શકે છે. જો બીજા વીકએન્ડમાં મજબૂત ઉછાળો મળે, તો ફિલ્મ ૨૫૦ કરોડથી વધુના લાઈફટાઈમ કલેક્શનનું લક્ષ્ય રાખી શકે છે. પરંતુ તેનાથી વધુ કોઈ માઈલસ્ટોન મેળવવું મુશ્કેલ લાગે છે. ૧૩૫ કરોડના વર્લ્ડવાઈડ ગ્રોસ સાથે, ભૂત બંગલા આ વર્ષની ત્રીજી સૌથી વધુ કમાણી કરનારી હિન્દી ફિલ્મ બની છે અને બોલિવૂડનાં ઈતિહાસની છઠ્ઠી સૌથી વધુ કમાણી કરનારી હોરર-કોમેડી ફિલ્મ પણ બની છે. ગુરુવારે ફિલ્મે મેડોકની મુંજ્યા (૨૦૨૪)ના ૧૩૨ કરોડના અંતિમ કલેક્શનને પાછળ મૂક્યું. તે ઉપરાંત, અક્ષય કુમારની ૨૦૨૩ની હિટ બેડ ન્યૂઝનાં ૧૧૬ કરોડના કુલ કલેક્શનને પણ પાછળ છોડી દીધું છે. હવે ભૂત બંગલા હિન્દી સિનેમાની સૌથી વધુ કમાણી કરનારી હોરર-કોમેડી ફિલ્મોની યાદીમાં માત્ર સ્ત્રી ૨ની ૮૭૫ કરોડ, ભૂલ ભુલૈયા ૩ની ૪૨૪ કરોડ, ભૂલ ભુલૈયા ૨ની ૨૬૬ કરોડ, સ્ત્રીની ૧૮૦ કરોડ, અને થમ્માની ૧૭૦ કરોડની કમાણીથી પાછળ છે. તે ટોપ ૩માં પ્રવેશવાનો પ્રયત્ન કરી શકે છે, પરંતુ સ્ત્રી ૨ અને ભૂલ ભુલૈયા ૩ના કલેક્શન સુધી પહોંચવું મુશ્કેલ લાગે છે.

જૈન સોશિયલ ગ્રુપ વાપી મેઈનના પ્રમુખ તરીકે દેવલ શાહની નિમણૂંક

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૭

જૈન સોશિયલ ગ્રુપ વાપી મેઈનના ૩૬માં વર્ષની ટીમની શપથ ગ્રહણ વિધી ''સાંસ્કૃતિક પ્રારંભ'' કુંતા સ્થિત વિલેફલોરા ખાતે યોજાઈ હતી. જેમાં ઈન્ટરનેશનલ પ્રેસિડેન્ટ શ્રી બિરેનભાઈ શાહે નવા પ્રેસિડેન્ટ શ્રી દેવલભાઈ શાહ, સેક્રેટરી શ્રી મેહુલભાઈ શાહ, આઈએફપી શ્રી મનિષભાઈ શાહ, વાઈસ પ્રેસિડેન્ટ શ્રી દિપકભાઈ ગુઢકા, જોઈન્ટ સેક્રેટરી શ્રી પ્રિતેશભાઈ દોશી, ટ્રેઝરર શ્રી સંદિપભાઈ શાહ અને તેમના કમિટિ મેમ્બર્સને શપથગ્રહણ કરાવ્યા હતા. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે એફપી શ્રી લલિત શાહ ઉપસ્થિત રહ્યા હતા.

જૈન સોશિયલ ગ્રુપ વાપી મેઈનની શરૂઆત ૩૫ વર્ષ પહેલાં ફાઉન્ડર પ્રેસિડેન્ટ શ્રી રાજીવભાઈ શાહ દ્વારા કરવામાં આવી હતી. નવનિયુક્ત પ્રેસિડેન્ટ શ્રી દેવલભાઈ શાહ અને તેમની ટીમે ૩૬માં વર્ષમાં પ્રવેશ કર્યો છે. તેઓની સાથે તેમની ટીમે આગામી વર્ષોમાં જૈન સોશિયલ ગ્રુપના પરિવારો એકબીજાની નજીક આવે, એકતા વધે અને સાથે સાથે તેઓ સામાજીક અને સાંસ્કૃતિક પ્રારંભ કાર્યક્રમો આ વર્ષથી કરવાની શરૂઆત કરીશું.

નવનિયુક્ત પ્રેસિડેન્ટ શ્રી દેવલભાઈ શાહે વધુમાં જણાવ્યું હતું કે, આ વર્ષે એમની ટીમ જૈન સોશિયલ ગ્રુપ વાપી મેઈનની ઈન્ટરનેશનલ ટુર ઓર્ગેનાઈઝ કરવાનું પણ આયોજન કરેલ છે. આ ઉપરાંત કાર્યક્રમના પ્રમુખ અને ઈન્ટરનેશનલ પ્રેસિડેન્ટ શ્રી બિરેનભાઈ શાહ અને એફપી શ્રી લલિત શાહે પણ પ્રાસંગિક ઉદ્બોધન કર્યુ હતું.

આ કાર્યક્રમમાં પ્રેસિડેન્ટ શ્રી દેવલભાઈ શાહ અને તેમની ટીમનો પરિવાર ઉપસ્થિત રહ્યો હતો તથા મોટી સંખ્યામાં કમિટિ સભ્યો સહિત જૈન સોશિયલ ગ્રુપ પરિવાર ઉપસ્થિત રહ્યો હતો.

આ કાર્યક્રમનું સફળ સંચાલન પ્રોજેક્ટ ચેરકપલ જ્ઞાનેશ્વરી શ્રી નિખિલભાઈ શાહ અને શ્રૃતિ શ્રી ભાવિનભાઈ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.

ગુજરાતમાં મતદારોમાં નિરસતા, અમદાવાદમાં સૌથી ઓછું મતદાન

૧૫ મહાનગરપાલિકાઓમાં કુલ આશરે ૧.૧૦ કરોડ મતદારામાંથી ૪૯.૩૦ લાખ જેટલા મતદારો મતદાન કરવા પહોંચ્યા જ નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ,તા.૨૭

૧૫ મનપાઓમાં કુલ આશરે ૧.૧૦ કરોડ મતદારોમાંથી ૪૯.૩૦ લાખ જેટલા મતદારો મતદાન કરવા પહોંચ્યા જ નથી. અમદાવાદ મહાનગરપાલિકામાં સૌથી ચોંકાવનારી સ્થિતિ સામે આવી છે, જ્યાં ૧૮.૩૧ લાખ મતદારો (૪૮.૧૯ ટકા)એ મતદાન કર્યું નથી. ગાંધીધામમાં ૫૩.૯૭ ટકા અને પોરબંદરમાં ૫૧.૧૬ ટકા મતદારો મતદાનથી દૂર રહ્યા હોવાનું સામે આવ્યું છે.

૩૪ જિલ્લા પંચાયતોમાં કુલ ૮૭.૩૬ લાખ મતદારો મતદાનથી દૂર રહ્યા છે. ખાસ કરીને મહિલા મતદારોમાં મતદાન પ્રત્યે વધુ નિરસતા જોવા મળી છે. દાહોદ જિલ્લા પંચાયતમાં સૌથી વધુ ૨.૩૬ લાખ પુરુષોએ મતદાન કર્યું નથી, જ્યારે બનાસકાંઠામાં ૨.૫૦ લાખ મહિલાઓએ મતાધિકારનો ઉપયોગ કર્યો નથી. જોકે, નર્મદા અને ડાંગ જેવા આદિવાસી વિસ્તારોમાં મતદાન પ્રત્યે વધુ જાગૃતિ જોવા મળી છે.

મતદાન વધારવા માટે રાજ્ય સરકાર, ચૂંટણી પંચ અને વહીવટી તંત્ર દ્વારા અનેક જાગૃતિ અભિયાન અને સોશિયલ મીડિયા કેમ્પેઈન ચલાવવામાં આવ્યા હતા. મુખ્યમંત્રીથી લઈને મંત્રીઓ સુધી સૌએ મતદાન માટે અપીલ કરી હતી. તેમ છતાં, ૧.૩૬ કરોડ મતદારો મતદાન મથક સુધી ન પહોંચતા પ્રશ્નો ઊભા થયા છે.

વિશેષજ્ઞોના મતે, મતદારોની આવી ઉદાસીનતા લોકશાહી માટે ચેતવણીરૂપ છે. મતાધિકારનો ઉપયોગ ન થવો એ માત્ર વ્યક્તિગત નિષ્ક્રિયતા નહીં પરંતુ સમગ્ર પ્રણાલી માટે પડકારરૂપ બની શકે છે. મતદારોમાં જાગૃતિ વધારવા માટે વધુ અસરકારક પ્રયાસોની જરૂરિયાત સ્પષ્ટ બની છે.

અખિલ ભારતીય માનવ અધિકાર ફરિયાદી સંઘ નવસારી જિલ્લાના અધ્યક્ષ તરીકે શૈલેષભાઈ નાયકાની વરણી

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
નવસારી, તા.૨૭

અખિલ ભારતીય માનવ અધિકાર ફરિયાદી સંઘ નવસારી જિલ્લાના અધ્યક્ષ તરીકે શ્રી શૈલેષભાઈ બાબુભાઈ નાયકાની વરણીની જાહેરાત રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી આર.બી. ઓઝા અને કાર્યકારી રાષ્ટ્રીય અધ્યક્ષ ડો. રાજેશ વાડેકરની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે નવસારી ખાતે યોજાયેલ બેઠકમાં અખિલ ભારતીય માનવ અધિકાર ફરિયાદી સંઘના નવસારી જિલ્લાના અધ્યક્ષ તરીકે શ્રી શૈલેષભાઈ બાબુભાઈ નાયકાને કમાન સોંપવામાં આવી હતી. આ પ્રસંગે નવનિયુક્ત નવસારી જિલ્લાના અધ્યક્ષ શ્રી શૈલેષભાઈ બાબુભાઈ નાયકાને પુષ્પગુચ્છ અને સાલ ઓઢાડી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

વાપી છરવાડા શ્રી રાજ રાજેશ્વરી સ્કૂલમાં પેરેન્ટ્સ ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો

(વર્તમાન પ્રવાહે વાપી બ્યુરો)
વાપી, તા.૨૭

શ્રી રાજ રાજેશ્વરી વિદ્યામંદિર શાળા, વાપી ખાતે પ્રી-પ્રાઈમરી અને પ્રાઈમરી વિભાગના વિદ્યાર્થીઓના માતા-પિતાઓ માટે પેરેન્ટ ઓરિએન્ટેશન કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ શનિવાર તા.૨૫ એપ્રિલ ૨૦૨૬ના રોજ ડો.સુનિતા સિંહના માર્ગદર્શન હેઠળ, પ્રિન્સિપાલ ડો.રાજેશ્વરી પરમાર અને કાઉન્સેલર ભારતીબા જાડેજાની હાજરીમાં યોજાયો હતો. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં માતા-પિતાઓ ઉપસ્થિત રહ્યા હતા. જેના કારણે કાર્યક્રમ ભવ્ય સફળતા પ્રાપ્ત કરી શક્યો હતો. વિદ્યાર્થીઓ, શિક્ષકો અને માતા-પિતાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ સત્રનો મુખ્ય હેતુ નવા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે શાળાની દૃષ્ટિ, શૈક્ષણિક અભ્યાસક્રમ, નિયમો અને સહ-પાઠ્ય પ્રવૃત્તિઓ અંગે માતા-પિતાને માહિતગાર કરવાનો હતો. શિક્ષકોએ વર્ગખંડોમાં સીબીએસઈ અભ્યાસક્રમ, મૂલ્યાંકન પદ્ધતિ અને હોમવર્ક નીતિ વિશે વિગતવાર રજૂઆત કરી હતી. શિસ્ત, હાજરી અને માતા-પિતા અને શિક્ષકો વચ્ચે સંચાર પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે શાળા અને માતા-પિતાની સંયુક્ત જવાબદારી અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. ડો.સુનિતા સિંહે માતા-પિતાને બાળકોને અભ્યાસ તરફ પ્રોત્સાહિત કરવા અને તેમની ક્ષમતાઓ ઓળખીને વિકસાવવા માટે મહત્ત્વપૂર્ણ સૂચનો આપ્યા હતા. પ્રિન્સિપાલ ડો.રાજેશ્વરી પરમારે શિક્ષણના મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો, જ્યારે કાઉન્સેલર ભારતીબા જાડેજાએ માનસિક વિકાસ અને સકારાત્મક વાતાવરણ જાળવવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. આગેવાનો દ્વારા વિદ્યાર્થીઓને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રેરણાદાયી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અને સફળતા તરફ આગળ વધવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનો અંત આભારવિધિ સાથે કરવામાં આવ્યો હતો. માતા-પિતાએ આ પહેલની પ્રશંસા કરી અને કાર્યક્રમને માહિતીપ્રદ અને ઉપયોગી ગણાવ્યો હતો. માતા-પિતાએ સક્રિય રીતે પ્રશ્નો પૂછ્યા અને તેમને સંતોષકારક જવાબો મળ્યા. આ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો અને શાળાના પ્રયાસોની સર્વત્ર પ્રશંસા કરવામાં આવી હતી.

સુરતમાં પતિએ પત્નીની હત્યા કરીને મૃતદેહ લાકડાંની પેટીમાં મુકી દીધો

(સંપૂર્ણ સમાચાર સેવા)
સુરત, તા.૨૭

સુરતમાં પતિએ પત્નીની ક્રુરતાપૂર્વક હત્યા કરી હતી. એટલું જ નહિ, પતિએ પત્નીની હત્યા કરી લાશ લાકડાની પેટીમાં સિમેન્ટ ભરી પેક કરી દીધી. આ બાદ છત્તીસગઢ રહેતા સસરાને જમાઈએ વોટ્સએપ પર ચિઠ્ઠી મોકલી હત્યાની કબૂલાત કરી હતી. માત્ર પોતે જ પત્નીની હત્યા માટે જવાબદાર હોવાનો પણ ઉલ્લેખ કર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, છત્તીસગઢ-બસ્તરનો જગદલપુરના અયપ્પા મંદિર નજીક બલીરામ કશ્યપ વોર્ડમાં રહેતા અને વૃધ્ધ દરજી પ્રદીપ ફકીરાભાઈ કોસ્ટાએ ગત ૨૧ એપ્રિલે ગોડાદરાના રાજ હેરીટેજ એપાર્ટમેન્ટમાં રહેતી પુત્રી શિલ્પાનો ફોન બંધ હોવાથી જમાઈ વિશાલ રણછોડ સાલવીને ફોન કર્યો હતો. વિશાલે ૨૦ એપ્રિલે શિલ્પાને સહારા દરવાજા ખાતે ઉતાર્યા બાદ પરત ઘરે આવી નથી તેવો જવાબ સસરાને આપ્યો હતો. આ બાદ ૨૪ એપ્રિલના રોજ પ્રદીપભાઈ પરિજનો સાથે સુરત આવ્યા હતા અને દીકરીના ગુમ થયાની ગોડાદરા પોલીસમાં ફરિયાદ કરી હતી.

જો કે બીજા દિવસે સુરતમાં જ રહેતા પ્રદીપભાઈના સાળાના દીકરા પ્રીતેશ સાલવીના વોટ્સએપ ઉપર શિલ્પાના મોટા પુત્ર આરવે એક ચિઠ્ઠી મોકલાવી હતી. જેમાં લખ્યું હતું કે, લગ્ન બાદ મારુ લગ્ન જીવન સારું. લગ્નના ત્રણેક વર્ષ પછી મારી પત્નીમાં બદલાવ આવવા લાગ્યો અને અમારી વચ્ચે અણબનાવ થતા હતા. આટલા વર્ષો સુધી સહન કર્યું. પરંતુ રોજબરોજના ઝઘડાથી કંટાળીને ગુનો કરવા મજબૂર થઈ ગયો છું. મેં ૨૦ એપ્રિલે ગુનો કર્યો છે, તેના માટે માત્ર હું પોતે જવાબદાર છું, બીજા કોઈને જાણ પણ નથી. તેના સબૂત મારા સૌથી જૂના રહેઠાણ સહારા દરવાજા કાગજીની ચાલ પાછળ લાકડાવાળા બિલ્ડીંગની ગલીમાં મારૂ પતરાવાળું મકાન છે એમા પહેલા માળે તાળું મારેલું છે. એમાં મારી પત્ની શિલ્પા છે. લિ. વિશાલ.

જેથી તુરંત જ પરિજનો ગોડાદરા પોલીસને જાણ કરવાની સાથે ચિઠ્ઠીમાં જણાવેલા સરનામે પહોંચ્યો હતો. જ્યાં લાકડાની પેટીમાં સિમેન્ટ નાંખેલ હાલતમાં શિલ્પાની લાશ મળી આવી હતી. શિલ્પા અને વિશાલના લગ્ન નવેમ્બર ૨૦૧૦ માં થયા હતા અને ૧૬ વર્ષના લગ્ન જીવન દરમિયાન પુત્ર આરવ અને પુત્રી નિતારા છે. વિશાલે રોજબરોજના ઝઘડાથી કંટાળી ગુનો કર્યો એટલે કે શિલ્પાની હત્યા કરી છે.

આ વિશે ડીસીપી કાનન દેસાઈએ જણાવ્યું કે, શિલ્પાની લાશ લાકડાની પેટીમાં સિમેન્ટ નાંખેલી હાલતમાં મળી તો આવી છે પરંતુ હત્યા કઈ રીતે કરી તે અંગે હજી કોઈ સ્પષ્ટતા થઈ નથી અને ફોરેન્સિક પોસ્ટમોર્ટમનો રિપોર્ટ આવ્યા બાદ સ્પષ્ટ થશે.

ઉલ્લેખનીય છે એટલે કે લગ્ન બાદ પતિ બેરોજગાર હતો અને પત્ની પોતે કમાઈ રહી હતી આ દરમિયાન પતિ શિલ્પાના અનૈતિક સંબંધો હોવાની શંકા કરતો હતો.

પતિ વિશાલ. પોલીસે અલગ અલગ ટીમો બનાવીને આરોપી વિશાલની શોધખોળ હાથ ધરી હતી આ દરમિયાન પોલીસે વિશાલેને ગ્રામ્ય વિસ્તારમાંથી ઝડપી પાડી જેલ હવાલે કર્યો છે.

ખેડબ્રહ્મામાં કળિયુગી શ્રવણે માતા અને પુત્રને કુહાડીથી પતાવી દીધો

આ લોહિયાળ ખેલમાં સગી જનેતા, પુત્ર અને પોતે હુમલાખોર યુવક એમ કુલ ત્રણ લોકોના મોત નીપજ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)
સાબરકાંઠા,તા.૨૭

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના સંગ્રામપુરા ગામે એક એવી હૃદયદ્રાવક ઘટના બની છે, જેણે માનવતા અને લોહીના સંબંધો પર ગંભીર સવાલો ઉભા કર્યા છે. પત્નીના ચારિત્ર્ય પર શંકા રાખીને એક યુવકે પોતાના જ ઘરને સ્મશાનમાં ફેરવી દીધું છે. આ લોહિયાળ ખેલમાં સગી જનેતા, પુત્ર અને પોતે હુમલાખોર યુવક એમ કુલ ત્રણ લોકોના મોત નીપજ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, સંગ્રામપુરાના શ્રવણ ગમાર નામના યુવકને પોતાની પત્ની પર શંકા હતી. ગતરોજ આ બાબતે ઝઘડો ઉગ્ર બનતા શ્રવણે કુહાડી વડે પત્ની પર હુમલો કર્યો હતો. આ સમયે શ્રવણની માતા અને તેનો પુત્ર પત્નીને બચાવવા વચ્ચે પડતા, ઉશ્કેરાયેલા શ્રવણે પોતાની માતા અને સગા પુત્ર પર કુહાડીના ઝાટકા ઝીંકી દીધા હતા. જનેતા અને પુત્રનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, જ્યારે પત્ની હાલ અમદાવાદ સિવિલમાં મોત સામે જંગ લડી રહી છે.

માતા અને પુત્રની હત્યા કર્યા બાદ શ્રવણે પસ્તાવામાં પોતે પણ કુહાડીથી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. ચીસો સાંભળીને દોડી આવેલા શ્રવણના મોટાભાઈ ગોવિંદ અને તેની કાકીએ લોહીથી લથપથ માને જોઈ પિત્તો ગુમાવ્યો હતો. શ્રવણ પર વળતો હુમલો કરી લાકડાના ફટકા મારતા હુમલાખોર શ્રવણનું પણ મોત નીપજ્યું હતું. આમ, એક જ પરિવારના ત્રણ સભ્યોના મોતથી આખું ગામ હિબકે ચઢ્યું છે.

ઘટનાની જાણ થતા જ સાબરકાંઠા SOG, LCB, ડોગ સ્ક્વોડ અને FSLની ટીમો સંગ્રામપુરા પહોંચી હતી. પોલીસે શ્રવણના ભાઈ ગોવિંદની અટકાયત કરી છે અને તેની કાકીને રાઉન્ડઅપ કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. સામાન્ય શંકા અને ગૃહ કંકાસે એક હસતા-રમતા પરિવારને વેરવિખેર કરી નાખ્યો છે.

નામ બદલેલ છે

આથી હું જણાવું છું કે, મારૂં જૂનું નામ **ઉદવડિયા ધ્રુવિત વિલાશ** હતું જે બદલીને મારૂં નવું નામ **ઉદવાડિયા ધ્રુવિત વિલાશભાઈ** રાખેલ છે અને હવેથી હું નવા નામ તરીકે જ ઓળખાઈશ. જેની સૌએ નોંધ લેવી.

લિ. ઉદવાડિયા ધ્રુવિત વિલાશભાઈ

સરનામું : ૫૬૭, ઝરી મરી નગર, સોડ ફળિયા, કોલક રોડ, પારસી મંદિર, ઉદવાડાગામ, વલસાડ, પિન કોડ: ૩૯૬૧૮૦, ગુજરાત, ભારત.

CHANGE OF NAME

I have changed my old name from ISHA RAJENDRA SHINDE to New name **ISHA SHINDE** as per Documents

CHANGE OF NAME

I HAVE CHANGED MY NAME FROM JHA SWETAKUMARI SATISHKUMAR TO **SWETAKUMARI JHA** AS PER DOCUMENT
ADDRESS : B.N.BUILDING, ROOM NO.5, AMLI MANDIR FALIYA, SILVASSA396230

CHANGE OF NAME

I HAVE CHANGED MY NAME FROM KAMLESHKUMAR BHIKHUBHAI PATEL TO **KAMLESH PATEL** AS PER DOCUMENT
ADDRESS : PARISHRAM, PLOT NO.92,KILVANI ROAD,OPP.STATE BANK OF INDIA, SILVASSA-396230

CHANGE OF NAME

I HAVE CHANGE MY OLD NAME FROM UDVADIA DHRUVIT VILASH TO NEW NAME AS **UDWADIA DHRUVIT VILASHBHAI** & I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE.
SD- UDWADIA DHRUVIT VILASHBHAI
ADDRESS- 567, ZARI MARI NAGAR, SOD FALIYA, KOLAK ROAD, PARSI TEMPLE, UDWADAGAM,VALSAD, PINCODE: 396180, GUJARAT, INDIA

ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ, અંસારી નગર, નવી દિલ્હી-૧૧૦૦૨૯
ALL INDIA INSTITUTE OF MEDICAL SCIENCES, ANSARI NAGAR, NEW DELHI - 110029
પરીક્ષા વિભાગ
EXAMINATION SECTION
પ્રવેશ સૂચના નં. 55/2026 / Admission Notice No. 55/2026

એઈમ્સ, નવી દિલ્હી-ફેલોશિય કાર્યક્રમ-જુલાઈ ૨૦૨૬ સત્ર

ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ, નવી દિલ્હી **ફેલોશિપ કાર્યક્રમ, જુલાઈ, ૨૦૨૬** સત્રમાં પ્રવેશ માટે **ઓનલાઈન (સીબીટી) મોડ** દ્વારા **પ્રવેશ પરીક્ષા** માટે ઓનલાઈન અરજીઓ આમંત્રિત કરે છે. વિગતો નીચે મુજબ છે.

અરજીઓની ઓનલાઈન નોંધણી માટેની તારીખ	
નોંધણી ખુલશે	નોંધણી બંધ થશે
૧૭.૦૪.૨૦૨૬ (શુક્રવાર)	૦૧.૦૫.૨૦૨૬ (શુક્રવાર) (સાંજે ૫.૦૦ વાગ્યા સુધી)
પ્રવેશ પરીક્ષાની તારીખ	
૨૬.૦૫.૨૦૨૬ (મંગળવાર)	

મહત્વપૂર્ણ: *પ્રોસ્પેક્ટસ, વિગતવાર માહિતી વગેરે માટે કૃપા કરીને વેબસાઈટ www.aiimsexams.ac.in ની મુલાકાત લો. તમામ અરજદારોએ નિયમિતપણે વેબસાઈટની મુલાકાત લેવી જરૂરી છે કારણ કે પછીના તમામ શુદ્ધિપત્ર/પરિશિષ્ટ/અપડેટ્સ માત્ર વેબસાઈટ પર અપલોડ કરવામાં આવશે.*

AIIMS Exams — ALL INDIA INSTITUTE OF MEDICAL SCIENCES New Delhi

શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્

સહી/-
CBC 17112/11/0008/2627 — **આસિસ્ટન્ટ કંટ્રોલર (પરીક્ષા)**

CHANGE OF NAME

I HAVE CHANGE MY OLD NAME FROM UDVADIA DHRUVIT VILASH TO NEW NAME AS **UDWADIA DHRUVIT VILASHBHAI** & I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE.
SD- UDWADIA DHRUVIT VILASHBHAI
ADDRESS- 567, ZARI MARI NAGAR, SOD FALIYA, KOLAK ROAD, PARSI TEMPLE, UDWADAGAM,VALSAD, PINCODE: 396180, GUJARAT, INDIA

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવનું યુટી એડમિનિસ્ટ્રેશન

દમણ નગરપાલિકા, દમણ
ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના

[i] મોટી દમણ શહેરી વિસ્તારમાં સિક્વન્શિયલ બેચ રિએક્ટર ટેકનોલોજી પર આધારિત 4.21 MLD ક્ષમતાના સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું સંચાલન અને વ્યાપક જાળવણી.

ટેન્ડર નં.	: 04/2026-27/DMC
ટેન્ડર આઈડી નં.	2026_DAMAN_4701_1
ડાઉનલોડની છેલ્લી તારીખ	: 04/05/2026
હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ	: 07/05/2026
બિડ ખોલવાની તારીખ	: 07/05/2026

For details please scan https://ddtenders.gov.in

મુખ્ય અધિકારી, દમણ નગરપાલિકા, દમણ.

No. IP/DMN/2/5/2026-27/54, Dated: 27/04/2026

જોઈન્ટ ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન
(ગોવા રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે)
ત્રીજો અને ચોથો માળ, પ્લોટ નં. ૫૫-૫૬, ઉદ્યોગ વિહાર, ફેઝ-IV, સેક્ટર-18, ગુરૂગ્રામ, હરિયાણા-122015
ફોન નં. 0124-4684705 ઈ-મેઈલ: secy.jercuts@gov.in, વેબસાઈટ: www.jercuts.gov.in

જાહેર સૂચના

વીજળી અધિનિયમ, ૨૦૦૩ની કલમ ૧૮૧ની પેટા-કલમ (૧) અને (૨) (ડી) હેઠળ આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને, અને આ વતી તેને સક્ષમ કરતી અન્ય તમામ સત્તાઓનો ઉપયોગ કરીને, જોઈન્ટ ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (ગોવા રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે) આ દ્વારા જોઈન્ટ ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રિબ્યુશન કોર્પોરેશન લિમિટેડને લાગુ વિતરણ લાઈસન્સની ચોક્કસ શરતો) નિયમનો, ૨૦૨૬નો ડ્રાફ્ટ બનાવે છે.

તે મુજબ, જોઈન્ટ ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રિબ્યુશન કોર્પોરેશન લિમિટેડને લાગુ વિતરણ લાઈસન્સની ચોક્કસ શરતો) નિયમનો, ૨૦૨૬નો ડ્રાફ્ટ કમિશનની વેબસાઈટ એટલે કે, www.jercuts.gov.in પર ઉપલબ્ધ છે.

ઉપરોક્ત ડ્રાફ્ટ નિયમો પર ટિપ્પણીઓ/સૂચનો કમિશનને પોસ્ટ દ્વારા અથવા ઈમેલ દ્વારા, સચિવ, જોઈન્ટ ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (ગોવા રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે), ત્રીજો અને ચોથો માળ, પ્લોટ નં. ૫૫-૫૬, ઉદ્યોગ વિહાર, ફેઝ-IV, સેક્ટર-૧૮, ગુરૂગ્રામ, હરિયાણા ૧૨૨૦૧૫ (ઈમેલ: secy.jercuts@gov.in) ને ૨૦.૦૫.૨૦૨૬ સુધીમાં મોકલી શકાય છે.

સહી/-
CBC 34124/11/0002/2627 — **રાજેશ ડાંગ, સચિવ (I/C)**

સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ પ્રશાસન

જાહેર બાંધકામ વિભાગ – દીવ

ટેન્ડર આમંત્રિત કરવાની સુચના

જૂની સરકારી હોસ્પિટલને હેરિટેજ સ્ટ્રક્ચરમા પુનઃસ્થાપિત, પુનઃવિકાસ, આયોજન અને ડિઝાઇન કરવાના કાર્ય માટે વ્યાપક સ્થાપત્ય અને માળખાકીય સલાહકાર સેવાઓ પૂરી પાડવા માટે આર્કિટેક્ટ/કન્સલ્ટન્ટની પસંદગી - દીવ (ચોથો કોલ).

ટેન્ડર સુચના નં. તથા ઓળખ ન.	: 06/2026-2027 (2026_DIUDT_4702_1)
પ્રી-બીડ મીટીંગ ની તારીખ	01/05/2026
ડાઉનલોડ ની છેલ્લી તારીખ	: 12/05/2026
ઓનલાઇન સબમીટ છેલ્લી તારીખ	: 12/05/2026
બીડ ખોલવાની તારીખ	: 12/05/2026

For details please scan https://ddtenders.gov.in eepwd-diu-dd@nic.in 02875-252294

કાર્યપાલક અભિયંતા, લોક નિર્માણ વિભાગ, નિર્માણ વિભાગ-૨, દીવ.

No. IP/DMN/2/5/2026-27/55, Dated: 27/04/2026

સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ પ્રશાસન

જાહેર બાંધકામ વિભાગ – દીવ

ટેન્ડર આમંત્રિત કરવાની સુચના

સરકારી સર્કિટ હાઉસ, ઘોઘલા, દીવના તોડી પાડવા માટે રાઈટ ઓફ કરવા અંગે (2nd Call).

ટેન્ડર સુચના નં. તથા ઓળખ નં.	: 07/2026-2027 (2026_DIUDT_4703_1)
પ્રી-બીડ મીટીંગ ની તારીખ	--
ડાઉનલોડ ની છેલ્લી તારીખ	: 01/05/2026
ઓનલાઇન સબમીટ છેલ્લી તારીખ	: 01/05/2026
બીડ ખોલવાની તારીખ	: 01/05/2026

For details please scan https://ddtenders.gov.in eepwd-diu-dd@nic.in 02875-252294

કાર્યપાલક અભિયંતા, લોક નિર્માણ વિભાગ, નિર્માણ વિભાગ-૨, દીવ.

No. IP/DMN/2/5/2026-27/56, Dated: 27/04/2026

વર્તમાન પ્રવાહ — વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

વલસાડ જિલ્લામાં આજે ૮ સ્થળે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની મતગણતરી: ૧૪૨૭ જવાનોનો ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૨૭

વલસાડ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં તા.૨૬ એપ્રિલે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન થયા બાદ આજે તા.૨૮ એપ્રિલના રોજ જિલ્લા ચૂંટણી અધિકારી-વ-જિલ્લા કલેક્ટર ભવ્ય વર્માના નેતૃત્વ અને જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ ૧૪૨૭ જેટલા ઉચ્ચ પોલીસ અધિકારીઓ, પોલીસ સ્ટાફ, હોમગાર્ડ અને એસઆરપી જવાનોના ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે જિલ્લામાં નક્કી કરાયેલા ૮ સ્થળોએ મતગણતરી હાથ ધરાશે.

મતગણતરીમાં પોલીસ બંદોબસ્ત

પોલીસ સ્ટાફ	સંખ્યા
એએસપી/ડીવાયએસપી	૦૫
પીઆઈ	૨૩
પીએસઆઈ	૩૯
પોલીસ	૫૦૦
ટ્રેઈની (લોકરક્ષક)	૨૧૦
હોમગાર્ડ	૫૫૦
એસઆરપી	૧૦૦
કુલ	**૧૪૨૭**

વલસાડ જિલ્લા પંચાયત, છ તાલુકા પંચાયત, એક વાપી મહાનગરપાલિકા અને ઉમરગામ પાલિકાની ચૂંટણી માટે રવિવારે મતદાન થયા બાદ હવે આજે મંગળવારે હાથ ધરાનાર મતગણતરી પ્રક્રિયા હેઠળ ચૂંટણી જંગમાં ઉતરેલા અનેક ઉમેદવારોના ભાવિનો ફેસલો થશે. (૧) કપરાડા તાલુકામાં ગર્વમેન્ટ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, કપરાડા, ઈન્ડીજિનસ ગેલેરી, રૂમ નં.૨૪, બીજો માળ, (૨) ઉમરગામ તાલુકામાં અગ્રતા હાઈસ્કૂલ, ઉમરગામ, ગ્રાઉન્ડ ફલોર, અને એમ.એમ.હાઈસ્કૂલ, સરસ્વતી હોલ, જુનુ મકાન, પ્રથમ માળ, ઉમરગામ, (૩) ધરમપુરમાં આદર્શ નિવાસી શાળા, બામટી, ધરમપુર, ગ્રાઉન્ડ ફલોર હોલ, (૪) નાનાપોંઢામાં એન.આર. રાઉત સાર્વજનિક શાળા, ગ્રાઉન્ડ ફલોર, નાનાપોંઢા, (૫) વલસાડ (ગ્રામ્ય)માં (૧) તાલુકા પંચાયત મંડળ માટે રૂમ નં.એચ-૨૧૬, એચ-૨૧૯, પહેલો માળ, સરકારી એન્જિનીયરિંગ કોલેજ, વલસાડ અને (૨) જિલ્લા પંચાયત મતદાર મંડળ માટે રૂમ નં.એચ-૩૧૪, એચ-૩૧૭, બીજો માળ, સરકારી એન્જિનીયરિંગ કોલેજ, વલસાડ, (૬) પારડીમાં (જિલ્લા પંચાયત ચૂંટણી અધિકારી) રતનશા જહાંગીરશા દમણવાલા, સ્વ. નિ.ગુ.મા.શાળા, પારડી હોલ, ગ્રાઉન્ડ ફલોર, (તાલુકા પંચાયત ચૂંટણી અધિકારી-ટીડીઓ) ડી.સી.ઓ. સાર્વજનિક હાઈસ્કૂલ, રૂમ નં.૧, ભોંય તળિયે, પારડી, અને તાલુકા પંચાયત ચૂંટણી અધિકારી-મામલતદાર) ડી.સી.ઓ. સાર્વજનિક હાઈસ્કૂલ, રૂમ નં.૨, પારડી, (૭) વાપી મહાનગરપાલિકાની મત ગણતરી પુરૂષ અધ્યાપન મંદિર, બલીઠા, દક્ષિણ પાંખ મતગણતરી હોલ રૂમ નં.૧,૨,૩ અને (૮) ઉમરગામ નગરપાલિકાની ચૂંટણીની મત ગણતરી કુમાર શાળા, પ્રથમ માળ, પ્રાર્થના હોલ, ઉમરગામ ખાતે યોજાશે. આ તમામ ૮ સ્થળો પર ૧૪૨૭ પોલીસ અધિકારી અને જવાનોનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.

વલસાડ જિલ્લાના મતદારો ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરશે: ચાર વાગ્યા સુધીમાં પરિણામો આવશે

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૭

વલસાડ જિલ્લામાં રવિવારે સ્થાનિક સ્વરાજ્ય સાથે એક પાલિકા અને એક મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણીનું મતદાન શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ ગયું હતું. ત્યારે ચૂંટણી અધિકારીઓ અને સ્ટાફ દ્વારા પોલીસ સિક્યોરીટી સાથે ઈવીએમ મશીનોની પેટીઓ જે તે મત ગણતરી કેન્દ્રોમાં ઉભા કરાયેલ પ્રિ લીયર સિક્યોરીટી હેઠળ રાખવામાં આવી હતી. આવતી કાલે મંગળવારે રાબેતા મુજબ મતગણતરી હાથ ધરવામાં આવશે. સાંજના ૪ વાગ્યા સુધીમાં પરિણામો જાહેર થઈ જશે.

વલસાડ જિલ્લામાં જિલ્લા પંચાયત, ૬ તાલુકા પંચાયત,

વિજેતા ઉમેદવારોની શોભાયાત્રાઓ નિકળશે તેમજ હારેલા ઉમેદવારો ગણિત માંડશે

ઉમરગામ પાલિકા અને વાપી મહાનગરપાલિકાની ચૂંટણીનું મતદાન યોજાયું હતું. ગરમી, લગ્ન સિઝન, વેકેશન છતાં પણ મતદારોએ ઉત્સાહભેર મતદાન કરીને લોકશાહી પર્વની ઉજવણી કરી હતી. આવતીકાલે મંગળવારે મતગણતરી કેન્દ્રો ઉપર એકસાથે મતગણતરી હાથ ધરવામાં આવશે. પ્રથમ વાપી મહાનગરપાલિકાની ગણતરી હાથ ધરાશે તેથી ૧૦ વાગ્યા સુધી પરિણામ આવી જશે. ત્યારબાદ ક્રમશ: મતગણતરી થશે. બે થી ત્રણ વાગ્યા સુધીમાં મોટાભાગનું પરિણામ ચિત્ર ક્લિયર થઈ જશે. મતદારોનો ચૂકાદો આવી જશે એટલે વિજેતા ઉમેદવારો એમની શોભાયાત્રામાં નિકળશે તો ઉમેદવારો ગણિત માંડશે કેમ કેવી રીતે હાર્યા. હાલ તો ભાજપ અને કોંગ્રેસ ઉમેદવારો જીતના દાવા કરી રહ્યા છે. મંગળવારે ૫:૦૦ વાગ્યે દાવા કોના કેટલા સાચા ખબર પડી જશે. જો જરૂર જણાયે કોઈપણ બુથમાં વિવાદ ઉભો થશે તો ફરીવાર મતગણતરી હાથ ધરાશે.

વાપીની ક્રિએટીવ ટેક્સટાઈલ કંપનીમાં લાગેલી આગમાં જીપીસીબીનું પ્રાથમિક તારણ: શોર્ટ સર્કિટથી આગ લાગી

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૭

વાપી જી.આઈ.ડી.સી. સેકન્ડ ફેઈઝ સ્થિત ક્રિએટીવ ટેક્ષટાઈલ નામની કંપનીમાં બે દિવસ પહેલા ભીષણ આગ લાગી હતી. જે આગ બનાવની જીપીસીબી દ્વારા હાથ ધરાયેલ તપાસ અહેવાલમાં પ્રાથમિક રિપોર્ટ બહાર આવ્યો છે. જીપીસીબીએ શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાનું દર્શાવેલ છે. જોકે હજુ તપાસ ચાલુ છે.

વાપી જી.આઈ.ડી.સી.ની કંપનીમાં અવારનવાર આગના બનાવોની તપાસમાં હજુ સુધી કોઈ સુરક્ષા ચૂકના કારણે આગ

સલામતિ ચૂકનું કોઈ તારણ ના કેમ આવ્યું? વસાહતમાં આગના બનાવોમાં શોર્ટ સર્કિટ શોર્ટ કટનું તો નથીને?

લાગી હોય તેવા તપાસ અહેવાલ આવેલા જોવા મળતા નથી. મોટાભાગની તપાસમાં શોર્ટ સર્કિટ કારણ દર્શાવાઈને ભીનું સંકેલાતુ જોવા મળી રહ્યું છે. ક્રિએટીવ કંપનીની આગમાં કંપનીને લાખો રૂપિયાનું નુકસાન થયું છે. સદ્નસીબે કોઈ જાનહાની થઈ નહોતી. કંપનીઓ સલામતિ અંગેના માપદંડ કે નિયમો પાલન થાય છે કે કેમ તેવો સવાલ ઉભો થાય છે એવું પણ સંભવી શકે છે. વિમો પકવવા માટે કંપનીઓમાં આગ તો નથી લાગતી ને? કારણ કે મોટાભાગની તપાસમાં શોર્ટ સર્કિટ તપાસ અહેવાલો આવતા રહે છે?

વલસાડ ગુંદલાવ જીઆઈડીસીની ડેમોશા કંપનીમાં ફરી વિવાદ ચરમસીમા પર : કામદારો અને ૧૪ ગામના સરપંચો મેદાનમાં

અગાઉ થયેલા સમાધાન બાદ પણ કંપની કામદારોને ફરજ ઉપર નહી લેતા મામલો ફરી ઉગ્ર બન્યો, પોલીસ કાફલો ધસી આવ્યો

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૭

છેલ્લા એક મહિનાથી વલસાડ ગુંદલાવ જીઆઈડીસી સ્થિત ડેમોશા કંપનીમાં મેનેજમેન્ટ અને ૫૦૦ ઉપરાંત કામદારો વચ્ચે વિવાદ શમતો નથી. ગયા સપ્તાહે કામદારો અને મેનેજમેન્ટ વચ્ચે ૧૪ ગામના સરપંચોની દરમિયાનગીરીથી સમાધાન કરવામાં આવ્યું હતું. પરંતુ સમાધાન બાદ પણ કંપનીએ પાલન કરવામાં નિષ્ફળ રહી હતી. કામદારોને ફરજ ઉપર નહી રાખવામાં આવતા આજે સોમવારે ફરી વિવાદ ચરમસિમાએ પહોંચ્યો હતો.

કંપની આગળ ૫૦૦ ઉપરાંત કામદારો અને ૧૪ ગામના સરપંચોના ટોળાએ કંપની સામે આજે ફરી મોરચો માંડી દીધો હતો. મામલો વધુ વણશતા પોલીસ કાફલો ઉચ્ચ અધિકારીઓ સાથે ધસી આવ્યો હતો. કામદારો અને સરપંચોની માંગણી હતી કે તમામ કામદારોને સમાધાન મુજબ ફરજ ઉપર કંપની રાખી લે પણ કંપની ઝુકવા કેમ તૈયાર નથી તે સમજાતું નહોતું. છેલ્લા પોલીસ અધિકારીઓ, સરપંચો અને કામદારો કંપની સાથે ફરી મિટીંગોનો દોર શરૂ કર્યો હતો. હવે જોવુ એ રહેશે કે ફરી વાતચિત અને સમાધાનમાં શું નિવેડો આવે છે. સ્થાનિક કામદારોની સમસ્યા હોવાથી ૧૪ ગામના સરપંચ અડીખમ રીતે કામદારોની સાથે રહેલા જોવા મળ્યા હતા.

ઉદવાડા રેલવે સ્ટેશન બહાર આખલાઓનો આતંક: બાખડતા બાખડતા અનેક વાહનોનો ખુડદો બોલાવ્યો

લારીઓ અડફેટે લીધી, જાહેરમાં ભયનો માહોલ છવાયો

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૭

વલસાડ જિલ્લાના ઉદવાડા રેલવે સ્ટેશન બહાર આજે સવારે ૧૦ વાગ્યાના સુમારે આખલાઓ વચ્ચે મલ્લયુધ્ધ સર્જાયુ હતું. લડતા લડતા અનેક નાના વાહનોનો ખુડદો બોલાવતા બજારમાં આતંકનો માહોલ છવાઈ ગયો હતો. આખલાઓનો આતંક કલાક સુધી ચાલ્યો હતો.

ઉદવાડા રેલવે સ્ટેશન બહાર આજે આખલાઓએ આખુ બજાર માથે લીદુ હતું. ત્રણથી ચાર આખલાઓ વચ્ચે મલ્લયુધ્ધ શરૂ થયું હતું. એકબીજાને સીંગડા મારતા મારતા લડાઈમાં ટુ-વ્હિલર વાહનોનો ખુડદો બોલાવી લીધો હતો. લોકો ગભરાઈ ગયા હતા. બાદમાં કેટલાક લોકોએ હિંમત કરી લાકડીઓ, પાઈપો લઈને આખલાઓને હાંકી કાઢ્યા હતા ત્યારે લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. આખલા અનેકવાર અનેક ગામોમાં આતંક ઉભો કરતા હોય છે. મૂળ મુદ્દો છે રખડતા ઢોરનો. જે જાહેર શાંતિ કે ટ્રાફિક માટે વારંવાર સમસ્યારૂપ બનતા રહ્યા છે તેવો વધુ એક બનાવ આજે ઉદવાડા સ્ટેશન વિસ્તચારમાં બન્યો હતો.

આજે ચીખલી નવી પ્રાથમિક શાળામાં તાલુકા-જિલ્લા પંચાયત ચૂંટણીની મતગણતરી: ઉમેદવારોના ભાવિ નક્કી થશે

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
ચીખલી(વંકાલ), તા.૨૭

વહેલી સવારથી તાલુકા પંચાયતની ૨૩ અને જિલ્લા પંચાયતની ૫-બેઠકો માટે બે અલગ-અલગ હોલમાં સાત સાત ટેબલો પર મતગણતરી થશે. તાલુકા પંચાયતમાં ૭૩.૪૭ અને જિલ્લા પંચાયતમાં ૭૩.૯૨ ટકા સરેરાશ મતદાન થયું છે. તાલુકા-જિલ્લા પંચાયતમાં સૌથી વધુ મીણકચ્છ ગામના બુથ પર ૮૯.૫૨ ટકા જ્યારે સૌથી ઓછું ખૂંધના બે નંબરના બુથ પર ૫૫.૯૮ ટકા મતદાન નોંધાયું હતું.

તાલુકા-જિલ્લા પંચાયતની ચૂંટણીની મંગળવારના રોજ વહેલી સવારથી નવી પ્રાથમિક શાળામાં મતગણતરી શરૂ થશે ત્યારે તાલુકા પંચાયતની ૨૩-બેઠકો પર ૫૩ અને જિલ્લા પંચાયતની ૫-બેઠકો પર ૧૨ જેટલા ભાજપ, કોંગ્રેસ, આપના ઉમેદવારોના ભાવિના ફેંસલો થશે. નવી પ્રાથમિક શાળામાં અલગ-અલગ સ્ટ્રોંગ રૂમોમાં ઈવીએમ મુકવામાં આવ્યા છે અને પોલીસ બંદોબસ્ત ઉપરાંત સીસીટીવી કેમેરાથી નિગરાણી રાખવામાં આવી રહી છે. અહીં બે અલગ અલગ હોલમાં સાત સાત ટેબલો પર એક સાથે બે બેઠકોની મતગણતરી કરવામાં આવશે. મતગણતરીને લઈને ભાજપ-કોંગ્રેસ સહિતની પાર્ટીના ઉમેદવારો અને તેમના સમર્થકોમાં ભારે ઉત્સકુતા જોવા મળી રહી છે.

તાલુકા પંચાયતમાં પાંચ અને જિલ્લા પંચાયતની ત્રણ બેઠકો ભાજપની બિનહરીફ થઈ ચૂકી છે. ત્યારે તાલુકા પંચાયતમાં ભાજપ સત્તા જાળવી રાખવામાં કે પછી કોંગ્રેસ ભાજપ પાસેથી સત્તા આંચકી લેવામાં સફળ રહેશે તેનો ફેંસલો પણ થઈ જશે.

તાલુકામાં તાલુકા પંચાયતની ઘેજ બેઠક પર ૭૧.૨૩ ટકા, બામણવેલ ૭૫.૯૮, ખૂંધ ૬૭.૯૧, સાદડવેલ ૭૨.૪૯, કાંગવઈ ૭૬.૮૩, કુકેરી ૬૭.૯૨, રાનકુવા ૭૭.૬૧, રાનવેરી કલ્લા ૬૯.૮૫, ઢોલુમ્બર ૭૫.૬૧, સારવણી ૭૦.૭૮, ગોડથલ ૭૨.૪૯, રૂમલા ૭૫.૬૨, સિયાદા ૭૧.૩૩, આમધરા ૭૭.૧૩, સાદકપોર ૭૫.૮૧, આલીપોર ૬૯.૭૦, વંકાલ ૬૮.૨૨, ચાસા ૮૦.૦૧, દેગામ ૭૭.૯૪, નોગામાં ૭૭.૪૪ જ્યારે વાંઝણા બેઠક પર ૭૮.૯૧ ટકા જેટલું મતદાન થયું હતું.

જિલ્લા પંચાયતની ખૂંધ બેઠક પર ૭૨.૪૬, કુકેરી ૭૨.૭૪, માંડવખડક ૭૧.૯૫, સાદકપોર ૭૩.૬૮ જ્યારે વાંઝણા બેઠક પર

૭૮.૫૩ ટકા જેટલું મતદાન નોંધાયું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ચીખલીમાં ઈટાલિયા હાઈસ્કૂલના મેદાનમાં રાત્રે બે વાગ્યા સુધી રિસીવિંગની કામગીરી ચાલી હતી અને રાત્રે દસેક વાગ્યે તો ઈવીએમ અને અલગ-અલગ કવરો સ્વીકારવાના ટેબલો પર ભારે ભીડ સર્જાતા એક સમયે અવયવસ્થા સર્જાઈ હતી. જોકે મોટે ભાગે દરેક ચૂંટણીમાં જ જમવા સહિતની બાબતે અવ્યવસ્થા સર્જાતી જ હોય છે. પરંતુ તંત્ર શીખ લેતુ નથી. જોકે તાલુકામાં અનુભવી અને કાર્યક્ષમ વહીવટી કુશળતાવાળા અધિકારીનો અભાવ પણ જોવા મળી રહ્યો છે.

વાપી આર. કે. દેસાઈ કોલેજ ઓફ કોમર્સ ટીવાયબીબીએ સેમેસ્ટર-૬નું પરિણામ જાહેર





(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૭

આર.કે. દેસાઈ કોલેજ ઓફ કોમર્સ અને મેનેજમેન્ટ, વાપી અંતર્ગત ટી.વાય.બી.બી.એ. સેમેસ્ટર ૬ ના વિદ્યાર્થીઓ ૨૦૨૫-૨૬માં વીએનએસજીયુ દ્વારા લેવાયલ પરીક્ષામાં જાહેર થયેલ પરિણામમાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરી કોલેજના ટી.વાય.બી.બી.એ કોર્સમાં ટોપર બની કોલેજનું ગૌરવ વધાર્યું છે. પ્રથમ ક્રમે આવનાર વર્મા અજય (૮.૧૮ એસજીપીએ), દ્વિતીય ક્રમે ભાનુશાલી પ્રાચી (૮.૦૦ એસજીપીએ) અને ત્રીજા ક્રમે નંદાણિયા જીત (૭.૮૨ એસજીપીએ) છે. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સફળતામાં બીબીએ વિભાગના પ્રોફેસર્સનું મહત્ત્વનું યોગદાન રહ્યું છે તથા બી.બી.એ. વિભાગના હેડ ડો.પ્રિન્સી ઠાકુર તથા કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડો.શીતલ ગાંધીની પણ મહત્ત્વની ભૂમિકા રહી છે. આ જ્વલંત સિદ્ધિ મેળવવા બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ તેમજ સંસ્થાના ઈન્ચાર્જ ડાયરેક્ટર ડો.મિત્તલ શાહ તેમજ સર્વ પ્રાધ્યાપકોએ પણ આનંદ વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યા હતાં.

વાપી આર.કે.દેસાઈ કોલેજની વિદ્યાર્થીની દૃષ્ટિ માહ્યાવંશીએ ગોલ્ડ મેડલ મેળવ્યો

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)

વાપી, તા.૨૬: વાપી આર.કે.દેસાઈ કોલેજ ઓફ સાયન્સ અંતર્ગત ટી.વાય.બી.એસ.સી સેમેસ્ટર -૬માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની 'માહ્યાવંશી દૃષ્ટિ'એ માર્ચ ૨૦૨૫-૨૬માં લેવાયેલ યુનિવર્સિટી પરીક્ષામાં 'ન્યૂમેરીકલ મેથડર્સ' વિષયમાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરી યુનિવર્સિટી ખાતે ગોલ્ડ મેડલ મેળવી કૉલેજનું ગૌરવ વધાર્યું છે. આ વિષય પ્રા. શિવ દેસાઈ દ્વારા ભણવામાં આવ્યો હતો.

આ ગૌરવશાળી સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ સંસ્થાના ચેરમેન શ્રી મિલનભાઈ દેસાઇ, કેમ્પસ ડિરેક્ટર ડો.મિત્તલ શાહ, ઈનચાર્જ આચાર્ય પ્રા.સુરભી ચૌધરી તેમજ એચઓડી પ્રા.સુષ્મા ગવાઈ તથા કોલેજ પરિવારના સર્વે પ્રાધ્યાપકોએ આનંદ વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યાં હતાં.

સુરત વરાછામાં ધોળા દિવસે બંદૂકની અણીએ એસબીઆઈ બેંકમાં ૫૦ લાખની લૂંટ

લૂંટારૂઓએ ફિલ્મી ઢબે બંદૂક બતાવી કર્મચારીઓને ડરાવ્યા હતા અને ૫૦ લાખ રોકડા લૂંટની ફરાર

(સંપૂર્ણ સમાચાર સેવા)
સુરત, તા.૨૭

દક્ષિણ ગુજરાતના આર્થિક પાટનગર ગણાતા સુરત શહેરમાં આજે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઉભા કરતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. શહેરના અત્યંત ધમધમતા વરાછા વિસ્તારમાં આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ)ની શાખામાં ધોળા દિવસે ચાર હથિયારધારી શખ્સોએ અંદાજે રૂ. ૫૦ લાખની લૂંટ ચલાવી ફરાર થઈ જતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. મળતી વિગતો અનુસાર, આ ઘટના બપોરના સમયે બની હતી જ્યારે બેંકમાં ગ્રાહકોની અવરજવર નહિવત હતી. બેંકમાં માત્ર કર્મચારીઓ જ હાજર હતા, જેનો ફાયદો ઉઠાવીને ચાર અજાણ્યા શખ્સો બેંકમાં ધસી આવ્યા હતા. લૂંટારુઓએ ફિલ્મી ઢબે બંદૂક બતાવી કર્મચારીઓને ડરાવ્યા હતા અને માત્ર ગણતરીની મિનિટોમાં જ આશરે ૫૦ લાખ રૂપિયાની રોકડ લૂંટીને નાસી છૂટ્યા હતા. સદનસીબે, આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

ઘટનાની જાણ થતા જ સુરત પોલીસના ઉચ્ચ અધિકારીઓ સહિતનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. સમગ્ર શહેર અને બહાર નીકળવાના રસ્તાઓ પર નાકાબંધી કરી દેવામાં આવી છે. પોલીસે લૂંટારુઓને પકડવા માટે અલગ-અલગ ૭ ટીમો બનાવી છે. જેમાં ક્રાઈમ બ્રાન્ચ અને લોકલ પોલીસનો સમાવેશ થાય છે. પોલીસે બેંકના અને આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજ કબજે કર્યા છે. ફૂટેજમાં લૂંટારુઓની હિલચાલ કેદ થઈ છે, જેના આધારે તેમની ઓળખ મેળવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. ધોળા દિવસે થયેલી આ લૂંટની ઘટનાએ બેંકિંગ ક્ષેત્ર અને સ્થાનિક વેપારીઓમાં ભયનો માહોલ પેદા કર્યો છે. પોલીસનો દાવો છે કે ટૂંક સમયમાં જ આરોપીઓને ઝડપી લેવામાં આવશે.